# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 22 Date : 01-08-2025


## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૧૬) |
| પ્રણવ સવાઈ | ૦૪ | આઈનસ્ટાઈન |
| મકરન્દ દવે | ૦૫ | ચંદ્રક નહીં, પણ સૂર્યક |
| મનસુખ સલ્લા | ૦૬ | ધર્મના ઉદાર સ્વરૂપને સ્વીકારીએ |
| મનુભાઈ પંચોળી | ૦૭ | પ્રચલિત ધર્મના ચામડામાં પુરાયેલાઓને અમૃતની પ્રાપ્તિ નથી થતી |
| કપિલ શાહ | ૦૮ | ભારતના કૃષિ વિકાસના યુગપ્રહરી સ્વામીનાથનને શતાબ્દી અંજલિ |
| હરેશ ધોળકિયા | ૧૦ | યહી કિસ્સા પુરાના હૈ ! |
| લિખિતંગ | ૧૧ | વાચકોના પત્રોમાંથી |
| શ્યામજીભાઈ દેસાઈ | ૧૨ | માનવસેવાનું વટવૃક્ષ: કુલીનકાંત લુઠિયા-૨ |
| રમણ સોની | ૧૬ | પુસ્તક પરિચય-કાલ્પનિક સંવાદો રૂપે નક્કર સામાજીક - રાજકીય મીમાંસા |
| ભદ્રા- વિક્રમ સવાઈ | ૧૭ | પુસ્તક પરિચય-સત્યભામા |
| રશાંસ | ૧૮ | વાંચનથાળ |
| મધુરેશકુમાર | ૧૯ | એન.એ.પી.એમ.નાં ૩૦ વર્ષ : લોકશાહી (લોકશક્તિ) અને જન રાજનીતિની યાત્રા-૩ |
| અશ્વિન કારીઆ | ૨૧ | મુંબઈમાં પરા ટ્રેનની મુસાફરી એટલે મોતની મુસાફરી |
| રશાંસ | ૨૨ | વાંચનથાળ-કેળવણીની કેડીએ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | દર્પણમાંનો ચહેરો |

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.22 1938 Date : 01-08-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૧૬)

❍ વિનોબા ❍

(ગતાંકનું ચાલુ....)

## ચિત્તની સમતા (સમત્વ)

ગીતા કહે છે, समत्वं योग उच्यते । યોગ અર્થાત્ સમત્વ. સમત્વ એટલે શું ? માન-અપમાન ને સમાન માનવાં, શીત-ઉષ્ણને સમાન સમજવાં, સફળતા-નિષ્ફળતાને સમાન સમજવી. આ બધું સામાન્ય છે. મુખ્ય તો ચિત્તનું સંતુલન જાળવી રાખવું એ ઘણી મોટી સાધના છે. આપણા પર માન-અપમાન, નિંદા-સ્તુતિ વગેરે પરસ્પર વિરોધી દ્વંદ્વ આક્રમણ કરતાં જ રહે છે. કોઈ સમ્માને, સ્તુતિ કરે તો આપણને તે મીઠું લાગે છે. આ પણ એક પ્રકારનો હુમલો છે. કોઈએ અપમાન કર્યું, નિંદા કરી તો આપણે દુઃખી થઈએ છીએ. તો એ પણ એક પ્રકારે હુમલો થયો જ મનાય. પરંતુ આપણે તો આવા સુખ દુઃખના બનતા બધા પ્રસંગોમાં આપણા ચિત્તને એકસમાન રાખવું જોઈએ. આના વગર કામ થશે નહીં, અને માત્ર આટલું કરવાથી જ યોગ સધાશે નહીં.

યોગ તો નિષ્કામ કર્મ, ભક્તિ અને જ્ઞાન – આ ત્રણેય સમાનતાથી જોડાવા પર જ બનશે. જો કર્મ નહીં હોય તો કેવળ ભક્તિ હવામાં જ રહી જશે અને જ્ઞાન પણ વ્યર્થ, વીર્યહીન થઈ જશે. એ જ રીતે ભક્તિ જો ન રહી તો કર્મ એકદમ શુષ્ક થઈ જશે અને જ્ઞાન ઉન્મત્ત થઈ જશે. એટલા માટે ભક્તિથી આપણું સંસ્કરણ થાય છે. જ્ઞાન ન હોય તો કર્મમાં જડતા આવે અને ભક્તિ પણ અવળી દિશાએ જઈ શકે છે. પરંતુ આ ત્રણેયના સમત્વને અધ્યાત્મ-શાસ્ત્રમાં 'યોગ' નામ અપાયું છે. આમ, યોગ અર્થાત્ સમચિત્ત, મનનું સંતુલન, ચિત્તની અત્યંત સમતા.

મનને પ્રત્યેક અવસ્થામાં સમત્વયુક્ત રાખવું મુશ્કેલ છે. પરંતુ ભક્તિમાર્ગમાં જે કાંઈ સુખ દુઃખ થાય છે તે બધાંને હરિપ્રસાદ માની લેવામાં આવે છે. માટે ભક્તિમાર્ગમાં મનની સમતા કેળવવાની યુક્તિ સધાઈ જાય છે, જે કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગમાં કઠણ થઈ જાય છે.

ભાગવત કહે છે, समत्वं आराधनं अच्युतस्य - અર્થાત્ સમત્વ એ જ ભગવાનની આરાધના છે. ચિત્ત રાગ-દ્વેષથી મુક્ત થશે તો પછી સમતામાં તે જઈ શકે. એનું નામ છે, ભક્તિ. સામાન્યતયા ફળ મળે, ન મળે, પણ ચિત્તની સમતાને સમત્વ કહેવાશે. જ્યારે જ્ઞાનદેવ મહારાજે તો મન અને બુદ્ધિની એકતાને સમત્વ કહ્યું છે – अर्जुना समत्व चिताचें, तेंचि सार जाण योगाचें । जेथ मन आणि बुद्धिचें ऐक्द आथी ।

ગીતાએ તો સાધક માટે ઈશ્વર પછી સમત્વબુદ્ધિનો આશ્રય માન્યો છે. જેમનો ઈશ્વરથી સંપર્ક છે, તે ઈશ્વરને પૂછીને કાર્ય કરશે. પરંતુ જેમને ઈશ્વરનો સ્પર્શ થયો નથી, એવા સાધક માટે સમત્વબુદ્ધિનો, અક્ષુબ્ધ વૃત્તિને મુખ્ય આધાર મનાયો છે. સમત્વ અર્થાત્ વાસના, વિકારને બાજુએ મૂકીને વિચાર કરવો. અને આમે ય બુદ્ધિ જો શાંત, તટસ્થ નહીં હોય તો પછી ચિંતન થશે કેવી રીતે ?

માણસ સમત્વનો આદર્શ સામે રાખીને જીવનમાં વ્યવહાર કરતો રહે તો એની સમતાનું ક્ષેત્ર ઉત્તરોત્તર વધુ વ્યાપક અને ગહન થતું જશે અને છેવટે એને આ જીવનમાં બ્રહ્મ-સામ્યનો અનુભવ થઈ શકે. જેણે સમત્વમાં પોતાનું મન સ્થિર કર્યું તેને અહીં જ મુક્તિ મળી ગઈ. એના માટે મરી જવાની જરૂર નથી. સમત્વનો અભ્યાસ કરતાં-કરતાં. જ્યારે નિર્દોષ સમત્વ પ્રાપ્ત થાય છે, ત્યારે બ્રહ્મત્વ પ્રાપ્ત થાય છે. આ સમત્વ પણ સદોષ, ઉપાધિયુક્ત અને સીમિત હોય છે. આપણે જોઈએ છીએ કે કોઈ કોઈ પરિવારમાં સમત્વ હોય છે. પણ આ અલ્પ પ્રમાણમાં સમતા થઈ ગણાય. આનાથી વધુ વ્યાપક સમતા અર્થાત્ બધા પ્રકારની જાતિ-ધર્મ-દેશના લોકોમાં આ સમતા જોવી, ત્યાર બાદ તો મનુષ્ય અને અન્ય પ્રાણીઓમાં બધાંને એક જ શ્રેણીમાં જોવાય તેવી દષ્ટિ કેળવાય અને પછી એનાથી આગળ જતાં સમગ્ર જડ-ચેતનને એકરૂપે જોવાવું જોઈએ.

કુટુંબ-સામ્ય, સમાજ-સામ્ય વગેરે બ્રહ્મની આ પારનાં પગથિયાં સદોષ છે. તો પછી નિર્દોષ સમત્વ ક્યારે મળે ? જ્યારે સામ્ય વ્યાપક થતાં થતાં બ્રહ્મ સુધી પહોંચશે, ત્યારે માણસની નજર એકવાર સમત્વ તરફ ગઈ તો સમજવું કે એનામાં સમત્વ-બુદ્ધિનો આરંભ થયો કહેવાશે અને તેનો પરિપાક (Outcomes) થયો અર્થાત્ બ્રહ્મને મેળવી લીધો અને જન્મ જીતી ગયો કહેવાશે. જેમણે પણ આ સમતાના પાયા ઉપર જીવનઈમારત રચી છે, તેઓ બ્રહ્મમાં

સ્થિર થઈ ગયા. કેમ કે સમતાની એકદમ સાદી - સરળ પરિપૂર્ણતા જ બ્રહ્મ છે.

સમત્વયુક્ત ચિત્ત અર્થાત્ પૂર્વગ્રહોથી મુક્ત ચિત્ત. (અનપ્રેજ્યુડિસ્ટ માઇન્ડ). જો ચિત્ત સમત્વયુક્ત નથી, તો પછી સત્પુરુષોની શરણે જવું, એમનો આશ્રય લેવો. ઈશ્વરનો આધાર, સમત્વબુદ્ધિનો આધાર અને સત્પુરુષોનો આશ્રય - આ ત્રણેય ઈશ્વરશરણમાં સામેલ છે.

વૈરાગ્ય અર્થાત્ મનની સમતા. વિરક્ત પુરુષોએ તો કશું લેવાની જરૂર નથી, ન તો કશું છોડવાની પણ જરૂર. વૈરાગ્ય એ તો નિશ્ચળ અને નિર્ભય અવસ્થા છે.

બીજું આ પણ સમજવાનું છે કે મનુષ્યના ચિત્તની સમતા કેવળ બાહ્ય વ્યવહારમાં, પછી ભલે ને તે લોકસેવા જ કેમ ન હોય, તેમાં તલ્લીન થઈ જવાથી મળવાની નથી પરંતુ એના માટે તો માણસે પોતાની ભીતર જઈ આંતરિક ખોજ ચલાવવાની જરૂર રહે છે.

શંકરાચાર્ય કહે છે કે જો તમારે જલદી વિષ્ણુ બનવું હોય તો - वांछसि अचिरात् यदि विष्णुत्वम् । તો તમે દરેક જગ્યાએ, બધાં સ્થાનો પર સમાન ચિત્ત ધરાવનારા બનો. ભાવ સમ-ચિત્તઃ સર્વત્રત્વમ્ ।

સમત્વબુદ્ધિનો પરિપાક જ સામ્યયોગ છે. સામ્યયોગ માણસને સર્વત્ર ઈશ્વરદર્શન કરાવનારો યોગ છે અને એમાં સમત્વબુદ્ધિની પૂર્ણતા થતી હોય છે.

સામ્યયોગ અર્થાત્ ચિત્તની સમતા. આપણે ક્યારેય આ સમતાને ખોઈ ન બેસીએ. બધાંની સાથે એકસમાન વ્યવહાર કરીએ. આ અંતર્દષ્ટિથી અર્થ થયો. બાહ્યદૃષ્ટિથી અર્થ થાય બેલેન્સ ઓફ માઇન્ડ (ચિત્તનું સંતુલન). આપણે ચિત્તમાં જરીકે ય ક્ષોભ ન થવા દઈએ. આ દિવસોમાં ક્ષોભ તો એકદમ આઉટડેટેડ - કાળબાહ્ય થઈ ગયો છે.

સ્વાસ્થ્ય શબ્દમાં શારીરિક અને માનસિક - આ બંને પ્રકારનાં આરોગ્યની વાત આવે છે. વૈદ્યકશાસ્ત્ર પ્રમાણે શારીરિક સ્વાસ્થ્યનો અર્થ થાય કે શરીરમાં ધાતુસામ્ય રહેવું. અને માનસિક આરોગ્યનો અર્થ થાય, મનુષ્યમાં ચિત્તની સમતા અને માનસિક શાંતિ હોવી.

## ચિત્ત-સમાધાન

મનુષ્યના ચિત્તમાં ભૌતિક ઇચ્છાઓ ઉપરાંત પણ કંઈક વિશેષ મંગળકારી ઇચ્છાઓ હોય છે અને એ જ્યારે પૂર્ણ થાય ત્યારે માણસને આત્મિક સમાધાન થતું હોય છે. દાક્તરીના અભ્યાસમાં ચિત્ત સ્થિર થશે, તો પણ એનાથી એને સમાધાન નહીં થાય. એને સમાધાન તો ત્યારે થશે જ્યારે એના માટે જ્ઞેય વસ્તુ અર્થાત્ બ્રહ્મમાં, પરમાત્મામાં ચિત્ત સારી રીતે સ્થિર થયું હશે. તુકારામ મહારાજ કહે છે કે માણસના ચિત્તમાં નારાયણે પ્રવેશ કર્યો તેની શું ઓળખ છે ? એની ઓળખાણ છે, ચિત્તમાં થતું સમાધાન - अंतरा आला नारायण, चित्त समाधान खूण त्याची । પણ ભલે ચિત્તમાં સમાધાન હોય, અને અટલા માટે આપણને નારાયણનો પૂર્ણ સાક્ષાત્કાર થઈ ગયો અને આપણે નારાયણમય થઈ ગયા છીએ એવું કાંઈ નથી. એનો બસ આ જ અર્થ છે કે નારાયણે આપણા હૃદયમાં પ્રવેશ કર્યો છે. આપણું આ અંતર્વિશ્વ ઘણું બધું વિશાળ છે. આપણને એનો અનુભવ ઉપાસના દ્વારા, ધ્યાન દ્વારા થયા કરતો હોય છે. આવા અનુભવો વગર પણ માણસના ચિત્તને સમાધાન થઈ શકે છે, પણ એ અનુભવો સહિત તો તેનું ચિત્ત શક્તિ-સંપન્ન થશે. સમાધાનમાં શક્તિ પણ દાખલ થઈ જાય અને પછી એવા ચિત્તમાં ઈશ્વરી ચેતનાનો અંશ ઉદિત થશે.

ચિત્તમાં સ્થિરતા તો ત્યારે આવે છે, જ્યારે ચિત્ત એકદમ નિર્મળ હોય છે. જ્યાં સુધી ચિત્તનો મેલ પૂરી રીતે સાફ થતો નથી, ત્યાં સુધી એમાં અશાંતિ રહે છે. અને એટલા માટે તેનું ચિત્ત ક્યારેક અહીં જશે, ક્યારેક ત્યાં જશે. બસ આમતેમ રઝળતું રહેશે. હાલની સ્થિતિમાં માણસને સમાધાન નથી મળતું, તો તે બીજી સ્થિતિમાં જવાનો પ્રયત્ન કરશે. ત્યાં પણ સમાધાન ન મળે, તો વળી ત્રીજી પરિસ્થિતિમાં જવા માટે પ્રયત્ન કરતું રહેશે. આમ તે ચિત્તસમાધાન બહાર શોધ્યા કરશે. વાસ્તવમાં તો દુઃખ એના ચિત્તની મલિનતાઓને લીધે થતું હોય છે. તે દુઃખનું મૂળ કારણ જાણતો નથી અને પાછો સમાધાન બહારથી શોધ્યા કરે છે. હકીકતમાં ચિત્તના સમાધાનનું મુખ્ય કારણ પરિસ્થિતિ નહીં, પરંતુ ચિત્તની પ્રસન્નતા છે. ચિત્ત પ્રસન્ન હોય તો તેને સહજ શાંતિ મળે છે. ગીતામાં કહ્યું છે - प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते - જો ચિત્ત નિર્મળ હોય, તો તે સહજ જ સ્થિર રહે છે. આપણે ચિત્તના સમાધાન માટેના મૂળ ઉપાયો ન કરતાં અન્ય રીતે તે ચિત્તને સ્થિર કરવાના જેટલા પ્રયત્નો કરતા રહીશું, એટલું જ તે ચિત્ત વધુ ને વધુ દોડતું રહેશે. કેમ કે 'પ્રેશર' (દબાણ)ને કારણે વધુ પ્રતિક્રિયા થશે. અહીં કહેવાનો સાર આ છે કે માણસની સમસ્યા નિર્મળતા મેળવવાની છે.

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૧૬) |
| પ્રણવ સવાઈ | ૪ | આઇનસ્ટાઇન |
| મકરન્દ દવે | ૫ | ચંદ્રક નહીં, પણ સૂર્યક |
| મનસુખ સલ્લા | ૬ | ધર્મના ઉદાર સ્વરૂપને સ્વીકારીએ |
| મનુભાઈ પંચોળી | ૭ | પ્રચલિત ધર્મના ચામડામાં પુરાયેલાઓને... |
| કપિલ શાહ | ૮ | ભારતના કૃષિ વિકાસના યુગ પ્રહરી સ્વામીનાથનને. |
| હરેશ ધોળકીયા | ૧૦ | યહી કીસ્સા પુરાના હૈ ! |
| લિખિતંગ | ૧૧ | વાચકોના પત્રોમાંથી |
| શ્યામજીભાઈ દેસાઈ | ૧૨ | માનવસેવાનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠીયા-૨ |
| રમણ સોની | ૧૬ | કાલ્પનિક સંવાદો રૂપે સામાજીક - રાજકીય... |
| ભદ્રા-વિક્રમ સવાઈ | ૧૭ | સત્યભામા |
| રશાંસ | ૧૮ | વાચન થાળ |
| મધુરેશકુમાર | ૧૯ | એન.એ.પી.એમ.ના ૩૦ વર્ષ.... |
| અશ્વિન કારીઆ | ૨૧ | મુંઈમાં પરા ટ્રેનની મુસાફરી એટલે મૉતની... |
| રશાંસ | ૨૨ | વાચન થાળ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | દર્પણમાં ચહેરો |

'સમાધિ' શબ્દમાં 'સમ' અને 'આ' એ ઉપસર્ગ છે. તથા ધા ધાતુ છે. 'સમાધાન' શબ્દની વ્યુત્પત્તિ પણ અહીં છે. ચિત્તના સમાધાનની સ્થિતિ અર્થાત્ સમાધિ છે. સમાધાન અર્થાત્ 'સમતોલન'. ચિત્ત સમાનરૂપે રહે. ચિત્તનો કોઈપણ પદાર્થ, શરીર, સ્થૂળ વિષય-વાસના અને કલ્પના સાથે ચોંટેલો ન રહે, લગાવ, ઝુકાવ કે આસક્તિ ન રહે, તો સમાધાનના સ્વરૂપને અનુભવી શકે. ત્રાજવાનાં બંને પલ્લાં એકદમ એકસમાન હોય, તો જ કહી શકાય કે ત્રાજવું સમતોલ છે, ત્રાજવાનું આ સમાધાન છે. ત્રાજવાની દાંડીની જેમ આપણા ચિત્તની સ્થિતિ એકદમ સમતોલ, અચળ અને શાંત થઈ જાય, તો પછી એનું સમાધાન થઈ ગયું. સમાધિનો મતલબ છે કે ચિત્તની આવી શાંત સ્થિતિ આ જ જીવનમાં અનુભવી શકાઈ હોય જે અચળ હોય.

ભૌતિક સમૃદ્ધિની પણ એક સીમા હોય છે. લોકોની આવકના આંકડા હંમેશાં વધતા જતા હોય છે. ગઈ કાલે એકસો હતી, તો આજે તે વધીને હજાર અને લાખ સુધી રકમ પહોંચી ગઈ છે. પણ તેમ છતાં ય લોકોના મનને સંતોષ નથી. આવકની વૃદ્ધિની સાથે સાથે સુખ-શાંતિ મળે, તે જરૂરી નથી. અને એટલા માટે જ કહેવાય છે કે જ્યાં સુધી મનમાં સંતોષનો, સમાધાનનો ભાવ આવતો નથી, ત્યાં સુધી અશાંતિની સ્થિતિ દૂર થઈ શકતી નથી.

સમાજ-સેવાનો ન્યાય એ છે કે, આપણે જેટલું લઈએ, એનાથી દસગણું વધારે આપવાનું છે. અથર્વવેદ કહે છે, ''સો હાથોથી કમાઓ અને હજાર હાથોથી આપો.'' આ ન્યાયથી આપણે સમાજને આપીએ. એનો હિસાબ પૂછવા ન બેસીએ. આમ કરવાથી આપણને જે અણમોલ વસ્તુ મળવાની છે તે છે ચિત્ત-સમાધાન.

શંકરાચાર્ય કહે છે, શરીરશ્રમથી જે ધન મળે, એમાં ચિત્તનું સમાધાન કરો. - यत् लभसे निज-कर्मोपात्तं, दित्तं तेन विनोदय चित्तम् । નિજકર્મ એટલે બ્રેડલેબર. શરીરશ્રમ દ્વારા મેળવેલ રોટલી. विनोदय चित्तम् અર્થાત્ ચિત્તનું સમાધાન કરો.

ચિત્તસમાધાન એ તો ભગવાનની પ્રસન્નતાની ઓળખ છે. ભગવાનને આપણી સેવા મંજૂર છે, તેની આ પહોંચ (રસીદ) છે.

ચિત્તને સમાધાન હોય તો એને 'ખુશી' અને ચિત્તને અસમાધાન હોય તેને 'ગમ' (ઉદાસીનતા) કહે છે.

મનની પ્રસન્નતા + બુદ્ધિની નિર્ભયતા = ચિત્તસમાધાન.

## ચિત્ત અને સૃષ્ટિ

આ જે ત્રિગુણાત્મક સૃષ્ટિ છે (ઓબ્જેક્ટિવ વર્લ્ડ - કે જે ઇંદ્રિયોનો, વિજ્ઞાનનો વિષય છે), તેનાથી મનુષ્યનું ચિત્ત બન્યું છે કે પછી ચિત્તમાંથી ત્રિગુણાત્મક સૃષ્ટિ બની છે ! ચિત્તની અસર સૃષ્ટિ પર થાય છે કે સૃષ્ટિની અસર ચિત્ત પર થાય છે ? આ એકદમ માર્કિસસ્ટ થિયરીનો સવાલ છે. માર્ક્સે કહ્યું છે કે પોતાની કલ્પના, ચિત્ત (માઇન્ડ) આખી સૃષ્ટિનું બનેલું છે. એટલા માટે સૃષ્ટિમાં જેટલાં પરિવર્તન કરીશું તેટલું ચિત્તનું પરિવર્તન થશે. ચિત્ત એ આસપાસની પરિસ્થિતિ અને વાતાવરણનું બન્યું છે. તેઓ પરિસ્થિતિઓ બદલી નાખે તો ચિત્ત પણ બદલાઈ જશે. પરિસ્થિતિ-પરિવર્તનથી ચિત્તનું પરિવર્તન થશે. એના માટે બીજી વસ્તુઓની જરૂર નથી. જેને અહીં ત્રિગુણ કહ્યું છે, એનું ચિત્ત બન્યું છે. મન નામનું કોઈ સ્વતંત્ર વસ્તુ છે જ નહીં, સૃષ્ટિની જ ચિત્ત પર અસર થઈને તે બને છે.

પહાડી પ્રદેશનું મન અલગ, ફળદ્રૂપ ભૂમિનું મન અલગ, સમુદ્ર તટનું મન અલગ - આમ સૃષ્ટિને લીધે મનની રચના થાય છે, એવું કેટલાક લોકોનું માનવું હોય છે. એને વસ્તુવાદી કહેવાય. માર્કસ અને શંકરાચાર્ય બંને વસ્તુવાદી છે. આનાથી ઊલટું માનનારા લોકો એમ કહે છે કે જેવી દૃષ્ટિ હશે તેવી સૃષ્ટિ હશે. ચિત્તમાં અપ્રસન્નતા હોય, તો દુનિયા પ્રસન્ન હશે તો પણ એને તો અપ્રસન્ન જ લાગશે. છોકરો મરી ગયો તો સૃષ્ટિ શૂન્યવત્ ભાસે છે. એવી વ્યક્તિને સૃષ્ટિ આનંદ આપવામાં અસમર્થ થઈ જાય છે, જોકે સૃષ્ટિ તો એની એ જ છે. ચિત્તનું જ સૃષ્ટિ પર પરિણામ હોય છે. આવું જે માને છે, એમને આઇડિયાલિસ્ટ - ધ્યેયવાદી કહે છે. જ્યારે સૃષ્ટિનું ચિત્ત પર પરિણામ હોય છે એવું માનનારાને રિયાલિસ્ટ - વાસ્તવવાદી કહે છે.


આ દુનિયામાં બે વાદ ચાલે છે - એક છે આઇડિયાલિઝમ (આદર્શવાદ) અને બીજો વાદ છે તે રિયાલિઝમ (વાસ્તવવાદ). કાંટ અને હેગલે આ બંને આયડિયાલિસ્ટ હતા, માકર્સ રિયાલિસ્ટ હતો. કાંટે કહ્યું કે ચિત્તનું વિષય પર પરિણામ હોય છે. જેવું ચિત્ત છે એવું તે જુવે છે. કાળાં ચશ્માં પહેરવાથી જગત કાળું કાળું દેખાઈ પડે છે, લાલ ચશ્માં પહેરશે તો લાલ લાલ દેખાઈ પડે છે. માટે જ જેવી તમારી આંખ તેવી સૃષ્ટિ. यथा दृष्टिः तथा सृष्टिः । સૃષ્ટિનું રૂપ ગૌણ છે અને ચિત્ત પ્રધાન છે. ચિત્ત જેવું વિચારશે એવી સૃષ્ટિ બનશે. આ પ્રકારનું કહેવાવાળાઓને આદર્શવાદી, ધ્યેયવાદી અથવા આયડિયાલિસ્ટ કહે છે.

કેટલાક લોકોનું માનવું એવું છે કે આ બાહ્યસૃષ્ટિ મુખ્ય છે. ચિત્ત ગૌણ છે. આવું માનનારાઓને રિયાલિસ્ટ કહે છે. માકર્સ રિયાલિસ્ટોમાંનો એક હતો. એ કહે છે કે બહારનું બદલશો તો તમારું ચિત્ત બદલાઈ જશે. કાંટ કહે છે કે ચિત્ત બદલશો તો દુનિયા બદલાઈ જશે. માકર્સ કહે છે કે ચિત્ત બદલવાના કાર્યક્રમો તો ઘણાં વરસોથી ચાલ્યા કરે છે, પણ ચિત્ત બદલાતું નથી. માટે સમાજ બદલો, તો ચિત્ત બદલાઈ જશે. હવે પ્રશ્ન થાય કે ચિત્ત મુખ્ય છે કે ચૈત્ય મુખ્ય છે ? તો શંકરાચાર્ય આનો ઉત્તર આપતા કહે છે કે ચિત્ત અને ચૈત્ય આ બંને બાહ્ય જ છે. હું આ બંનેને જોઉં છું. બંનેનું સ્તર (કેટેગરી) એક જ છે. અને હું આ બંનેથી અલગ જ છું. હું આત્મતત્ત્વ છું. માઇન્ડ પર મેટરનો અર્થાત્ ચિત્ત પર દ્રવ્યનો પ્રભાવ પડતો હોય છે. આમાં કોણ મુખ્ય અને કોણ ગૌણ છે વગેરેની ચર્ચાઓ કરવી એ એકદમ નિમ્નસ્તરીય થઈ જાય છે. બસ એટલું જાણી લેવાનું છે કે કોઈ એક તત્ત્વ એવું છે જે ચિત્ત અને દ્રવ્યથી પર છે; અને એ ઊંચાઈ ઉપરથી જોવાથી આપણને ચિત્ત અને દ્રવ્ય વગેરે બધું લગભગ એક જ શ્રેણીમાં દેખાવા લાગે છે.

ભાગવતે આનો જવાબ આપ્યો છે કે આ બિંબ-પ્રતિબિંબ છે. આની અસર એના પર અને એની અસર આના પર - આમ બંનેની

(જુઓ પાન નં. ૨૩)

# આઈનસ્ટાઈન




Walter Isaacsonનું Steve Jobs પરનું પુસ્તક વાંચ્યા પછી આ લેખકની શૈલી ગમી. લેખકે મોટે ભાગે જીવનચરિત્રો જ લખ્યાં છે. જે તે પુસ્તક, પ્રસ્તુત વ્યક્તિ અને તેના વ્યક્તિત્વનાં જુદાં જુદાં પાસાં વિશે ઊંડાણસભર, વિગતવાર, માહિતીસભર લખાણથી ભરપૂર હોય છે. એ પુસ્તક વાંચ્યા પછી જાણે એવું લાગે કે તમે જે તે વ્યક્તિને થોડી વધુ જાણતા થયા છો. આઇન્સ્ટાઇન પરનું પુસ્તક વાંચ્યા પછી એમ લાગ્યું કે આઇન્સ્ટાઇન વિશે ઘણી ઓછી સમજ અને વધુ પડતી ગેરસમજ પ્રવર્તે છે. મોટે ભાગે આપણે ખરી હકીકતથી અજાણ છીએ. તો આ છે થોડી વાત એમના વિશે :

**વિજ્ઞાની બનવા તરફનું પહેલું પગલું**

નાનપણમાં તેઓ એક વખત બીમાર હતા ત્યારે એમના પપ્પાએ એમને હોકાયંત્ર (Compass) લાવીને આપ્યું. એ જોઈને એમને ખૂબ જ અચરજ થયું. કોઈ પણ સ્પર્શ કે બાહ્ય તાકાત વિના જાણે કોઈ અદૃશ્ય શક્તિ એ સોયને ચલિત કરતી હતી. એમણે આ વાતનો ઉલ્લેખ એમના જીવનમાં ઘણી વાર કર્યો , "Something deeply hidden had to be behind things. આ હોકાયંત્ર એમનામાં વૈજ્ઞાનિક દ્રષ્ટિ ખીલવવામાં કારણભૂત બન્યું.

**આઇન્સ્ટાઇન એક નબળા વિદ્યાર્થી હતા**

શાળા-અભ્યાસમાં પાછળ હોય અથવા હતા એ લોકો એ વાતથી આશ્વસ્ત છે કે આઇન્સ્ટાઇન પણ એવા જ હતા અને મોટા થઈ જેમ એ વિજ્ઞાની બન્યા એમ અમે પણ કંઈક કરી શકીશું. આ બધાને સખેદ કહેવાનું કે આ એક હકીકતદોષ છે. આઇન્સ્ટાઇન ખરેખર એક તેજસ્વી વિદ્યાર્થી હતા. નાનપણમાં એ બીજાં બાળકોની સરખામણીમાં થોડું મોડું બોલતાં શીખ્યા. એ બોલતાં પહેલાં પોતે જ એ વાક્યને ધીમેથી બોલી એક-બે વાર ચકાસતા અને પછીથી મોટેથી બોલતા. ઘણાં વર્ષ પછી એમણે એક સાઈકોલોજિસ્ટને કહ્યું હતું, "I very rarely think in words at all. A thought comes, and I may try to express it in words after all" (હું ભાગ્યે જ શબ્દોમાં વિચારું છું. મને વિચાર આવે પછી એને શબ્દો દ્વારા અભિવ્યક્ત કરવાની કોશિશ કરું છું).

એમના નબળા અભ્યાસ ઉપરાંત એક બીજી ખૂબ ખોટી પ્રચલિત માન્યતા એમના ગણિતમાં નાપાસ થવાની છે. એમના વિશે જ્યારે '"Ripley's Believe it or not" newspaper columnમાં લેખ આવ્યો હતો કે "Greatest Living Mathematician"Failed in Mathematics" અને કોઈકે એમને એના વિશે પૂછ્યું તો એમણે પણ હસીને કહ્યું હતું કે, હું ક્યારેય ગણિતમાં નાપાસ નથી થયો. મોટે ભાગે હું એક-બે વર્ષ આગળનું ગણિત પણ તૈયાર કરી લેતો. જ્યારે આઇન્સ્ટાઇન પચાસ વર્ષના થયા ત્યારે પણ એમના ગણિત અને શાળાકીય અભ્યાસ વિશે ઘણી કિંવદંતીઓ ચાલતી હતી. એ વખતે એમની જૂની શાળાના પ્રિન્સિપાલે એક પત્ર પ્રકાશિત કર્યો હતો. એમાં આઇન્સ્ટાઇનના એ સમયના માર્ક્સ હતા. એ દર્શાવતા હતા કે એ કેટલા તેજસ્વી વિદ્યાર્થી હતા. આગળ જતાં એમણે પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં કહ્યું હતું કે, "I became more and more convinced that nature could be understood as a relatively simple mathematical structure".

**ધર્મ અને ઈશ્વર**

આજે જ્યારે ચારેબાજુ ધર્મ અને સત્તાની બોલબાલા થઈ રહી છે ત્યારે આઇન્સ્ટાઇનના ધર્મ વિષેના વિચારો પણ જાણવા જેવા છે. લગભગ બાર-તેર વર્ષની ઉંમરમાં જ એમણે એમના એક મિત્ર થકી ઘણાં ફિલોસોફિકલ અને વૈજ્ઞાનિક પુસ્તકો વાંચ્યાં હતાં. આને લીધે એમનામાં એક જાતનો વિદ્રોહ જન્મ્યો હતો. એને લીધે એમણે કોઈ પણ જાતનાં વિધિ-વિધાન કે ધાર્મિક કર્મકાંડોમાં ભાગ લેવાનું બંધ કર્યું હતું.

ઉંમરનાં પાછલાં વર્ષોમાં જ્યારે એમને પૂછવામાં આવ્યું કે તમે ભગવાનમાં માનો છો? ત્યારે એમણે કહ્યું કે હું નાસ્તિક નથી પણ આ વિષય બહુ ગહન છે અને આપણા અલ્પ મનની શક્તિ બહારની વાત છે. એક નાનું બાળક ખૂબ મોટા પુસ્તકાલયમાં પ્રવેશી જાય, જેમાં ખૂબ પુસ્તકો જુદી જુદી ભાષામાં હોય. ત્યારે બાળકને માત્ર એટલી ખબર છે કે કોઈકે આ પુસ્તકો લખ્યાં છે. આ કેવી રીતે લખાયાં છે, કઈ ભાષામાં લખાયાં છે, એની એને કાંઈ ખબર નથી. બાળકને એમ પણ દેખાય છે કે આ બધાં પુસ્તકો કોઈ નિશ્ચિત ક્રમમાં ગોઠવાયેલાં છે, પણ એ કયો ક્રમ છે એની કંઈ ખબર નથી. આવું જ કંઈક આપણી સાથે થયું છે."We see the universe marvelously arranged and obeying certain laws, but only dimly understand these laws."

**અણુબોમ્બ**

એમને જ્યારે ખબર પડી કે નાઝી વિજ્ઞાનીઓ યુરેનિયમ વિખંડનમાં સફળ થયા છે અને ગમે ત્યારે બોમ્બ બનાવવા તરફ આગળ વધી શકે છે ત્યારે તેમણે જ અમેરિકન પ્રમુખ રૂઝવેલ્ટને કાગળ લખીને જણાવ્યું હતું. FBI એવું માનતું હતું કે આઇન્સ્ટાઇન સામ્યવાદ તરફ ઝૂકેલા છે, એટલે અમુક વર્ષો સુધી એમની ગતિવિધિઓ પર નજર પણ રાખવામાં આવતી હતી. આ જ કારણને લીધે એમને મેનહટન પ્રોજેક્ટ માટે પણ જે સિક્યૂરિટીની મંજૂરી મળવી જોઈએ તે મળી નહોતી. જ્યારે કોઈ વૈજ્ઞાનિક મુશ્કેલી આવતી તો વિજ્ઞાનીઓ તેમની પાસે સલાહ-સૂચન માટે આવતા પણ તેઓને ક્યારેય પ્રત્યક્ષ રીતે આ પ્રોજેક્ટમાં સાંકળવામાં નહોતા આવ્યા.

**કલ્પનાશક્તિ**

આઇન્સ્ટાઇન પાસે એમની પોતાની કલ્પનાશક્તિ તો હતી જ,

પણ જ્યારે એમને Aarau (Village in Switzerland)ની એક સ્કૂલમાં થોડા સમય માટે ભણવાનું થયું ત્યાં આ શક્તિનો વધારે વિકાસ થયો. આ સ્કૂલમાં શીખવાનાં પગથિયાં હતાં.

1. Hands-on Observation
2. Intuitions
3. Conceptual Thinking
4. Visual Imagery

આપણે સૌ જાણીએ છીએ કે આઇન્સ્ટાઇને જે પણ શોધો કરી છે એમાંની એક પણ પ્રયોગશાળામાં નથી કરી પણ એમની ખૂબ વિકસિત કલ્પનાશક્તિનું જ પરિણામ છે. એમણે કહ્યું છે કે, "Imagination is more important than knowledge".

અત્યારે તો કલ્પનાશક્તિ, out of box thinkingની વાહ વાહ થઈ રહી છે, પણ આ જ વાત આઇન્સ્ટાઇનને તેમના નોબેલ પ્રાઇઝ જીતવા માટે અંતરાયરૂપ બની હતી. ૧૯૧૦થી ૧૯૨૨ સુધી જે લોકો નોબેલ પ્રાઇઝ નક્કી કરવાની કમિટીમાં હતા એ લોકો જે વસ્તુ પ્રયોગથી સાબિત થાય અને માપી શકાય એવી જ શોધોને પ્રાધાન્ય આપતા હતા. એને લીધે આઇન્સ્ટાઇનને સાપેક્ષવાદ માટે નોબેલ પ્રાઇઝ મળ્યું નહી પણ ૧૯૯૨માં photoelectric effect માટે મળ્યું.

**સાપેક્ષવાદની શોધ**

એક માન્યતા એવી છે કે આઇન્સ્ટાઇન જ્યારે બર્નમાં પેટન્ટ ઓફિસમાં કામ કરતા હતા અને એક વખત ટ્રેનમાં મુસાફરી કરતા હતા. બર્નની ટાવર ક્લોક જોઈને આ વિચાર આવ્યો. પણ આ વિચાર એમને જ્યારે આગળ જણાવ્યું તેમ Aarau (Village in Switzerland) ભણતા હતા ત્યારે આવ્યો હતો કે જો કોઈ વ્યક્તિ પ્રકાશપુંજની પાછળ પ્રકાશની ગતિથી જાય તો શું થાય. સ્વિટ્ઝર્લેન્ડમાં ત્યારે બધી જ ઘડિયાળોને Electronically Syncronize કરીને વધુ ચોક્કસ કરવાનું કામ ચાલતું હતું. એ વખતે પેટન્ટ ઓફિસમાં આને લગતાં ઘણાં પેપર આવતાં. એને લીધે આઇન્સ્ટાઇન પણ આ દિશામાં વિચારતા થયા હતા, અને એમણે કબૂલ પણ કર્યું કે, "There was a definite connection between the knowledge acquired in patent office and the theoretical results".

**આઇન્સ્ટાઇન અને તેમના મગજનો ઉપયોગ**

આપણને હંમેશાં સાંભળવા મળ્યું હશે કે આઇન્સ્ટાઇન તેમના નાના મગજનો ૯૫% ઉપયોગ કરતા હતા. હવે આ પણ વૈજ્ઞાનિક રીતે સાબિત થયું નથી. આઇન્સ્ટાઇનનું મૃત્યુ કુદરતી રીતે ૭૬ વર્ષે થયું. એ વખતે પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં થોમસ હાર્વે નામના પેથોલોજિસ્ટે એમનું પોસ્ટમોર્ટમ કર્યું, પણ એ કર્યા પછી આઇન્સ્ટાઇનનું મગજ પોતાની પાસે વધારે વૈજ્ઞાનિક સંશોધન કરવા માટે રાખી લીધું. થોમસ હાર્વેએ એ મગજના ટુકડા કરી અને થોડો થોડો ભાગ એને જે વ્યક્તિ યોગ્ય લાગી તેને મોકલ્યો. પણ મોકલ્યા પછી થોમસ હાર્વેએ એમાંના કોઈ પણ સાથે સંપર્ક કર્યો નહીં કે ન એ જાણવાની કોશિશ કરી કે કેવાં પરીક્ષણ થયાં, શું સંશોધન કર્યું?

આ બધા મગજના ભાગોને આધારે ખાલી ૩ સંશોધન થયાં અને પ્રકાશિત થયાં. એમાંના એક સંશોધન માટે, sample data જે હતો એ ફક્ત ૧૧ લોકોનો જ હતો અને એમની ઉંમર પણ ૬૦ની આજુબાજુ હતી. આ ૧૧ લોકોમાં એવી કોઈ મેધાવી વ્યક્તિ પણ નહોતી, જેથી કરીને તેમનું વિશ્લેષણ સાચું સાબિત થાય. બીજા સંશોધન માટે sample data જે હતો એ ફક્ત ૫ લોકોનો જ હતો, જેથી તે પણ બહુ આધારભૂત ન ગણાય. ત્રીજું સંશોધન જેમાં sample data ૩૫ લોકોનો હતો, એ થોડું આધારભૂત ગણાય છે, જે મુજબ એમના partial lobeની એક ખાંચ નાની હતી જે ગાણિતિક અને અવકાશી વિચાર માટે કારણભૂત હોઈ શકે. એમના મગજનો એ ભાગ પણ બીજા લોકો કરતાં ૧૫% વધુ વિસ્તરિત હતો. હા, પેલા ૯૫% ઉપયોગવાળો પ્રશ્ન તો અનુત્તરિત જ રહ્યો. આ બધે ખાંખાંખોળાં કરવા કરતાં આપણે એ જાણવાની વધારે કોશિશ કરવાની હતી કે – how his mind works not his brain.

એમને પણ જ્યારે Thomas Edison Test (Thomas Edison નોકરી આપતાં પહેલાં ૧૫૦ પ્રશ્નોવાળી એક પરીક્ષા લેતા) વિશે પૂછવામાં આવ્યું ત્યારે એમણે કહ્યું હતું કે, The value of college education is not the learning of many facts but the training of the mind to think.

આ પુસ્તક સળંગ વાંચવામાં થોડું અઘરું છે, કારણ કે, વચ્ચે વચ્ચે ઘણા વૈજ્ઞાનિક સંદર્ભ અને એનું વિશ્લેષણ આવે છે. એને લીધે એકસૂત્રતા જાળવવી મુશ્કેલ છે. પણ એટલું ચોક્કસ કે આ વિભૂતિના જીવન વિશે ઘણી જાણકારી એમાંથી મળે છે. આશા રાખીએ કે જે હજુ એમના વિશે વણખેડાયેલાં રહસ્યો છે જે માનવજાત માટે જરૂરી હોય તે યોગ્ય સમયે ઉકેલાય. કારણ કે, આઈન્સ્ટાઈન હંમેશાં કહેતા કે God does not play dice.

**– પ્રણવ સવાઈ**

## ચંદ્રક નહીં, પણ સૂર્યક

ચંદ્રક તો ચાર દિ'ના આપે ઘણાય કોઈ સૂર્યક આપે તો વાત જામે.
કાલ હજી પૂનમના થાળ જેવા ચંદ્રકને લીધો'તો હાથમાં સ્હેજ,
ભીંતે ટીંગાડ્યો કે ટેબલ પર રાખ્યો તો
ઝાંખું ઝપટ એનું તેજ,
આપનારો છૂટી તો જાય પણ લેનારા ઓળખાય ચંદ્રકના નામે.
ચંદ્રક તો નાનો ને મોટોય થાય ક્યાંક ચંદ્રકના ભાવતાલ નોખા.
દેશીપરદેશીના ત્રાજવે વધે ને ઘટે લેખા, જોખા ને વળી ધોખા.
ચંદ્રકિયો બાપડો ગુલામી, સલામીનો સરે-આમ સરપાવ પામે.
ચંદ્રકની ચોવટ તું મેલી દે પ્રાણિયા, સૂર્યકની વાત કર સાચી,
સૂર્યકનો રંગ તો સવાયો હો રામ.
જેમાં મીરાં ગિરધર રંગ રાચી, નરસૈંની સુરતા નાચી.
દ્વારકાના ચોકમાં આજેય ઝગમગતો સૂર્યક જે મેળવ્યો સુદામે.

–મકરન્દ દવે.

# ધર્મના ઉદાર સ્વરૂપને સ્વીકારીએ

દેશમાં એક ઘટનાએ વિચારવંટોળ ઊભો કર્યો છે. એમાં સામસામા પક્ષો રચાયા છે. સૌ પોતાની વાત જ યથાર્થ છે એ સાબિત કરવા પુરુષાર્થ કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં એક યાદવ વ્યક્તિએ વ્યાસપીઠ ઉપરથી કથા કરી. એથી બ્રાહ્મણોને લાગ્યું કે આવો અધિકાર બ્રાહ્મણેતર જાતિને ન હોઈ શકે. સામે પક્ષે યાદવો કહે છે કે ધર્મનાં પાઠ, કથા, ઉજવણીનો અધિકાર સૌ કોઈનો છે. અત્યારે સોશ્યલ મીડિયા ખૂબ સક્રિય હોવાથી બંને બાજુના અભિપ્રાયો વ્યક્ત થઈ રહ્યા છે. આ મુદ્દો પ્રજા વચ્ચે આવ્યો તે વિચારની સ્પષ્ટતા માટે ઉપયોગી પણ છે.

ભારતના સનાતન ધર્મનાં મૂળ ઉપનિષદ અને ગીતામાં છે. તેમાં ચાર વર્ણોની વ્યવસ્થાનો વિચાર કરવામાં આવ્યો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. પરંતુ વર્ણવ્યવસ્થાનો આધાર જન્મ કે કુલ નહોતાં, મૂળ આધાર ગુણકર્મ હતું. જેમ કે મહાભારતના રચયિતા વ્યાસનું કુળ માછીમારનું હતું. તેમનો ભારતીય સંસ્કૃતિએ મહાન જ્ઞાની, કવિ અને ધર્મનાં સૂક્ષ્મ તત્ત્વોનું વિશ્લેષણ કરનાર તરીકે સ્વીકાર કર્યો છે. કોઈને તેમનું કુળ નડ્યું નથી. તેઓ મહર્ષિ ગણાયા છે. મહાન કવિ વાલ્મીકિનું કુળ શુદ્રનું હતું. પરંતુ તેઓ આદિકવિ તરીકે સ્વીકારાયા છે. વિશ્વામિત્ર ક્ષત્રિય હતા, પરંતુ તપને આધારે બ્રહ્મર્ષિ તરીકે સ્વીકાર પામ્યા છે. ગીતાનું યથાર્થ અર્થઘટન કરીએ તો ગુણકર્મ પ્રમાણે ચાતુરવર્ણ્યનું પ્રતિપાદન થયું છે. પરંતુ મહાન અને ઉદાર એવી ભારતીય સંસ્કૃતિમાં જ્યારથી ચાર વર્ણ જન્મગત બની ગયા ત્યારથી વિકૃતિ દાખલ થઈ છે. એથી અનેક જાતિઓને ભરપૂર અન્યાય થયો છે. જેમ સતીપ્રથા વેદ-ઉપનિષદથી સ્વીકૃત ન હતી પણ વચલા કાળમાં એ વિકૃત માન્યતા દાખલ થઈ ગઈ. છેક રાજારામમોહન રાયે પોતાની માતા સામે કોર્ટમાં લડીને સતીપ્રથા બંધ કરાવી ત્યાં સુધીમાં અને પછી પણ બ્રાહ્મણો કહેતા હતા કે, 'આ અમારા ધર્મની વાત છે.' પણ બધું બદલાયું. આજે સતીપ્રથાનો સ્વીકાર કોઈ નથી કરતું.

ઉપનિષદ અને ગીતામાં વિપ્ર શબ્દ વપરાયો છે. તે અમુક જાતિ માટેનો શબ્દ નથી, પણ જ્ઞાની માટેનો શબ્દ છે. 'एकम विप्रा बहुधा वदन्ति ।' તેમાં વિપ્રનો અર્થ બ્રાહ્મણ નથી, પણ જ્ઞાની, ચિંતક, વિચારક, સમજુ એવો છે.

૧૯૪૮માં આ દેશ નવા યુગમાં પ્રવેશી ચૂક્યો છે. રાજકીય લાભ માટે જ્ઞાતિપ્રથાને પ્રોત્સાહન અપાય તો એ અદીર્ઘદષ્ટિ છે, બંધારણની ભાવનાથી વિરોધી છે. વળી કોઈ પણ દેશમાં એકથી વધુ ધર્મ પાળનારા લોકો વસતા હોય છે. કયો ધર્મ પાળવો એ વ્યક્તિની પસંદગી છે. વ્યક્તિ ઇચ્છે તો ધર્મ બદલી પણ શકે છે (લોભ-લાલચથી ધર્મપરિવર્તન એ સાવ અલગ મુદ્દો છે). એટલે કે બંધારણ અને લોકશાહી પછી નાગરિકધર્મ જ કેન્દ્રમાં છે. વ્યક્તિ ગમે તે ધર્મ પાળતી હોય, પરંતુ તેના અધિકારો અને ફરજો બંધારણ નક્કી કરે છે. ધર્મપાલન, પૂજાપાઠ કે કથાવાર્તા એ દરેક વ્યક્તિનો અધિકાર છે.

એક કાળે શુદ્રો અને સ્ત્રીઓને શાસ્ત્રો વાંચવાની કે અભ્યાસ કરવાની પણ છૂટ ન હતી – જે દેશમાં ગાર્ગી અને મૈત્રેયી જેવી મહાન વિદૂષીઓ થઈ હતી. શંબૂકનો વધ તપ કરવા માટે થયો હતો. આજ એનો સ્વીકાર કોઈ નહિ કરે. આજે બહેનો કથા કરે છે. ધર્મસંસ્થાઓ ચલાવે છે, ધર્મનાં મોટાં આયોજનો કરે છે. મનુસ્મૃતિ એનો સ્વીકાર ન પણ કરે. પણ ભારતવર્ષ મનુસ્મૃતિ પછી ઘણું ખૂબ આગળ નીકળી ગયું છે. હવે ઘડિયાળના કાંટા પાછા ફેરવી નહિ શકાય.

વિપ્રનું કામ જ્ઞાન મેળવવું અને તેનું વિતરણ કરવું એ છે. આજે દેશમાં ટકાવારી કાઢશું તો બ્રાહ્મણો કરતાં બાકીની ત્રણે જાતિનાં સંતાનો સૌથી વધારે વિદ્યા મેળવી રહ્યાં છે. વિદ્યાવિતરણમાં પણ બ્રાહ્મણેતર જાતિઓનું પ્રમાણ અનેકગણું વધારે છે. દેશભરમાં શિક્ષકો અને અધ્યાપકોમાં બ્રાહ્મણેતર વર્ગની સંખ્યા જ મોટી છે. મહાવિદ્યાલયો અને યુનિવર્સિટીઓ એ વર્તમાન યુગનાં ગુરુકુળો છે. એના આચાર્ય કે કુલપતિ બ્રાહ્મણેતર જાતિમાંથી સૌથી વધારે છે. જો જ્ઞાનવિતરણનો અધિકાર બ્રાહ્મણવર્ગનો જ હોય તો બ્રાહ્મણેતર જ્ઞાતિઓ આ કામ કરી જ ન શકતી હોત.

કથા-વાર્તા-ઉપદેશના મૂળમાં હેતુ તો સારા માણસ થવું, પ્રામાણિક રીતે જીવવું અને પોતાની ફરજ યોગ્ય રીતે બજાવવી એ છે. એનો જ ઉપદેશ હોય છે. દષ્ટાંતો ધર્મગ્રંથોમાંથી અપાય છે. તો શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ પણ એ જ છે. અને એ કામ આજે દેશમાં તમામ જાતિના લોકો લાખોની સંખ્યામાં કરી રહ્યા છે. તેમને આપણે એટલા માટે અટકાવી દઈશું કે તે બ્રાહ્મણેતર હોવાથી આ કાર્ય કરી ન શકે ?

મૂળ વર્ણવ્યવસ્થામાં ક્ષત્રિયોનું કામ રક્ષણ કરવાનું હતું. આજે દેશમાં લશ્કરમાં તમામ વર્ણના લોકો પસંદ થાય છે. તેઓ વર્ણના ભેદ વિના દેશ માટે ઉમદા ફરજ બજાવે છે. આજે ઉદ્યોગ, વ્યાપાર, બેંકીંગ, અર્થવ્યવસ્થામાં માત્ર વૈશ્યો કામ નથી કરતા. તમામ વર્ણના લોકો ફાળો આપી રહ્યા છે. એટલે કે વર્ણવ્યવસ્થાનો આધાર જ બદલાઈ ગયો છે. અમારા એક સગાએ પુત્રના લગ્નની વિધિ વિધવા બહેન પાસે કરાવી હતી. એમનું લગ્નજીવન સરસ રીતે ચાલ્યું. ધર્મનો કશો ભંગ ન થયો. લગ્ન કઈ જ્ઞાતિની વ્યક્તિ કરાવે છે મહત્ત્વનું નથી, શાસ્ત્રોક્ત વિધિથી થાય એ મહત્ત્વનું છે. ગમે તેવી વિધિ ગગડાવી જનાર કરતાં શાસ્ત્રોક્ત વિધિથી કોઈ પણ વર્ણની વ્યક્તિ લગ્ન કરાવે તો આવકાર્ય ગણાવું જોઈએ.

કહેવાતા ધર્મપુરુષોએ મહિલાઓની ઉપર નિયમોની એટલી મોટી હારમાળા લાદી છે કે એમાં ક્યાંય અસલ ભારતીય સંસ્કૃતિ કે હિંદુધર્મનો અનુભવ ન થાય. આજે મહિલાઓ તમામ ક્ષેત્રોમાં અદ્‌ભુત યોગદાન આપી રહી છે. આખો દેશ કરવટ બદલી રહ્યો છે. ત્યારે કઈ કઈ જાતિઓનો પ્રવેશ અટકાવવાનું કરી શકશે ? કેટલાક ધર્મપુરુષોએ વિધવાવિવાહને ધર્મવિરોધી ગણ્યા હતાં, આજ એમનું કોઈ નહિ સાંભળે.

જો વિચાર કરવો હોય તો સનાતન અને યુગધર્મના મેળનો, સંતુલનનો કરવો જોઈએ. સનાતન તત્ત્વો ચિરંજીવ હોય છે. જેમ કે સત્ય, અહિંસા, સંયમ, અપરિગ્રહ, શીલ, ક્ષમા, કરુણા વગેરે. આ ગુણો વર્ણઆધારિત નથી. તમામ વર્ણના મનુષ્યોના વિકાસ માટે ઉપયોગી એવાં આ ચિરંજીવ તત્ત્વો છે. એટલે એ સનાતન છે. દરેક યુગમાં અને સ્થળે એ જરૂરી

બનશે. આપણા મહાન સંતોની યાદી જોઈ જવી જોઈએ. એમાં બ્રાહ્મણેતર કેટલી મોટી સંખ્યામાં છે ? જેને શુદ્ર વર્ણના ગણવાય છે તેમાંથી અનેક છે. તેમણે આપેલા ઉપદેશને આપણે ખુલ્લા હૈયે સ્વીકારીએ છીએ. બાદ નથી કરતા. જેમ જેમ આ બધું સમજાશે, બંધારણીય લોકશાહી અને ટેકનોલોજીના વ્યાપ પછી એના યથાર્થ સ્વરૂપને સમજશું તો સમજાશે કે વર્ણાશ્રમ એ કાલબાહ્ય, અપ્રસ્તુત ખ્યાલ બની રહ્યો છે. તેમ તેમ યુગધર્મ પણ બદલાતો જશે. એ સ્વીકૃત બનશે કે જેનામાં જે ગુણલક્ષણ હોય તે વ્યક્તિ એ કર્મ કરે. એ કયા કુળમાં જન્મ્યો, એ કઈ જ્ઞાતિનો છે એ બિનમહત્ત્વનું છે. આપણા ક્રાંતિકારી સંન્યાસી સ્વામી સચ્ચિદાનંદજી એક હ્યું છે કે આપણી આ છેલ્લી ટ્રેઈન છે. વર્ણાશ્રમે હિંદુધર્મને સૌથી વધારે આઘાત પહોંચાડ્યો છે. (તેમણે આ વિશે પુસ્તક લખ્યું છે.)

કોઈ કહી શકે કે આ અમારી ધર્મની બાબત છે. તો દલિતો હિંદુઓ હોવા છતાં તેમને અસ્પૃશ્યો કેમ ગણવામાં આવે છે ? આજે પણ તેમને અન્યાય કરવામાં આવી રહ્યો છે. અરે, હજુ પચાસ વર્ષ પહેલાં ઉચ્ચ ગણાતા વર્ગના લોકો ખેડૂતો, કોળી કે સુથાર-લુહાર સાથે એક પંગતમાં બેસીને નહોતા જમતા. ઉપનિષદ અને ગીતામાં તો વર્ણભેદને આધારે સ્પૃશ્ય-અસ્પૃશ્ય કે ચડિયાતા-ઊતરતા કોઈનેય ગણવામાં આવ્યા નથી.

આ બદલવું એ સનાતનને યુગધર્મમાં અવતરવું છે. સમાજ ઉપયોગી કોઈ પણ કાર્ય, કોઈ પણ વર્ણની વ્યક્તિ કરી શકે એવી મોકળાશ સર્જવી એ લોકશાહી રચનાની ટોચ છે. એટલે એક મુસ્લિમ વિદ્વાન ગીતા વિશે વ્યાખ્યાન આપે તો હિંદુ ધર્મ ભ્રષ્ટ નથી થઈ જતો. કારણ કે ગીતાનાં તત્ત્વો વૈશ્વિક છે. કબીર સાહેબે કહ્યું છે કે,

*કબીરા કૂંવા એક હૈ, પનિહારી અનેક,*
*સબકે બર્તન ન્યારે ન્યારે, સબમેં પાની એક.*

કોઈ પણ ધર્મ કરતાં મૂળ હિંદુધર્મ અને ભારતીય સંસ્કૃતિ ઉદાર અને ખુલ્લાં છે. એ એની મુખ્ય લાક્ષણિકતા છે (એટલે તો નાસ્તિકનો પણ ધર્મમાં સ્વીકાર થયો છે). પરંતુ વચ્ચે વચ્ચે સંકીર્ણતા અને અદીર્ઘદૃષ્ટિ તથા નિહિત સ્વાર્થને કારણે આપણે તત્ત્વને બદલે રૂઢ વ્યવહારો અને માન્યતાઓને મુખ્ય ગણ્યાં, એને મહત્ત્વ આપી બેઠાં. અને એથી આપણે પાછાં પડ્યાં છીએ. યુરોપમાં રેનેસાં થયું, ભારતમાં બાકી છે. એટલે આપણે સંપ્રદાયો કે જાતિગત વમળોમાં ફસાયા કરીએ છીએ. આપણી ઉપાસના શુદ્ધ ધર્મની હોય. જાતિ, લિંગ, વર્ણ, રીતરિવાજો પ્રાસંગિક છે. બદલાતાં રહે છે. એ સ્વીકારીશું તો એક રાષ્ટ્ર તરીકે આપણે વધારે ઊંચે ચડશું. વિનોબાજીએ એક ઋષિવાક્ય કહ્યું છે કે, 'જોડે તે ધર્મ છે.' આપણે એનો મહિમા કરીએ.

**– મનસુખ સલ્લા**

પડ્યે જીર્ણ થઈ ગયેલી સીમાઓનું ઉલ્લંઘન કરે છે તે જ અમૃતને પામે છે.

શ્રીકૃષ્ણ આવું સીમોલ્લંઘન કરનારા છે.

– મનુભાઈ પંચોળી 'દર્શક' ('મહાભારતનો મર્મ અને ગીતાની શીખ' માંથી...)

# પ્રચલિત ધર્મના ચામડામાં પુરાયેલાઓને અમૃતની પ્રાપ્તિ નથી થતી

**ચા**મડી પરથી કવચકુંડળ ઉતારી દેવાં સહેલું છે. પણ માન્યતાનાં, પ્રતિષ્ઠાનાં, પ્રણાલીનાં ભ્રમપૂર્ણ કવચ કુંડળ ઉતારવા અતિ દુષ્કર છે. આ કેવળ કર્ણ માટે જ છે દુષ્કર તેવું નથી. નિયત ધર્મ અને સનાતનધર્મ વચ્ચેનો ભેદ તારવવો, તારવ્યા પછી તે મુજબનું આચરણ કરવું, જીવનભર તપ કરી મન-ઇન્દ્રિયો પર આશ્ચર્યજનક સંયમ રાખનારા મુનિઓ માટે પણ દુષ્કર છે. તેનું ઉદાહરણ છે ઉત્તંક મુનિ.

મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી પાછા વળતાં મરુભૂમિમાં શ્રીકૃષ્ણને ઉત્તંક મુનિનો મેળાપ થાય છે. સંસારની ઘડભાંજથી તેઓ એટલા બધા અલિપ્ત છે કે પોતાને અઢાર અક્ષૌહિણીનો સંહાર થઈ ગયો તેની ખબર પણ શ્રીકૃષ્ણ તેમને આપે છે ત્યારે જાણે છે. તેઓ તો મગ્ન છે પોતાના કઠોર તપમાં.

શ્રીકૃષ્ણ એમને પોતાને લાયક સેવાકાર્ય ચીંધવા કહે છે ત્યારે ઉત્તંક મુનિ મરુભૂમિમાં અવારનવાર પાણીનું કષ્ટ પડે છે એટલું જણાવે છે.

શ્રીકૃષ્ણ તેમને કહે છે, આપને કષ્ટ પડે ત્યારે મને સંભારવો; પાણી આવી જશે.

એક વાર ઉત્તંક મુનિને ભારે તરસ લાગી, અને ક્યાંયે પાણી મળ્યું નહીં, ત્યારે કૃષ્ણસ્મરણ કર્યું. કૃષ્ણને થયું, આવા મહાતપસ્વી મુનિને સાદું પાણી શા સારુ મોકલવું? એટલે તેમણે ઇન્દ્રને અમૃત મોકલવા સૂચવ્યું. ઇન્દ્ર કહે કે, અમૃત તો કેવળ દેવતાઓ માટે છે, છતાં આપનો આગ્રહ છે એટલે મોકલીશ.

ઇન્દ્રે અમૃત તો મોકલ્યું, પણ ચાંડાળ દ્વારા, અને ચામડાની મશકમાં. ઉત્તંક મુનિ પાસે ચાંડાળ સાત-આઠ શિકારી કૂતરાઓ સાથે અમૃતની મશક લઈને પ્રત્યક્ષ થયો.

શુદ્ધ બ્રાહ્મણ, વળી મહાતપસ્વી, ઉપરાંત શાસ્ત્રાભ્યાસી; કેવી રીતે ચાંડાળના હાથનું પાણી પીએ? વર્ણધર્મ નષ્ટ થઈ જાય તેના કરતાં તો તરસ્યા રહેવું સારું એવું ધારી એમણે પેલા ચાંડાળને પાછો મોકલ્યો. શાપ ન આપ્યો એટલા સારા.

શ્રીકૃષ્ણને આનો તો ખ્યાલ જ ન હતો, એટલે ફરી મળતાં તપસ્વીની શાતા પૂછી ત્યારે મુનિ કહે, તમે બધાંને ખોટાં વચનો આપતા ફરો છો. મને કહેલું, સ્મરણ કરશો ત્યારે પાણી મોકલીશ.

મોકલ્યું જ હતુંને?

શું મોકલ્યું હતું? ચાંડાળની મશકમાં? વચન પાળવાના આ તે કાંઈ ઢંગ છે? ભગવાને આંતરદૃષ્ટિથી ઇન્દ્રે શું કર્યું હતું તે જોઈ લીધું. હસીને કહે, મુનિ, મેં તો પાણીને બદલે અમૃત મોકલ્યું હતું. પણ તમે તે ખોયું.

ઋષિની નજર ચામડાની આરપાર ન ગઈ, કારણ કે તેઓ પ્રચલિત ધર્મના ચામડામાં પુરાયેલા હતા. આવાને અમૃતની પ્રાપ્તિ થતી નથી. જરૂર

←

# ગ્રીન રિવોલ્યુશનથી એવરગ્રીન રિવોલ્યુશન
# ભારતના કૃષિવિકાસના યુગપ્રહરી સ્વામીનાથનને શતાબ્દી અંજલિ



બ્રિટીશરોની અઢી સદીની શોષણખોર નીતિઓથી કંગાળ બનાવી દેવાયેલ ભારતની આઝાદી પછી PL ૪૮૦ના નામે અમેરિકાની રહેમ નજર હેઠળ દેશને અનાજ પૂરું પડતું! ખરેખર તો એ રહેમના નામે અંકલ સામનો સોદો હતો ! દિલ્હીમાં પુસા ઇન્સ્ટિટ્યૂટના કોઈ કાર્યક્રમમાં જતી વખતે ૧૯૬૬માં ભારતનાં નવાં બનેલાં વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સાથે કારમાં એક વિજ્ઞાની બેઠા હતા. વડાપ્રધાને પૂછ્યું, 'શું તમે જેની વાત કરો છો તેવી ઠીંગણી જાતો લાવીને આવતાં બે વર્ષમાં એક કરોડ ટનથી વધુ અનાજ પેદા કરી આપી શકો? આપણે આ અમેરિકનોના રહેમ/રંજાડથી બચવું છે.' સામે જવાબ મળ્યો, 'યસ, મે'મ !' આત્મવિશ્વાસપૂર્વકના આ જવાબે રાજકીય ઇચ્છાશક્તિ તૈયાર કરી માર્ગ મોકળો કરી આપ્યો. એ હતા, ડો. એમ. એસ. સ્વામીનાથન, જેમણે ખુદે આ વાત જાણીતા કૃષિ-અર્થશાસ્ત્રી અને પત્રકાર દેવીન્દર શર્માને કરેલી. અડધા કલાકની એ મુસાફરીમાં ભારતની હરિયાળી ક્રાંતિનો પાયો નંખાયો! નોર્મન બોર્લોગની મદદ લેવાઈ. મેક્સિકોથી ઘઉંની રાસાયણિક ખાતરોનો ડોઝ આપવાથી ઢળી ન પડે એવી જાતોનું ૧૮૦૦૦ ટન બીજ મંગાવાયું (જે વિશ્વની સૌથી મોટી બીજ નિકાસ હતી). રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વાપરીને પહેલાં ઘઉં અને પછી ડાંગરમાં પણ ઉત્પાદક્તા વધારી દેવાઈ. વિશ્વમાં બીજા નંબરની વસ્તી ધરાવતા દેશે રાહતદરે સંકર બીજ અને કૃષિ રસાયણો આપી તથા ઘઉં-ડાંગરની ટેકાના ભાવે ખરીદી કરી અન્નસ્વાવલંબન સાધ્યું! અલબત્ત, તેની સામે અન્ય પાકોનો ભોગ પણ લેવાયો.

હરિયાળી ક્રાંતિની શરૂઆતમાં જ, ૧૯૬૮માં વારાણસી ખાતે ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસમાં સ્વામીનાથનજીએ જાહેરમાં ચેતવણી આપેલી કે, 'જમીનની ફળદ્રુપતા અને પોતના સંરક્ષણની દરકાર વિના કરાતી ઇન્ટેન્સિવ ખેતીથી જમીન રણ જેવી બની જશે. પાણીના નિકાલની વ્યવસ્થા વિના કરાતું પિયત જમીનને ભાસ્મિક અને ખારી બનાવી દેશે. જંતુનાશકો, ફૂગનાશકો અને નિંદણનાશકોના અમર્યાદ ઉપયોગથી કુદરતી સંતુલન ખોરવાઈ જશે તથા અનાજ અને અન્ય ખાદ્ય પેદાશોમાં ઝેરી અંશો આવવાથી કેન્સર અને અન્ય બીમારીના કિસ્સામાં વધારો થશે. યુગોથી થતી પ્રાકૃતિક ખેતીને કારણે સચવાયેલ અદ્‌ભુત મૂડીરૂપ ભૂર્ગભજળનો અવૈજ્ઞાનિક વપરાશ તેને ખુટાડી મેલશે. સ્થાનિક રીતે અનુકૂલન પામેલી દેશી જાતોને સ્થાને એકાદ-બે વધુ ઉત્પાદન આપતી જાતોને મોટા વિસ્તારોમાં ફેલાવી દેવાથી (વ્યાપક) રોગ ફેલાવાથી (પાકનો) સંપૂર્ણ નાશ થઈ જઈ શકે, જેમ ૧૮૪૫માં આઈરીશ બટેટાનો દુષ્કાળ પડેલો. આથી, પહેલાં યોગ્ય વૈજ્ઞાનિક અને તાલીમનો પાયો નાંખ્યા વિના, યોગ્ય સમજ વિના, આપણી પરંપરાગત ખેતીમાં દાખલ કરાઈ રહેલ દરેક બદલાવ અને શોષણખોર કૃષિપદ્ધતિઓ આપણને લાંબે ગાળે કૃષિ સમૃદ્ધિના યુગને બદલે કૃષિ હોનારતના યુગમાં લઈ જશે'. કમનસીબે એમનો એક એક શબ્દ સાચો પડયો! એ હરિયાળી 'ક્રાંતિ' આખરે 'ભ્રાંતિ' પુરવાર થઈ!

તેમનો જન્મ ૭મી ઓગષ્ટ, ૧૯૨૫ના રોજ તામિલનાડુના થાંજાવુરમાં થયેલો. ગાંધીજીની ૧૯૪૨ની ભારત છોડો ચળવળે આ સત્તર વર્ષના લબર મૂછિયાને દેશસેવા માટે પ્રેરિત કર્યો. ત્રીસેક લાખ લોકોને ભૂખમરાથી ભરખી જનાર ૧૯૪૩-૪૪ના બંગાળના દુષ્કાળને જોઈને તેમણે કૃષિ વિજ્ઞાની બનવાનું નક્કી કર્યું. પહેલાં પ્રાણીશાસ્ત્રમાં અને પછી કૃષિશાસ્ત્રમાં એમ બે વાર સ્નાતક થયા. ૧૯૪૭માં ઇન્ડિયન એગ્રીકલ્ચર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (IARI)માં જોડાઈને જનીનશાસ્ત્ર (Genetics) અને પાક સંવર્ધન (Plant Breeding)ના વિજ્ઞાન ભણ્યા, ૧૯૪૯માં સાયટોજીનેટિક્સમાં અનુસ્નાતક થયા. પછી યુનેસ્કોની ફેલોશીપ લઈને નેધરલેન્ડની પ્રખ્યાત વાજેનિન્જન યુનિવર્સિટીમાં જનીનશાસ્ત્રનો આગળનો અભ્યાસ કર્યો. ૧૯૫૦માં કેમ્બ્રિજમાં પીએચ.ડી. કર્યું. વિસ્કોન્સીનમાં જનીનશાસ્ત્રની પ્રયોગશાળાને ઊભી કરવામાં મદદ કરી. ૧૯૫૪માં ભારત આવી IARIમાં જોડાયા. ૧૯૭૨થી ૧૯૮૦ દરમ્યાન ઇન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)ના અને ૧૯૮૨ થી ૧૯૮૮ સુધી ફિલિપાઈન્સ સ્થિત વિશ્વના સૌથી મોટા ડાંગર સંશોધન કેન્દ્ર-ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (IRRI)ના ડાયરેક્ટર જનરલ તરીકે સેવાઓ આપી.

તેમણે IARIમાં ન્યુક્લિઅર રિસર્ચ લેબ સ્થાપી. આ ઉપરાંત, હૈદ્રાબાદ સ્થિત ઈન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સેમી-એરીડ ટ્રોપીક્સ (ICRISAT), ઈટાલીમાં ઈન્ટરનેશનલ બોર્ડ ફોર પ્લાન્ટ જેનેટિક રિસોર્સીસ, કેન્યામાં ઈન્ટરનેશલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન એગ્રો-ફોરેસ્ટ્રી જેવી આંતરરાષ્ટ્રિય સંસ્થાઓની સ્થાપનામાં તેમનું યોગદાન મહત્ત્વનું રહ્યું. વળી, ચીન, વિએટનામ, મ્યાનમાર, થાઈલેન્ડ, શ્રીલંકા, પાકિસ્તાન, ઈરાન અને કંબોડિયામાં સંશોધન ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપ્યું. માત્ર ભારતના જ નહીં, વિશ્વના ભૂખમરા સામે તેઓ યોદ્ધા હતા.

૧૯૬૭માં પદ્મશ્રી, ૧૯૭૧માં મેગ્સેસે, ૧૯૭૨માં પદ્મભૂષણ, ૧૯૮૭માં વર્લ્ડ ફૂડ પ્રાઈઝ અને ૧૯૮૯માં પદ્મવિભૂષણ સમેત ૨૦૧૬ સુધીમાં તેમને ૩૩ ભારતીય અને ૩૨ આંતરરાષ્ટ્રિય સન્માનો અને પુરસ્કારો તથા ૮૪ યુનિવર્સિટીઓમાંથી માનદ્ પીએચ.ડી. મળેલી. સન્માનોની રકમમાંથી

તેમણે ચેન્નાઈમાં એમ.એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરી. કૃષિમાં મહિલાઓના યોગદાનને અંકે કરવા તેઓ પ્રયત્નશીલ રહ્યા! ૨૦૦૭માં તેમને રાજ્યસભાના સભ્ય બનાવવામાં આવ્યા. આયોજન પંચના સભ્ય અને અનેક સરકારી સમિતિઓના વડા તરીકે તેમણે આજીવન ભારતની ખેતી અને ખેડૂતોની સેવા કરી.

તેમનું વ્યક્તિત્વ વિવાદાસ્પદ પણ રહ્યું. ઠે...ઠ ૧૯૬૮માં તેમણે જ ઉચ્ચારેલી ચેતવણી પછી પણ તેમણે હરિયાળી ક્રાંતિનો વિકલ્પ કેમ ન શોધ્યો? ભારતીય પરંપરાગત પ્રાકૃતિક ખેતીને આધારે સંશોધન અને વિકાસનો રસ્તો ઉવેખીને આ દેશમાં કેમ કૃષિ હોનારત થવા દીધી? ૧૯૭૧માં તેમણે ભારતની ડાંગરની દેશી જાતોની ખાસિયતો અને મહત્ત્વને રજૂ કરતું સંશોધનપત્ર લખેલું તેમ છતાં તે જાતોને મહત્ત્વ કેમ ન આપ્યું? તેમની સાથેના ડો. રિછારિયા જેવા વિજ્ઞાનીઓએ દેશી જાતોનું કામ શરૂ કરેલું તેમ છતાં આવા વિજ્ઞાનીઓને તેમનાથી ભારોભાર અસંતોષ રહેલો તે જગજાહેર છે. કેટલાકને તેમ પણ લાગે છે કે તેઓ રસાયણો અને બજાર આધારિત જે ટેક્નોલોજી લાવ્યા તે અમેરિકન સરકાર, ફોર્ડ ફાઉન્ડેશન અને રોકફેલર ફાઉન્ડેશન જેવાં અમેરિકન કોર્પોરેટ હાઉસોની ચેરીટીના દબાણ કે લાલચ હેઠળ થયું. તેનાથી ભારતને લાંબા ગાળાનું નુકસાન થયું, ખેડૂતોની તકલીફ વધી અને અમેરિકાને તેનાં હિતો સાધવામાં મદદ મળી. ભારતનાં વિજ્ઞાન સંસ્થાનોમાં જૂથબંધી, રાજકારણ, વધુ પડતા દાવા, બીજાનાં સંશોધનની ઉઠાંતરી, ઉપરીઓની ચશમપોશી અને નીચેનાનું શોષણ, હરીફો માટેનો તેજોદ્વેશ, પ્રમોશનમાં વહાલા-દવલા કરવા જેવી બદીઓ ઘર કરી ગઈ છે, તેના વિરોધરૂપે તેમના કાર્યકાળ દરમ્યાન એક વિજ્ઞાનીએ આપઘાત કર્યો ત્યારે આ બદીઓની ચર્ચા રાજ્યસભામાં ય થયેલી. ૧૯૮૬માં The Illustrated Weekly એ The Great Gene Robbery ને નામે કવર સ્ટોરી છાપી, જેમાં આરોપ મુકાયો કે દેશ માટે અમૂલ્ય એવી ડાંગરની વિવિધ દેશી જાતોની વિરાસત તેઓ ફિલિપાઈન્સ લઈ ગયા. ખરેખર તો તે તમામ બીજ ભારતમાં સાચવીને ડુપ્લિકેટ કરીને જ લઈ જવાયેલા. તેઓ માનતા હશે કે વિશ્વભરના પાકોનું વૈવિધ્યપૂર્ણ જર્મપ્લાઝ્મ એ માનવજાતની સામૂહિક વિરાસત છે અને તે રાજકીય સરહદોની સંકિર્ણતાથી મુક્ત હોવી જોઈએ. જ્યારે આસામ રાઈસ કલેક્ષન નામે ડાંગરની ૫૦૦૦ જાતો ભારતમાં નાશ પામી ત્યારે IRRI તરફથી વિનામૂલ્યે તે બીજ ડુપ્લિકેટ કરીને ભારતને પાછું મળેલું. તેવો જ લાભ યુદ્ધ પછી વિએટનામ અને કંબોડિયાને પણ મળેલો. તેમને આ વિરાસતના વ્યાપારીકરણ અને એકાધિકાર પસંદ ન હતાં.

રાસાયણિક ખેતીના નિષ્ફળ મોડેલની આગળની નીપજ સમાન જી.એમ. ટેક્નોલોજી વિશે તેમણે જાહેરમાં સ્પષ્ટ અભિપ્રાય આપવાનું ડિપ્લોમેટિક રીતે ટાળ્યું. બીટી કપાસની ગેરકાયદે અને પછી કાયદેસર બનેલી ખેતી વખતે તેમણે મૌન સાધેલું! કૃષિ વિભાગના બાયો ટેક્નોલોજી ટાસ્કફોર્સના ચેરમેન તરીકે ૨૦૦૪માં તેમણે જણાવેલું કે, ખેતીપાકોમાં જનીન રૂપાંતરણનો રસ્તો જોખમી છે. જ્યારે અન્ય કોઈ વિકલ્પે સમસ્યાનો હલ ન આવે તેમ હોય ત્યારે જ આ ટેક્નોલોજી વાપરવી જોઈએ. બીટી રીંગણના વિવાદ વખતે તત્કાલિન પર્યાવરણમંત્રી જયરામ રમેશને સ્પષ્ટ જણાવેલું કે, સ્વતંત્ર ચકાસણી થકી માનવસ્વાસ્થ્યને અને રીંગણની વિવિધતાને નુકસાન નહીં પહોંચે તેવી ખાતરી ન થાય ત્યાં સુધી મંજૂરી આપી શકાય નહીં. અને આખરે તેની પર રોક લાગી. ૨૦૧૩માં તેમણે તેમના ફાઉન્ડેશન ખાતે જીએમ પાકોના વિજ્ઞાન અને નિયમન વિશે એક કન્સલ્ટેશન ગોઠવેલું. દેશના ટોચના કૃષિ વિજ્ઞાનીઓ, બાયોટેક ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજીના અધિકારીઓ અને કર્મશીલોએ સાથે મળીને વિમર્શ કરેલો. આ બધાંયને એક મંચ પર ભેગા કરી શકે તેવી તેમની ક્ષમતા હતી. આ કન્સલ્ટેશનમાં તેમણે જાતે સરગવાની વાનગીઓની સ્લાઈડ રજૂ કરતાં કહેલું કે, ચોખા સાથે સરગવાનાં પાન/ફૂલ ખાવાની આપણી પરંપરામાંથી પૂરતું વિટામીન-એ મળી રહે છે. વિટામીન-એની ઊણપ દૂર કરવા આવા સસ્તા અને સલામત રસ્તા હોય તો વિટામીન-એ યુક્ત જીએમ ચોખાની શી જરૂર? ત્યારે ચાના વિરામ વખતે આ લેખક સમેતના કર્મશીલોને મળીને કહે, જીએમ બીજના નામે મોન્સેન્ટો જેવી કંપનીઓ આ દેશમાં ઘૂસે તો ઠીક નહીં થાય! તે પછી દેશની જાણીતી સાયન્ટીફિક જર્નલ ‘કરન્ટ સાયન્સ’માં ૨૦૧૮માં પ્રકાશિત એક એવા લેખના તેઓ સહલેખક હતા જેમાં જીએમ રાયડાની અપ્રસ્તુતતા અને ખામીઓનું વર્ણન હતું. તે સામે વિરોધ થતાં તેમણે પાછીપાની કરી સહલેખક તરીકેનું સ્થાન રદ કરાવીને સૌને નવાઈમાં મૂકી દીધા!

તેમણે લીધેલ કૃષિવિકાસનો રસ્તો જુદો હતો; જે આજે, લાંબે ગાળે મહદ્અંશે તકલાદી સાબિત થયો. પણ શું તેમની નિયત ખોટી હતી? તેમના નિર્ણયોને જે તે કાળના વિજ્ઞાન, ટેક્નોલોજી અને રાજકીય-આર્થિક- સામાજિક સંદર્ભો સાથે જોવાથી તેમને યોગ્ય ન્યાય આપી શકાય. કોઈ ગાંધીજી પર એવો આરોપ મૂકે કે તેઓ કૃષિ રસાયણો, જીએમ પાકો, ક્લાઈમેન્ટ ક્રાઈસીસ કે પ્રાકૃતિક ખેતી વિશે કશું બોલ્યા જ નથી તો તે આરોપમાં વજૂદ કેટલી? વિજ્ઞાન અને ટેક્નોલોજી સતત વિકસતા હોય છે. નવા બોધપાઠ સાથે, નવા સંદર્ભ સાથે તે નવા ઉકેલો આપે છે. માણસજાત ભૂલ કરીને જ શીખતી આવી છે! ૧૯૮૪ની આસપાસ તેઓ આણંદની ખેતીવાડી કૉલેજમાં આવેલા ત્યારે તેમને સાંભળીને મંત્રમુગ્ધ થવાયેલું. જાણે ખેતીના વિજ્ઞાન વિશે ગાંધીજી બોલતા હોય! ત્યારે તેમણે ડાંગર-ઘઉંના પરાળ બાળવા સામે ચેતવણી આપતાં કહેલું, ખેતીનો બાયોમાસ જમીનમાં પાછો ભળવો જોઈએ. જમીનમાં સેન્દ્રિય કાર્બન પાછો નહીં ઉમેરાય તો મોટું જોખમ થશે. આ વાતને આજે ચાર દાયકા થયા. પંજાબ-હરિયાણાની દશા આપણી સામે છે! ઈન્ડોનેશિયામાં કીટકના ઉપદ્રવને કારણે જોખમમાં મુકાયેલી ડાંગરની ખેતીને બચાવવા પ્રમુખ સુહાર્તોએ સ્વામીનાથનની સહાય માંગેલી. તેમણે IRRIના વિજ્ઞાનીઓને મોકલી સંકલિત કીટક નિયંત્રણ (IPM) થકી સમસ્યાનો પર્યાવરણમિત્ર ઉકેલ કરી આપેલો. તેમની સલાહથી સુહાર્તોએ રાતોરાત ૫૭ જંતુનાશકો પર પ્રતિબંધ લાદી દીધેલો! ગુજરાતમાં સાચા ખેત-વિકાસ માટે આખી જિંદગી ખર્ચી નાંખનાર રાજુભાઈ જંત્રાણિયાને તેમણે ફિલિપાઈન્સ બોલાવી તાલીમ આપેલી અને તેની નીપજરૂપે ડાંગરના પાકમાં જોવા મળતાં ખેડૂતમિત્ર પરભક્ષી કીટકોની સચિત્ર પુસ્તિકા બહાર પડેલી! સાઈલન્ટ વેલી પર ડેમ ન બાંધવા તેમણે સરકારને સમજાવેલી.

(જુઓ પાન નં. ૨૦)

# યહી કિસ્સા પુરાના હૈ !

હમણાં એક જ દિવસે, થોડા કલાકને અંતરે, બે ઘટના બની. એક ઘટના એ બની કે અમદાવાદથી ઊપડેલ એક વિમાન હજી તો ટેક-ઑફ કરે ત્યાં તો તેનાં એન્જિન કામ કરતાં બંધ થઈ ગયાં અને તે નીચે આવીને પછડાયું તૂટી પડ્યું અને ૨૫૦થી વધારે મુસાફરો મરી ગયા. તેના જ થોડા કલાકને અંતરે કચ્છના એક નાના ગામ રતીયામાં એક પ્રાથમિક શાળામાં બાળકો ભણતાં હતાં ત્યારે અચાનક છતના પોપડા ખરીને બાળકો પર પડ્યા. ત્રણ-ચાર બાળકોને ઇજા થઈ અને હૉસ્પિટલમાં ખસેડવાં પડ્યાં.

વિમાનની ઘટનાથી આખી દુનિયામાં હાહાકાર થઈ ગયો. શાળાની ઘટનાની ખાસ કોઈને ખબર નથી. બની, ભુલાઈ ગઈ !

બંને ઘટનામાં એક કારણ સામાન્ય - માનવ બેદરકારી ! એટલે કે વહીવટી બેદરકારી. એટલે કે મુસાફરો હોય કે બાળકો, તેમના પ્રત્યે અસંવેદનશીલતા. વહીવટને પૂછશો તો કહેશે કે આ તો 'ટેકનિકલ ભૂલ' હતી, પણ હકીકતે તે બેદરકારી જ હતી. અને આવી બેદરકારી દર પળે દરેક ખૂણામાં થયા કરે છે. છાપાં તેની નોંધ લે છે, લોકો વાંચે પણ છે, કદાચ ગુસ્સે કે ઉદાસ પણ થાય છે, વહીવટ કે સરકારને ગાળો પણ આપે છે, પણ પાંચ મિનિટ પછી ભૂલી જાય છે. અને ફરી ફરી આવી ઘટનાઓ બન્યા કરે છે.

કલ્પના તો કરો ! એક વિમાન તૂટ્યું, ક્યાંક જઈ ભટકાયું. ત્યાં વિદ્યાર્થીઓ જમતા હતા. તેમનામાંથી આ કારણે કોઈ મરી ગયા તો કોઈ ઘાયલ થયા. જ્યાં વિમાન પડ્યું, ત્યાં તેમાં ધડાકો થયો અને એક લાખ લીટર પેટ્રોલ ફાટ્યું. તેની ગરમીથી એક હજાર ડિગ્રી ઉષ્ણતામાન વધી ગયું. આસપાસનાં જાનવરો કે વસ્તુઓ કે વૃક્ષો પળમાં રાખ થઈ ગયાં. પર્યાવરણ પર શું અસર થઈ હશે તેની તો હવે ખબર પડશે. હૉસ્ટેલનાં મકાન જર્જરિત થઈ ગયાં. આસપાસનાં મકાનોને પણ ભારે નુકસાન થયું હશે. વાહનોને નુકસાન થયું હશે. એક ઘટનાના કેટકેટલા ભયંકર પ્રત્યાઘાત આવ્યા !

શાળામાં પોપડા ખર્યા એટલે બાળકો ગંભીર રીતે ઘાયલ થયાં. વાલીઓ ચિંતામાં મુકાઈ ગયા. દોડાદોડ થઈ પડી. બિનજરૂરી મેડિકલ ખર્ચ થયો. વધુ પોપડા ખર્યા હોત તો ? બાળકો મર્યા હોત તો ?

પણ વહીવટને પૂછશો તો આરામથી કહેશે, 'ટેકનિકલ ભૂલ !'

આ વિમાનમાં કશીક ખામી મુસાફરોને દેખાઈ હતી. વહીવટને કેમ નહિ દેખાઈ હોય? શાળામાં રિપેરિંગની જરૂર છે એમ ઘણા સમયથી ગામવાળા કહેતા હતા, પણ વહીવટ તેને અવગણતો હતો ! તેને ગુણોત્સવમાં રસ હતો, પણ તેમાં આવનાર બાળકોને સરસ રૂમો મળે તેમાં રસ ન હતો. બાળકો આવી જાય એટલે ''ટાર્ગેટ'' પૂરું ! હવે શિક્ષક જાણે અને ગામવાળા જાણે !

આવું સર્વત્ર નથી દેખાતું? આપણા રસ્તાઓ કેવા છે? સામાન્ય જ નહિ, ''ગૌરવ પથો'' પણ ! રાષ્ટ્રીય ધોરી માર્ગો પણ ! તેમાં રોજ અકસ્માતો નથી થતા? કરોડો રૂપિયાના ટેક્ષ લેવાય છે, પણ સગવડ? શૂન્ય ! તો રેલવેમાં ? હમણાં સૈનિકો પર સરકાર અને વહીવટ વારી ગયાં કે ઑપરેશન સિંદૂર તેમના કારણે સફળ ગયું, પણ એક ફરજ પર જવા માટે તેમને ખાસ ટ્રેન આપી તો કેવી? તદ્દન સડેલી ! કોઈ જ વ્યવસ્થા નહિ ! કારણ પૂછો તો? ભયંકર મૌન ! વહીવટના દરેક ક્ષેત્રમાં આવી જ અસંવેદનશીલતા જોવા મળે છે. સ્પીડ પોસ્ટ ત્રણ ચાર અઠવાડિયે પહોંચે છે !

આમ કેમ થાય છે - આ સવાલ છે. અને આજે જ થાય છે? ના, આ ભારતની ઐતિહાસિક મર્યાદા રહી છે. ભૂતકાળમાં ભારતમાં રાજાશાહી હતી. તેમાં બે વર્ગ - પહેલો વર્ગ રાજા અને જમીનદાર અને બીજો વર્ગ સામાન્ય જનતા. પ્રથમ વર્ગ માને કે તેઓ ઊંચા છે અને જગતનું કોઈ મહત્ત્વ નથી. સમાજમાં પણ ચાર વર્ગ. તેમાં પહેલા બે 'ઊંચા' અને બાકીના બે 'નીચા'. ઊંચા નીચા તરફ ઉદાસ જ નહિ, ક્રૂર ! એટલે સમગ્ર ઇતિહાસમાં નજર કરીશું તો સામાન્ય જનતા હમેશાં અભાવમાં રહી છે. રાજાઓએ અને જમીનદારોએ અને કહેવાતા ઊંચા વર્ગે તેમનું હમેશાં અને સતત શોષણ જ કર્યું છે. ભારતમાં બે જ વર્ગ રહ્યા છે : શોષક અને શોષિત. એંસી ટકા શોષિત ! સ્વતંત્રતા આવી ત્યારે થયું કે હવે કદાચ સમાનતા આવશે, પરંતુ પછી પણ આ બે વર્ગો ચાલુ જ રહ્યા.

નેતાઓ અને વહીવટકારો શોષક જ રહ્યા અને જનતા શોષિત જ રહી. વહીવટ હમેશાં લોકોના પ્રશ્નો બાબતે અસંવેદનશીલ જ રહ્યો છે. પોણી સદી પછી પણ જનતાનો કોઈ જ અવાજ નથી. જનતાની ફરિયાદો વહીવટ સાંભળતો જ નથી. થોડા થોડા સમયે અનેક આફતો આવે છે. મોરબીમાં, વડોદરામાં, સામાજિક પ્રસંગોમાં, અનેક લોકો મરે છે કે ઘાયલ થાય છે. પણ તે માટે જવાબદાર કોઈ વહીવટકારનો વાળ પણ વાંકો થાય છે? રોજના સેંકડો અકસ્માતો થાય છે. કોઈ જવાબદારી લે છે? કારણ ?

આજે પણ શોષક વર્ગ માને છે કે તેઓ કાયદાથી પર છે. સામાન્ય જનતા એક રોટલી પણ ચોરે તો જેલની સજા અને સત્તાધારી કરોડો રૂપિયા ખાઈ જાય તો તેને કોઈ અડકી પણ ન શકે. કારણ ? તે કાયદાથી પર છે ! તે શોષક વર્ગનો પ્રતિનિધિ છે. અને આ વર્ગને ''સુપર ક્લાસ''નો મનાય છે ! લાખો રૂપિયા પગાર, જવાબદારી શૂન્ય ! આજે મોટા ભાગના લોકો ગમે તેમ કરીને પુષ્કળ રૂપિયા ભેગા કરવા માગે છે કે સત્તા મેળવવા માગે છે તેનું એક કારણ આ જ છે - તેમને પણ શોષક વર્ગમાં દાખલ થવું છે. ભલે હજારો સંન્યાસીઓ ત્યાગનો ઉપદેશ આપે છે, બધા સાંભળે પણ છે, ડોકાં પણ હલાવે છે, પણ અંદરથી માનતા નથી. ખુદ આ કહેવાતા સાધુઓ પણ આ શોષકોની ખુશામત કરે છે !

માનવજાતમાં આ શોષણ કરવાની વૃત્તિ બહુ જબરી છે. તક મળી નથી અને શોષણ ચાલુ. ક્યારેક સત્તાના નામે શોષણ, તો ક્યારેક ધર્મના નામે શોષણ તો ક્યારેક પ્રેમના નામે શોષણ. વાંચીને નવાઈ લાગશે

પણ પ્રેમના નામે તો સૌથી વધુ શોષણ થાય છે. ઘરમાં પત્ની અને બાળકો તેના મહત્તમ ભોગ બને છે. બધી જ જવાબદારી પત્નીની, બધા જ ભોગ પત્નીને જ આપવાના. બધો જ ત્યાગ પત્નીએ કરવાનો. અને પતિએ શું કરવાનું ? માત્ર સત્તા ચલાવવાની. તેણે પત્નીનું ''ઇમોશનલ બ્લેક મેઇલીંગ' કર્યા કરવાનું.

આવી જ હાલત બાળકોની છે - આજે પણ. આજે બે પેઢી વચ્ચે જે સૂક્ષ્મ સંઘર્ષ ચાલે છે, તેનો જો અભ્યાસ કરવામાં આવે, તો બાળકોની સ્થિતિ જોઈ તેમની દયા આવી જાય. (તેમાં પણ છોકરીઓની સ્થિતિ તો વધારે કરુણાજનક છે !) ટૂંકમાં, ઘરના વહીવટથી દેશના વહીવટ સુધી સર્વત્ર શોષણ જ શોષણ ચાલે છે. તેના કોઈ ખુલાસા પણ નથી. તેનો જવાબ પણ આપવાનો નથી. બહુ ધમાલ થાય તો અધિકારી કોઈ નાના વહીવટકારને બલીનો બકરો બનાવી દે. પોતે આરામથી છૂટી જાય! વર્ષો પહેલાં રેલવેમાં અકસ્માત થયો હતો ત્યારે લાલબહાદુર શાસ્ત્રીએ રાજીનામું આપી દીધું હતું. આજે આની સ્વપ્નામાં પણ કલ્પના કરી શકાય? કરવા જઈએ તો દેશદ્રોહી ઠરીએ !

શું આ અકસ્માતની તપાસ થશે ? કશી નહિ. એક તો ત્રણ મહિનાનો સમય આપ્યો છે એટલે લોકો જ ભૂલી જશે. અને વહીવટને આ પ્રજાની ભૂલવાની કુટેવનો બરાબર ખ્યાલ છે. એટલે તેઓ આરામથી બીજી 'ટેકનિકલ ભૂલો' કર્યા કરશે.

એટલે જ આપણી કહેવતો પણ અભાવગ્રસ્ત છે ! ''આશા અમર છે.'' ક્યારેય પૂરી ન થાય ! વહીવટે જ આ કહેવત બનાવી હોય એવું લાગે છે અન પ્રજાને તેનું ઇંજેક્શન આપી દીધું છે કે આશા રાખ્યા કરો. પરિણામ કશું નહિ આવે. અને ધર્મે બીજું ઇંજેક્શન આપ્યું છે - ''ભગવાનની મરજી.'' વહીવટનો કશો જ વાંક નથી. જે કંઈ વાંક છે તે પ્રજાનો જ છે. માટે ભલે તે હેરાન થયા કરે. હા, તેમાંથી કોઈમાં આવડત હોય તો તેઓ વહીવટમાં ઘૂસી શકે છે અને તેઓ પણ પ્રજાનું શોષણ કરી શકે છે. મનોવિજ્ઞાનમાં બે જ શબ્દો છે : ''દબાવ'' અથવા ''દબાવો.''

વહીવટ માટે સદીઓ પહેલાં એક કહેવત રચાઈ ગઈ છે : ''વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો !'' વહીવટને એક જ રસ - પગાર પંચોમાં ! પ્રજાના પૈસા કેમ મહત્તમ લેવા અને પ્રજાને જ ગરીબ રાખવી !

નાનકે સદીઓ પહેલાં કહ્યું હતું - યહ કિસ્સા પુરાના હૈ.

**- હરેશ ધોળકિયા**

# લિખિતંગ

■ **રમેશ ર. દવે,** અમદાવાદ. મો.: ૯૭૩૭૭૪૫૫૫૯

તા. ૧૬.૬.૨૫નો ભૂ. અંક મળ્યો. મોજથી વાંચ્યો ! આ અંક જેમને સમર્પિત છે એ ઉમાદીદી પણ હૈયામાં વસી ગયાં ! સંપાદક તરીકે તમે સહુએ આ અંક માટે વિવિધ સર્વોદય સજ્જનોને ઉમાદીદી વિશે સુમધુર સંભારણ લખવા ઉત્સાહભેર સાંકળ્યાં છે અને એમની પાસેથી સમયસર સામગ્રી લખાવી-મેળવીને એક મહત્ત્વનું, આંનદદાયી કામ એકે કર્યું છે. તેનો સ્પૃહણીય પ્રતિભાવ આ પત્ર રૂપે પાઠવું છું.

આ પ્રકારનાં સંપાદકીય કામ તમારા દ્વારા હોંશીલી મોજથી થતાં રહે એવી એવી સહૃદય શુભેચ્છાઓ.

■ **અશ્વિન કરીઆ,** ૧૬, શ્યામવિહાર, એગોલો રોડ, પાલનપુર-૩૮૫૦૦૧

ભૂ.નો સંઘમિત્રાબહેન વિશેનો અંક વાંચ્યો. આવી બહેનને ન મળ્યાનો અફસોસ થયો. તેમના અંગે જાણકારી પણ ન હતી.

■ **કિશોર એસ. ચૌહાણ,** એ-૧૫, બુસા હાઉસિંગ સોસાયટી, દહેજ બાયપાસ રોડ, ભરૂચ - ૩૯૨ ૦૦૧. મો. ૯૪૨૭૧૧૬૬૪૯

ભૂમિપત્ર મેગેઝિનમાં પ્રવીણ ભાઈ પટેલ લિખિત ''સોક્રેટીસ ઉવાચ : ભારતીય દેશભક્ત વચ્ચેનો એક કાલ્પનિક સંવાદ'' વિશેના તમામ લેખો વાંચ્યા. આ લેખોથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. હું ભરૂચથી છું અને ભૂમિપત્રનો વર્ષોથી વાચક છું.

સદર લેખો માત્ર હિન્દુ- મુસ્લિમ પૂરતો જ નથી, પણ અન્ય જાતિઓ વચ્ચે પણ વિષમતા અને ભ્રમ ફેલાયેલ છે. જો તે સ્વસ્થ રીતે સોક્રેટીસ સાથે સંવાદ ઢબે પોતાની જાતને કે અન્ય મિત્ર સાથે ખુલ્લા મને પ્રશ્નો કરે તો, એ પ્રશ્નોથી જ સાચી સમજણ આવે અને તેનો ઉકેલ આવી જાય. સવાલ સ્વ દ્વારા સ્વસ્થ મૂલ્યાંકનનો છે.

વિવિધ લેખોમાં આપે ખૂબ જ ચીવટથી, સામાન્ય નાગરિક દ્વારા સોક્રેટીસને પુછાતા પ્રશ્નો રોચક શૈલીમાં રજૂ કર્યા છે. સામાન્ય જન કે નાગરિક સોક્રેટીસ ઢબે વિચારે તો, તેના કેટલા બધા ખોટા પૂર્વગ્રહ આસાનીથી ખરી જાય અને સમાજમાં ફેલાતી વિષમતામાંથી માણસને મુક્તિ મળે !

મેં તાજેતરમાં જાણ્યું કે આપના ભૂમિપુત્રમાં છપાયેલ લેખોના સંકલનરૂપે એક પુસ્તિકા પણ થઈ છે. આ ખૂબ જ ખુશીની બાબત છે. આપની પુસ્તિકા મારે મિત્રો અને ભરૂચ, અંકલેશ્વર જાહેર પુસ્તકાલયો માટે જોઈએ છે.

**નોંધ : આ અંકના પાના નં ૧૬ પરનો શ્રી રમણભાઈ સોનીનો લેખ વાંચશો. તેમાં આ પુસ્તકનો પરિચય છે. અને આ પુસ્તક ક્યાંથી પ્રાપ્ત થશે તેની વિગતો પણ આપેલી છે.**

■ **સંજય ભાવે,** ૧૪૩, પારસકુંજ સોસાયટી વિભાગ-૩, ઝાંસી સ્ટેચ્યુ પાસે, સેટેલાઇટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

ઉમાબહેન વિશેનો વિશેષાંક કરવા બદલ ખૂબ ધન્યવાદ. આ અંક ભૂમિપુત્રની સામાજિક કૃતજ્ઞતા, મહેનત અને સંપાદકીય resource-fulness બતાવે છે. સંઘમિત્રાબહેન વિશે જે કંઈ જાણવું હોય તે બધું આંકમાં છે. તમે સહુએ આવું કામ કર્યું તે માટે નાગરિક સમાજ તમારો ઋણી રહેશે.

તમને સહુને કુશળતા ઇચ્છું છું.

# માનવસેવાનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠિયા - ૨

(ગતાંકનું ચાલુ....)



○ ડોનેશન હેઠળ આશરે રૂપિયા બે કરોડ જેટલી વિવિધ પ્રવૃત્તિ અર્થે વડા પ્રધાન શ્રી મોદીના --- શ્રી પ્રવીણભાઈ કે. લાહેરી સાહેબના હસ્તે, સદ્‌વિચાર પરિવારના હૉલમાં અનુદાનના ચેક દ્વારા આપી, સંસ્થાઓના સૂત્રધારને બોલાવી સન્માનિત કર્યા હતા.

■ **ભાવનગરમાં કિડની દરદીઓને વ્હારે**

કિડની ફેલ્યોર દરદીને ડાયાલિસીસ પ્રોસેસમાં ફિસ્ટુલા બેસાડવામાં નિયમિત ડાયાબિટીસ, બી.પી. અને ક્રિએટીનની વધઘટની નોંધ કરવા પેથોલોજિકલ ચેક અપ કરવા જેવા અને મોંઘાં દવા-ઈંજેક્શન સસ્તા ભાવે મળી રહે તેવી વ્યવસ્થા કે.આર. દોશી ટ્રસ્ટ, ભાવનગરના નેજા હેઠળ સુચિતા કપુર છેલ્લાં બાર વર્ષથી કાર્યરત છે. મેડિકલ કેમ્પ દ્વારા દરદીઓ સાથે સતત સંપર્કમાં રહી તેમની સારવારમાં સદાય સહાયભૂત થતા રહે છે.

માનવ જ્યોત સુચિતા કપુરને ઉપરોક્ત સર્વે સેવા કાર્યોમાં સહકાર આપી દરદી નારાયણને ખૂબ જ રાહત દરે સારવાર-સાધન સામગ્રી પહોંચાડી તેમની પડખે ઊભા રહેવાનું નેક કામ કરતી રહે છે.

માનવ જ્યોત વરસે દહાડે રૂપિયા ૪ થી ૫ લાખ રૂપિયાની મોંઘી દવાઓ / ઈંજેક્શન / વસ્ત્રદાન, સીકબેડ આઈટમો વગેરે મોકલે છે.

સીકબેડ આઈટમો ખૂબ જ રાહત દરે કે વિનામૂલ્યે તેમ જ ભાડા ડિપોઝીટ પર આપી સામાન્યજનને પરવડે તે રીતે સહાયક બનતું આવ્યું છે. તેમની જીવદયાની પ્રવૃત્તિઓમાં પણ માનવ જ્યોત તેમની સાથે રહે છે.

■ **કિડની ડાયાલિસીસ સેન્ટરો**

કીડની ડાયાલિસીસની પ્રક્રિયા ખૂબ જ કંટાળાજનક છે. ત્રણેક કલાકની પ્રક્રિયા પીડાદાયક છે. જે દરદીએ લગભગ પોતાના રહેઠાણની નજીક હોય, સસ્તું હોય તે અંગે નામ સરનામાં ફોનનંબર સાથેની વિગતો છપાવી શ્રી લુઠિયા કિડની ફેલ્યોર દરદીઓને મદદરૂપ બનતા રહે છે. કિડની ડાયાલિસીસ સેન્ટરોની માહિતી તેમને માર્ગદર્શક બની રહે છે. આશરે ૩૦૦૦ પુસ્તિકાઓનું પ્રકાશન તેમણે કર્યું છે.

■ **સમસ્ત મુંબઈમાં દવા કલેક્શન-વિતરણ**

મુંબઈ શહેરનાં વિવિધ પરાંઓમાં ૨૫૦ જેટલાં મેડિસીન કલેક્શન માટે વિવિધ સ્થળે, દેરાસરો, મંદિર, શોપમાં મુકાયેલા છે, જેમાં જાહેર જનતા તેમને બિનઉપયોગી વણવપરાયેલી દવાઓ નાંખી જાય છે.

આ દવા માનવ જ્યોતના કાર્યાલયમાં લાવી એક્સપાયરી ડેટેડ દવાઓ અને એકાદ/બે ગોળી બચેલી સ્ટ્રીપ ઇખઇ ધોરણે નાશ કરી, બાકીની બધીય સારી ઉપયોગી દવાઓ કેટેગરીવાઈઝ મૂકી દરદીઓને મેડિકલ પ્રિસ્ક્રિપ્શન ઉપર વિના મૂલ્યે અપાય છે.

તે લૉટમાં આવેલા ડાયપર વિગેરે કેન્સરના લાસ્ટ સ્ટેજના દરદીઓને સાચવતી-સારવાર કરતી હૉસ્પિટલોને પહોંચતાં કરવામાં આવે છે. તે લૉટમાંથી નીકળતી કેન્સરની અતિ મોંઘી દવાઓ, તેમ જ (-- -લાસ્ટ સ્ટેજ ડ્રગ્સ)ની દવાઓ કેન્સર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો તેમ જ અન્યને લિસ્ટ અગાઉથી મોકલી જરૂરતમંદ દરદીઓને પહોંચતી કરવામાં આવે છે. સંસ્થા સ્વયંના ખર્ચે કુરિયર દ્વારા દરદીઓ સુધી પહોંચાડે છે.

વરસે દહાડે આશરે રૂપિયા બે કરોડની દવાઓ જરૂરતમંદોને વિનામૂલ્યે બેસ્ટ આઉટ ઑફ વેસ્ટમાંથી મળી રહે છે.

અમરેલીના સાવરકુંડલમાં વિદ્યાગુરુ ફાઉન્ડેશન અને ભાવનગરના ટીંબીમાં નિર્દોષાનંદ માનવ સેવા ટ્રસ્ટની હૉસ્પિટલો કે જ્યાં કેશ કાઉન્ટર જ નથી ત્યાં દવાઓનો મોટો જથ્થો વિના મૂલ્યે પહોંચતો કરવામાં આવે છે. માનવ જ્યોત મુખ્ય સેન્ટર પરથી ૭૦/૮૦ દરદીઓ દરરોજ મફત દવાનો લાભ લે છે, તો ભાવનગર સ્થિત મેડિસીન હાઉસ અને સુરતની કરુણા સંસ્થા દ્વારા આશરે ૨૦૦/૩૦૦ દરદીઓ દરરોજ લાભ લે છે. ગત





વર્ષે (૨૪-૨૫) આશરે રૂપિયા ૧૦ લાખથી વધુ મૂલ્યની દવાઓનો દરદીઓને લાભ મળ્યો હતો.

■ **રાહત દરે...**

○ માનવ જ્યોત ૨૦૧૪/૧૫થી ૨૦૨૪/૨૫ સુધીનાં ૧૧ વર્ષમાં કિડની ફેઇલ્યોર દરદીઓને મોંઘી દવાઓ રાહત દરે આપી તેમને કપરી પળે તેમની પડખે ઊભા રહેવાનું નેક અને નક્કર કામ કરે છે. ○ મોટી ફાર્મા કંપનીઓ માનવ જ્યોતની આ સેવા-પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ, ખૂબ જ રાહત દરે દવાઓ પૂરી પાડે છે, જેનો પૂરેપૂરો લાભ દરદી મહાશયોને પહોંચતો કરવામાં આવે છે. ○ એ કંપનીઓ દ્વારા ઘણી વાર વિનૂમલ્યે શોર્ટ એક્સપાયરી ડેટની દવાઓ-ઇંજેક્શનો અપાય છે જેનો સંપૂર્ણ ફાયદો ગરીબ દરદીઓને ફ્રીમાં મળે છે. ○ છેલ્લાં ૧૧ વર્ષમાં રૂપિયા ૪૬ કરોડમાં ખરીદેલો માલ રૂપિયા ૪૫ કરોડમાં વેચી રૂ. ૧ કરોડનો ફાયદો દરદીઓને કરી આપ્યો છે. તે બધીયે નેટ ખોટ માનવ જ્યોતે ભોગવી છે. ○ ગરીબ જરૂરિયાતમંદ દરદીને જરૂર પડ્યે દિલાવર દાતાઓના સહયોગથી અવારનવાર વિનામૂલ્યે દવા આપવાની યોજના પણ સંસ્થા ચલાવે છે. ○ કિડની ડાયાલિસીસના દરદીઓને રાહત દરે દવાઓ ઉપરાંત તેમના રહેઠાણ પાસેના ડાયાલિસીસ સેન્ટર અંગેની વિગત રૂપે માર્ગદર્શિકા પણ અપાય છે. ○ દરેક પેશન્ટને રૂ. ૧૦૦૦/-નો એક ચેક એક વખત આપી ડાયાલિસીસમાં મદદરૂપ થવાય છે.

■ **જુનાગઢમાં હૉસ્પિટલ સેવા અને સમૂહ લગ્ન**

જુનાગઢની સિવીલ હૉસ્પિટલમાં સત્યમ્, સેવા યુવક મંડળ સંસ્થા ત્યાં સારવાર માટે આવતા દરદીઓની નાની-મોટી અનેક પ્રકારની સેવાઓ કરે છે. સંસ્થાના સૂત્રધાર શ્રી મનસુખ વાજા આજથી ૨૦ વર્ષ અગાઉ કોર્ટમાં ઑફિસર તરીકે ફરજ બજાવી નિવૃત્ત થતાં આ સેવાલક્ષી સંસ્થા શરૂ કરી સમાજ ઉત્કર્ષનું અત્યંત સરાહનીય કાર્ય તેમની ટીમ સાથે કરતા આવ્યા છે. ગરીબ દરદીઓને અને સાથે આવેલા સંબંધીને ભોજન, ચા-પાણીની બે ટાઈમ વ્યવસ્થા કરી તેમની એ સમસ્યા સરળ બનાવે છે. તો તેમને જોઈતી મોંઘી દવામાં રાહત અપાવી સહાયભૂત થાય છે. માંદગીમાં માવજતનાં સાધનો પૂરાં પાડે છે. હૉસ્પિટલ બહારથી કરવા પડતા નાના-મોટા ચેક-અપ પણ રાહતદરે કરાવી આપે છે. માનવ જ્યોત તેમને આર્થિક સહકાર આપી તેમના સેવાયજ્ઞમાં આહુતિ પૂરી પાડે છે.

મજકુર સેવા ઉપરાંત શ્રી મનસુખભાઈ ATM પણ ચલાવે છે. ATM એટલે એની ટાઈમ મૅરેજ. જે યુવક-યુવતીને તેમની અનુકૂળતા મુજબ સાદાઈથી લગ્ન કરવાં હોય તે માટે બધીય વ્યવસ્થા અને આર્થિક સહકાર આપી, ઘટતું બધુંય કરી તેમને સહાયક બને છે. આજ સુધી સામાન્યજનના ૧૪૦ જેટલાં સમૂહલગ્નોનું આયોજન કરી તેમને કન્યાદાન, ભોજન, મંડપ, મનોરંજન લગ્ન ગીતો, દાંડિયારાસ વગેરે બધીય વ્યવસ્થા ઊભી કરી સહાયક બન્યા છે. માનવ જ્યોત વરકન્યાને શોભે એવાં મોંઘાં ઘરચોળા, શેરવાની, સાડીઓ, પેન્ટપીસ, વગેરે તેમ જ આર્થિક સહકાર પૂરો પાડી સહાયભૂત થાય છે. દિલાવર દાતાવર્ગ પણ કન્યાદાનમાં નાની મોટી અનેક ભેટ આઈટમો આપી, ભગીરથ કાર્યને સરળ બનાવે છે. માનવ જ્યોતે આર્થિક સહકાર ઉપરાંત મોટા પ્રમાણમાં સાડી, શાલ, ચાદર, ઘરવખરી જેવી આઈટમો, વસ્ત્રો મોકલી સમૂહ લગ્નના કાર્યક્રમને ચાર ચાંદ લગાડ્યા છે. ૧૮૦૦ જેટલી દીકરીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યાં છે. સમયાંતરે સર્વ રોગ નિદાન કેમ્પ, પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને મફત શિક્ષણ, આ સંસ્થામાં માનવતા સંવેદના અને ત્યાગનો ત્રિવેણી સંગમ બની રહે છે, જેમાં માનવ જ્યોત સહયોગી બને છે.



■ **પંચમહાલમાં પાયાનાં સેવાકાર્યો**

પંચમહાલના દાહોદમાં કેવડિયા ગામે નિવૃત્ત શિક્ષક શ્રી જુવાનસિંહ ચૌહાણ અને તેમનાં ધર્મપત્ની, શ્રીમતી કોકિલાબેન ચૌહાણ સમાજ કલ્યાણનાં નાનાં મોટાં કામો કરી સમાજને ઉપયોગી બને છે. તેમને આર્થિક સહકાર તેમ જ મોંઘાં વસ્ત્રો, સીકબેડની સાધન સામગ્રી, સ્કૂલ સ્ટેશનરી વગેરે પહોંચાડી મદદરૂપ થવાય છે.

માનવ જ્યોત દ્વારા ૧૦ સિલાઈ મશીનો વસાવી ત્યાંની મહિલાઓને પગભર થવા સિલાઈકામ શીખવાડાય છે. તેજસ્વી બાળકોને સ્પર્ધાનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ભારતીય સંસ્કૃતિનાં પુસ્તકો-વૃક્ષારોપણ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક શાળા બેઠક વ્યવસ્થા, બાળમેળાનું આયોજન વગેરે પ્રવૃત્તિઓ થાય છે.

■ **માનસિક અસ્વસ્થોને વ્હારે**

માનસિક સમતુલા ગુમાવી ચૂકેલાઓના પુનર્વસનનું કાર્ય પડકારરૂપ છે. શ્રી લુઠિયાને કચ્છના ભુજમાં ત્યાંના સ્થાનિક પ્રમુખ શ્રી પ્રબોધભાઈ મુનવરના સહયોગથી તેમને દાનમાં મળેલી જમીન પર એવા કમભાગીઓને આશ્રય આપવાનું બીડું ઝડપ્યું. મુંબઈના મનાવ જ્યોતના ટ્રસ્ટીશ્રી વલ્લભજીભાઈ માનવમિત્રના સંપર્કસૂત્રોથી દિલાવર દાતાઓના આર્થિક સહયોગથી ભુજ ખાતે રામદેવ સેવાશ્રમની સ્થાપના કરવામાં આવી. આશરે ૫૦ પુરુષો અને ૫૦ સ્ત્રીઓ માટેનું એક સુંદર મજાનું આશ્રયસ્થાન ઊભું થયું. આજે ૧૫ વરસે ત્યાં ૪૦૦ વ્યક્તિઓને આશ્રય અપાયો અને કુલે ૫૨૫ સ્ત્રી-પુરુષોને તેનાં સગાંસંબંધીને ત્યાં પુનર્વસનમાં સંસ્થા સહાયભૂત થઈ.

ભાવનગર પાસે માનવ મંદ બુદ્ધિ આશ્રમ, બોટાદ જિલ્લામાં

સમઢીયાળા-૧ ખાતે પીનલબેન તેમના આશ્રમે રહેતી ૩૫ પાગલ બહેનોની દેખભાળમાં સદાય ખૂંપેલાં રહે છે. એ મહિલાઓને નવડાવવા ધોવડાવવા તેમ જ મળમૂત્રની સફાઈમાં શ્રીમતી પીનલબેન જરાય નાનપ કે સુગ અનુભવ્યા વિના સેવામય રહે છે. અમદાવાદમાં બગોદરાના હાઈવે પર શ્રી લુઠિયાએ આશ્રમનાં શેડ બાંધવા દિલાવર દાતાનો સહયોગ માનવ જ્યોત દ્વારા પ્રાપ્ત થયો છે.

■ **પંચમહાલના પછાત વિસ્તારમાં સેવા**

પંચમહાલના પછાત વિસ્તારમાં છેલ્લાં ૧૪ વર્ષથી દાહોદ ગામમાં હરિસિદ્ધિ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ બેંકના સિક્યોરીટીમેન શ્રી કલ્યાણસિંહ પુવાર પોતાનો ફાજલ સમય, સમાજ કલ્યાણમાં પસાર કરે છે. તેમને વસ્ત્રદાન દ્વારા કપડાં, સીકબેડ આઈટમો, જેમ કે ચાવીવાળા પલંગ, વીલચેર, વૉકર, ઍરબેડ, સક્શનમશીન જેવાં સાધનો માનવ જ્યોત દ્વારા લોકસેવાર્થે ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે. વસ્ત્રદાનમાં પહોંચેલાં કપડાં પંચમહાલના અંતરિયાળમાં જાતે લઈ જઈ જરૂરતમંદોમાં વિતરણ કરી માનવ જ્યોતની સેવાજ્યોત સતત જલતી રાખે છે. શ્રી પુવાર લાયબ્રેરીમાં પુસ્તકો વાંચનાર્થે આપી જ્ઞાનદાનનું કાર્ય પણ સતત કરતા રહે છે.

■ **રોટી બેંક**

માનવ જ્યોત છેલ્લાં ૩ વરસથી રોટી બેંક પ્રોજેક્ટમાં સામાન્ય-જનોને પોતાના ઘરમાં બનાવેલી ૫ રોટીનું એક પેકેટ રોટી બેંક કલેક્શન સેન્ટરમાં પહોંચાડે છે. આ રોટીબેંકના પેકેટ જાહેર સરકારી - મ્યુનિસિપલ હૉસ્પિટલમાં પહોંચાડવા એક વાહનની વ્યવસ્થા થઈ છે, જેમાં બધાંય કલેક્શન સેન્ટરોમાંથી નિયત સમયે એકત્ર કરી એ પૅકેટો હૉસ્પિટલોનાં કિચનમાં પહોંચાડ્યાં છે. આ કીચનમાંથી દાળ ભાત શાક સાથે રોટલી પેકેટનું વિતરણ કરવામાં આવે છે. દરદીઓને બેડ ટુ બેડ અને બહાર ગામથી આવેલા સંબંધીઓને પણ ફૂડ પેકેટ આપવામાં આવે છે. માનવ જ્યોત આવા દરદી નારાયણને ભોજન તૃપ્તિ જેવાં સેવાકાર્યો દ્વારા મદદરૂપ થાય છે.

શ્રી સતીષભાઈ મહાવીર યુનિવર્સના સિનિયર સિટીઝન વેલ્ફેર ઍસોસિએશન તેમ જ શ્રી હરીશ ગોગરી અને શ્રીમતી માધુરી પાટીલ રોટી બેંકનાં નવાં સેન્ટરોને પ્રોત્સાહિત કરી આજે દર શનિવારે ૧૦,૦૦૦થી ૨૦,૦૦૦ જેટલી રોટી દરદી નારાયણને અપાવે છે.

■ **સીક બેડ સેવા**

માણસ માંદો પડે એટલે માંદગીમાં માવજતનાં સાધનો યાદ આવે, ફાઉલર બેડ, પટ્ટીવાળો પલંગ (પ્રસૂતાના માટે), વીલચેર, વૉકર અને સક્શન મશીન, ઍરબેડ, વોટર બેડ, ક્રચીઝ, ઑક્સિજન વગેરેની જરૂર પડે. સાજા ના થાઓ ત્યાં સુધી તેના અવલંબનથી શારીરિક સુવિધા મળતી થાય. મોંઘાદાટ સાધનો વસાવવાં સામાન્યજનને ના પરવડે, તેથી ભાડા ડિપોઝિટ ઉપર લેવા માનવ જ્યોત, મુલુન્ડનો સંપર્ક કરે. જેમને એ




ના પરવડે તો પણ એ વિનામૂલ્યે સાધન ઉપલબ્ધ કરાય છે. માનવ જ્યોત વરસે દહાડે રૂપિયા ૫ લાખથી વધુ રકમ ભાડા-ડોનેશન રૂપે મેળવે છે. જેમના ઘરમાં બિન ઉપયોગી સાધન થાય તે માનવ જ્યોતમાં જમા કરાવી જાય. આ બધીય ભાડાની આવક હાર્ટ-કિડની, કેન્સરના દરદીઓને મદદરૂપ થવામાં ખર્ચાય છે. સ્ટૉકમાં સાધનો જરૂરિયાત કરતાં વધી જતાં ગુજરાતના અંતરિયાળમાં સેવાલક્ષી સંસ્થાઓને વિનામૂલ્યે માનવ જ્યોતના ખર્ચે ત્યાં ઉપયોગાર્થે ટ્રાન્સપોર્ટ દ્વારા મોકલી આપવામાં આવે છે. શ્રી લુઠિયા મોબાઈલ દ્વારા મુંબઈનાં વિવિધ પરાંઓમાં ક્યાં ક્યાં સાધનો ઉપલબ્ધ છે, તેની વિગત આપી જરૂરતમંદ લોકોને માર્ગદર્શક બને છે.

■ **વરિષ્ઠો માટે ટીફીન સેવા**

મુલુન્ડમાં નિમિષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આશરે ૩૫૦ જેટલા ટીફીન સિનિયર સિટીઝનો, અશક્તોને, એકલાં અટુલાઓને ઘેર બેઠાં પહોંચતાં કરવામાં આવે છે. એક ટીફીનમાં સવાર-સાંજ પૂરતું પેટભર થાય તેટલાં દાળ, ભાત, શાક, રોટલી, મિષ્ટાન વગેરે સાઇકલ દ્વારા પહોંચાડાય છે. ઉપરાંત તેમને જોઈતી દૈનિક વપરાશની આઈટમો પ્રતિમાસ એક વાર વિનામૂલ્યે અપાય છે. પ્રાથમિક ઉપચારની સાધન સામગ્રી વરસમાં એક વાર અપાય છે. માનવ જ્યોત આવા જ ઉમદા આશયથી દમયંતિબેન પ્રદીપ તન્ના દ્વારા ૧૫ વર્ષથી ચાલતી નિમિષ તન્ના ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થાને વાર્ષિક આશરે રૂપિયા ૩ લાખથી વધુ યોગદાન આપી આ સેવાને ચાર ચાંદ લાગાડે છે.

○ **પ્રોજેક્ટ : વડીલો માટે વૃદ્ધાશ્રમ**

રાજકોટના સદ્ભાવના વૃદ્ધાશ્રમને માનવ જ્યોતે રૂપિયા ૧૦ લાખથી વધુ રકમનો આર્થિક સહકાર આપ્યો છે. ગુજરાતમાં વૃદ્ધાશ્રમોની આઠ જેટલી આવૃત્તિઓ દ્વારા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં નામ સરનામાં, ફોન નંબર, મોબાઈલ નંબર જેવી ઉપયોગી માહિતી પ્રકાશિત કરી જનતાને વિનામૂલ્યે પહોંચતી કરી માર્ગદર્શક બનવાનો માનવ જ્યોતે શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે.

આર્થિક ભીંસ અનુભવતા હોય તેવાં કેટલાંક સિનિયર સિટીઝનોને મદદરૂપ બની વડીલોને જોઈતો સહારો પૂરો પાડ્યો છે. માનવ જ્યોત, ભુજ ખાતે વડીલોને વિસામો વૃદ્ધાશ્રમ પૂર્ણતાને આરે છે, જેનું સંચાલન શ્રી પ્રબોધભાઈ મુનવર કરશે.

○ **સુ-મતિ ગ્રુપના સહકારથી સેવાના નૂતન પૉઝિટીવ અભિગમ**

અવારનવાર રક્તદાન શિબિરોના આયોજનથી શહેરની હૉસ્પિટલોમાં બ્લડનો પુરવઠો પૂરો પાડવામાં સેવાભાવી શ્રી વિનોદ ધનજી હરિયા મહત્ત્વનું યોગદાન આપતા રહે છે. તો સ્કીનદાન, ચક્ષુદાન અને દેહદાનના ઉમદા આશયને સાકાર કરવામાં દિવસ રાત ખૂંપ્યા રહે છે. સુમતિ ગ્રુપ દ્વારા મોટા પાયે બ્લડ ડોનેશન કેમ્પોનું આયોજન કરે છે. સંસ્થાએ આશરે ૭૦ કેમ્પો દ્વારા ૧૪૦૦૦ જેટલી બ્લડ બોટલ ટ્રસ્ટોની અને સરકારી હૉસ્પિટલોમાં જમા કરાવી છે.

'બેટી બચાઓ', પર્યાવરણ રક્ષણ વૉકેશનલ ગાઇડન્સ, અંધવિશ્વાસ કોરાણે મૂકવાના કાર્યક્રમો જેવા નૂતન અભિગમો દ્વારા સમાજમાં જાગૃતિ લાવવાનું કામ કરે છે.

○ **સ્વર્ગયાત્રા વાહન સંચાલન**

સ્વર્ગયાત્રા માટે ખૂબ મોટી રકમ ખર્ચી સુંદરજીભાઈએ સુંદર મજાના વાહન - રથની વ્યવસ્થા ઊભી કરી આપી, જેમાંથી થતી આવક સંપૂર્ણ મુંબઈમાં બહારગામથી આવતા દરદીઓને ટાટા હૉસ્પિટલના કૅન્સરના દરદીઓને સહાયક બનવાનું નેક કામ કરતી સંસ્થા કરતી થઈ. આ કલાકારીગરીપૂર્ણ રથનો દૂર દૂરથી મોટી રકમના અનુદાનથી ઉપયોગ થાય છે. દાતા પાસેથી રૂપિયા ૨૫૦૦ની રકમ લઈ માનવ જ્યોત સ્વર્ગસ્થ સંબંધીઓ માટે આધુનિક સ્મશાનયાત્રામાં મદદરૂપ બને છે.

■ **કેટલાંક પ્રકાશનો**

○ **ગાઈડ ટુ સોશ્યલ વર્ક**

મુંબઈની ગુજરાતી, અંગ્રેજી અને મરાઠી ભાષાઓના સામાજિક તેમ જ મેડિકલ સંસ્થાઓના એમ બે વૉલ્યુમમાં નામ સરનામાં અને ફોન નંબર વાળી વિગતો છપાવી ૨૦૦૦ પુસ્તિકાઓ દ્વારા સમાજને માર્ગદર્શક બનવાનું એક નેક અને નક્કર કામ કર્યું છે.

ગુજરાતની ગાઈડમાં ૩૦૦૦ સંસ્થાઓની વિગતો પુનઃ છપાવવા પ્રકાશિત કરવા માટે શ્રી લુઠિયાની કોઈ પરવાનગી લેવાની જરૂર નથી, તેવું છપાવી તેમણે સમાજ કલ્યાણનું એક નેક અને નક્કર સેવા બજાવી છે.

પુસ્તક પર ડૉનેશન રૂપે કિંમત લખેલી હોવા છતાં ૯૦ ટકા પુસ્તકો સમાજને, સામાજિક કાર્યકરને, સંસ્થાઓને વિનામૂલ્યે આપી સમાજ પ્રત્યેનું ઋણ અદા કર્યું છે.

**લોકોપયોગી સાહિત્ય પ્રકાશન દ્વારા સમાજ સેવા અને માર્ગદર્શન**

■ **''સેવાની સુગંધ ફેલાવતી સંસ્થાઓ''**

શ્રી લુઠિયાએ સમાજમાં સેવાની સુગંધ ફેલાવતી સંસ્થાઓનાં નામ-સરનામાં આશ્રમવાસીઓનાં ફોન/મોબાઈલ નંબર વગેરે વિગતોની માહિતી છપાવી.

આ પુસ્તિકાઓમાં અંધજનો, માનસિક ક્ષતિગ્રસ્તો, વિકલાંગો, શારીરિક ખોડખાંપણવાળા, અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો અને મહિલાશ્રમો વગેરેની સંસ્થાઓની/આશ્રમોની વિગતો છાપી સમાજને માર્ગદર્શક બન્યાં.

જન્મદિન, લગ્નપ્રસંગ અને અન્ય શુભ પ્રસંગોએ અને પોતાના આત્મીયની પુણ્યતિથિએ દિલાવર દાતાઓ અન્નદાન, શૈક્ષણિક દાન તેમ જ આશ્રમોની નાની મોટી જરૂરિયાત પૂરી પાડી આશરે રૂપિયા ૨૫ કરોડના અનુદાન એ આશ્રમોમાં અપાવી સમાજમાં સેવાની સુગંધ ફેલાવવાનું ભવ્ય કામ કર્યું. ઉપરોક્ત માહિતીઓને સાંકળતી આશરે ૨૫૦૦૦ જેટલી પુસ્તિકાઓ છપાવી સમાજ કલ્યાણના એક નેક અને નક્કર સેવાકાર્યમાં માનવ જ્યોત નિમિત્ત બન્યું છે.

■ **સેવાભાવી કાર્યકરોનું વટવૃક્ષ**

સામાજિક કાર્યકરોનું સ્નેહ મિલન મુંબઈ તેમ જ ગુજરાતમાં એક છત્ર નીચે યોજી ગુજરાતમાં અમદાવાદ ખાતે સમયાંતરે એમને એકબીજાની સેવાપ્રવૃત્તિથી પરિચિત કરવાયા. કાર્યકરોને એકબીજાની અને તેમનાં સેવાકાર્યોની જાણ થઈ. તેમને શાલ, નાળિયેર અને હારથી નવાજિત કરી, સન્માન કરાયું. સેવાકાર્યને બિરદાવી અનુમોદના કરી. તેથી પરિણામે આજે સેવાભાવી કાર્યકરોનું એક વટવૃક્ષ તૈયાર થયું. વિવિધ ક્ષેત્રે પ્રવૃત્તિમય લોકો એકબીજાને જાણતા થયા. જરૂર પડ્યે તેમની સેવાનો લાભ લેતા થયા. તેમાંની ઘણીય સંસ્થાઓ હેઠળ આશરે બે કરોડ રૂપિયા જેટલાં અનુદાનો અપાવી, સેવાકાર્યોને પૂરક બની, સેવાની જ્યોત પ્રજ્વલિત રાખી છે. સંસ્થાકીય વડાઓ અને સામાજિક કાર્યકરોને સ્ટેજ પર બોલાવી તેમની સમક્ષ શ્રી પ્રવીણભાઈ કે. લાહેરીના અને ડૉ. ભરત ભગત તેમ જ શ્રી પ્રવીણભાઈ ઠક્કરના હસ્તે એ સંસ્થાને ચેકો અર્પણ થયા.

■ **હાર્ટ-કિડની-કેન્સરના મોટા ઑપરેશનમાં સહાયભૂત થતી સંસ્થાઓ, દાતાઓ મંદિરો અને ટ્રસ્ટોની યાદી (૩૫૦)**

આ મહત્ત્વની પુસ્તિકા દ્વારા બહારગામથી મુંબઈ સર્જરી માટે આવતા દરદીઓને માર્ગદર્શક બનતાં ટ્રસ્ટો/સંસ્થાઓનાં નામ, સરનામાંની પરાં અનુસાર માહિતી સંકલિત થઈ છે, જેની આશરે ૧૦૦૦૦ કૉપીઓ જરૂરતમંદ દરદીને અપાઈ છે. એ સાથે મદદ કરવા અપીલ કરતો ભલામણ પત્ર અપાય છે. તેથી એ દરદીને જોઈતી મદદ ટીપે ટીપે સરોવર ભરાય તેમ અંદાજે ૫૦% મળી રહે છે. ઉપરાંત સી.એમ., પી.એમ., સચિવાલય, સિદ્ધિવિનાયક મંદિર, વગેરે પાસેથી મદદ માટેનાં ફોર્મ પણ અપાય છે, જેથી તેમને સારી એવી રકમ ત્યાંથી મળી રહે.

મુંબઈમાં ટ્રાન્સપ્લાન્ટ માટે આવતા દરદીઓને પણ સારી એવી મોટી રકમની સહાય મળી રહે છે.

એક બાબત ઊડીને આંખોએ વળગે છે કે, પોતાનાં કાર્યોને સહેજ પણ પ્રદર્શિત કરવાના મોહથી અલિપ્ત જીવ છે. એમનો એક માત્ર આશય એ રહ્યો છે કે, જરૂરિયાતમંદ જીવો સુધી મદદ પહોંચાડવી. મળેલ દાન સુપાત્રો સુધી વહેંચાય એ એમનો પરમ ઉદ્દેશ્ય છે. સૌથી મહત્ત્વપૂર્ણ હકીકત જાણીને એમના તરફ લાગણીઓના ભારે મસ્તક ઝૂકી જાય છે. સમાજ પાસેથી મળતી પાઈ પાઈ રકમ સવાઈ થઈ અર્પણ થાય. આપણા હાથે વપરાતી રકમ ઊગી નીકળે. તથા આ સેવાયજ્ઞમાં જે કાંઈ કરું, વાપરું એ સઘળું ફૂલ નહીં તો ફૂલની પાંખડી જેટલી સહાય કે સેવા એ અન્યોની પ્રેરણાનું ઝરણું બને.

કુલીનકાંતભાઈનો સંપર્ક નં. : ૯૮૨૦૦૩૯૪૬૯
દાન આપવા માટે 'માનવ જ્યોત ટ્રસ્ટ'નો સંપર્ક નં.: ૯૧૩૭૫૧૪૪૫૯
(માનવજ્યોત, ૬૧-યૂનીક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જવાહર ટોકીઝ સામે, ડૉ. આર.પી.રોડ, મુલુન્ડ પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૮૦)

(જિ.મહેસાણા, સંપર્ક: ૯૪૨૭૪૭૧૯૯૧) – **શ્યામજીભાઈ એમ. દેસાઈ**
(પૂર્વ અધ્યાપક સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ. મુ.કડી)

# કાલ્પનિક સંવાદો રૂપે નક્કર સામાજિક-રાજકીય મીમાંસા

**આ** પુસ્તકના લેખક ડો. પ્રવીણ પટેલ કારકિર્દીપર્યંત સમાજશાસ્ત્રના વિદ્વાન અધ્યાપક-સંશોધક રહ્યા. આંતરરાષ્ટ્રીય જર્નલોમાં પણ એમના સંશોધનલેખો પ્રગટ થયા. પછી યુનિવર્સિટીના કુલપતિ તરીકે થોડાં વર્ષ મહત્ત્વની શૈક્ષણિક કામગીરી કરી. નિવૃત્તિ પછી આજલગી સતત અધ્યયન-લેખન કરતા રહ્યા છે. સમાજશાસ્ત્ર વિષયનાં કેટલાંક પુસ્તકો ઉપરાંત એમણે આ પૂર્વે બે અગત્યનાં પુસ્તકો લખ્યાં છે - 'વિશ્વ આધુનિક કેવી રીતે બન્યું?' તથા ★ 'ભારતીય લોકશાહી : દશા અને દિશા.' એ પુસ્તકોથી તેઓ વિચારક-ચિંતક તરીકે વધુ જાણીતા થયા છે.

'ભૂમિપુત્ર'માં છેલ્લા દોઢેક વરસથી 'સોક્રેટિસ ઉવાચ' નામે શ્રેણીબદ્ધ પ્રગટ થતા રહેલા લેખાંકો હવે ઊહાપોહ ઉપશીર્ષક : 'સાંપ્રત ભારતીય સામાજિક-રાજકીય સમસ્યાઓ વિશે સોક્રેટિસ સાથેના કાલ્પનિક સંવાદો' એવા પુસ્તકરૂપે પ્રગટ થયા છે.

પોતાની વૈચારિક ભૂમિકા અને વિશ્લેષક દષ્ટિકોણ રજૂ કરવા માટે ચિંતકો-લેખકોને છેક પ્રાચીન કાળથી, ગ્રીસમાં તેમજ ભારતીય ઉપખંડમાં, સંવાદનું માધ્યમ અનુકૂળ ને અસરકારક લાગતું રહ્યું છે. ગઈ સદીના આરંભે હિંદસ્વરાજ (૧૯૦૯)માં ગાંધીજીએ પણ અધિપતિ (સંપાદક) અને વાચકના સંવાદરૂપે પોતાની ક્રાન્તિકારી વિચારણા રજૂ કરેલી. ડો. પટેલે પોતાના પુસ્તકમાં ગ્રીક ફિલસૂફ સોક્રેટિસના ખ્યાત સંવાદોનું પ્રતિમાન(મોડેલ) સ્વીકાર્યું છે. પ્રસ્તાવનામાં એમણે પોતાનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે, 'ભારતીય સંદર્ભમાં સોક્રેટિસની પ્રાચીન સંવાદપદ્ધતિને પુનર્જીવિત કરીને, આ પુસ્તક વાચકોને વિચારો સાથે વિવેચનાત્મક રીતે જોડાવા, તેમની પોતાની ધારણાઓને પડકારવા, અને કદાચ, હાથ પરના મુદ્દાઓની ઊંડી સમજણ મેળવવા માટે આમંત્રણ આપે છે.' (પૃ-vi)

એ રીતે પુસ્તકનું 'ઊહાપોહ' નામ સાર્થક ઠરે છે. પુસ્તકમાં ૧૨ સંવાદો છે એ, જુદાજુદા સામ્પ્રત પ્રશ્નોને ૪ વિભાગમાં રજૂ કરે છે : ૧. 'સોક્રેટિસના મુસ્લિમ કટ્ટરપંથી સાથેના ત્રણ કાલ્પનિક સંવાદો', અને એમ વિભાગ ૨, ૩ અને ૪ અનુક્રમે પ્રખર હિંદુત્વવાદી સાથેના, ભારતીય રાજકારણી સાથેના અને ભારતીય દેશભક્ત સાથેના ત્રણ-ત્રણ સંવાદો રૂપે આયોજિત થયા છે. આપણી વર્તમાન સામાજિક-રાજકીય સમસ્યાઓને લેખકે આવા વ્યાપક પણ સુબદ્ધ માળખામાં ચર્ચી છે.

આરંભે, લેખકે ૩૦ પાનાંની એક સઘન 'ભૂમિકા' કરી છે. એમાં એમણે પ્રાચીન ગ્રીક ફિલસૂફીની પરંપરામાં સોક્રેટિસના કાર્ય અને પ્રદાનનો ટૂંકો આલેખ આપીને એમની સંવાદ-પદ્ધતિની વિશેષતા અને લાક્ષણિકતાનો પરિચય કરાવ્યો છે. સોક્રેટિસની તકનિષ્ઠ સમજને રજૂ કરવા માટે, એમના મેનો, લેકીઝ, કાર્મિડીઝ, પ્રોટાગોરસ વગેરે સાત સંવાદોના ટૂંકા સાર રૂપ મૂર્ત દષ્ટાંતો પણ મૂક્યાં છે. એમાંથી સોક્રેટિસની પ્રશ્ન પદ્ધતિના વ્યૂહનો તથા એમની ('તો મને એ કહો, મિત્ર, એ પ્રકારની) શૈલીનો પરિચય મળે છે. લેખકે પોતે રજૂ કરેલા કાલ્પનિક સંવાદોમાં પણ એમણે આ જ શૈલી-પદ્ધતિ સ્વીકારી છે એથી એનો સંવાદ-ઊહાપોહ પણ એવો જ તકનિષ્ઠ ને રસપ્રદ બન્યો છે. સોક્રેટિસના સંવાદો એમના પ્લેટો જેવા પ્રખર ફિલસૂફ શિષ્યોની નોંધો રૂપે સચવાયેલા છે એટલે લેખકે આ પ્રાસ્તાવિક ભૂમિકા-લેખની પૃષ્ઠાંતનોંધો (foot notes)માં એ સમયના અનેક ચિંતકો અને એમના ગ્રંથોના સ્રોતનિર્દેશો કર્યા છે (આવા આંતર્નિર્દેશો એમણે, મુસ્લિમ કટ્ટરપંથી સાથેના સંવાદોમાં, 'કુર્આન' વગેરેમાંથી પણ, પાનાંનંબર સાથે આપ્યા છે). આ નિર્દેશો આવશ્યક ગ્રંથોના પરિશીલનથી પુષ્ટ થયેલી લેખકની સજ્ઞતા, તેમજ એમનાં મંતવ્યોની વિશ્વસનીયતા બતાવે છે.

બારેબાર સંવાદોમાં લેખક, હાથ ધરેલી સમસ્યાઓનાં લગભગ સર્વ ઘટકો અને વિગતોના નિર્દેશો સાથે એ સમસ્યાના મૂળને ચીંધવા સુધી ગયા છે. જેમ કે, એમણે ઇસ્લામી જેહાદ, શહીદી, સામાજિક પ્રથાઓ, ઇસ્લામિક ઉગ્રવાદ, હિંદુત્વ, ભારત ચીન વિકાસતુલના, લોકશાહી કે સરમુખત્યારશાહી, અવિચારી દેશભક્તિ વિરુદ્ધ સમજદારી, આઝાદીના આદર્શો અને વાસ્તવિકતાઓ, દેશભક્તિની સાચી કસોટી - એવા અનેકવિધ મુદ્દા હાથ ધર્યા છે ને ઊહાપોહ રૂપે એનું વિવરણાત્મક/વિવેચનાત્મક મૂલ્ય સ્પષ્ટ રૂપે ચીંધ્યું છે. કોઈ નિરાકરણ કે ચુકાદામાં ગયા વિના - જજમેન્ટલ થયા વિના એમણે (કાલ્પનિક સોક્રેટિસ દ્વારા) દિશાદર્શક પ્રશ્નો અને પ્રતીતિકર સંકેતો રચ્યા છે - મંતવ્યબદ્ધતાને બદલે ખુલ્લી ચર્ચા દ્વારા સાચી સમજની દિશા ચીંધી છે.

આ સમજ - ચર્ચા દ્વારા મૂંઝવણોની, પૂર્વગ્રહોની, રૂઢ મંતવ્યોની સ્થિતિમાંથી પ્રશ્નકર્તા સાચી પ્રતીતિ તરફ જાય એ સમજ પ્રગટાવતી વિચારપ્રેરકતા આ સંવાદોનું મહત્ત્વનું પ્રતિપાદન છે.

એમણે કરેલી ચર્ચા-વિચારણા સ્વયં-સ્પષ્ટ છે ને પુસ્તક વાંચતાંવાંચતાં એની માર્મિકતાનો પરિચય પણ વાચકને થવાનો. પરંતુ, પુસ્તકની લખાવટનો, દષ્ટિકોણને રજૂ કરવાની લેખકની પદ્ધતિનો, અને એ રીતે પુસ્તકની સમગ્ર ભાત (ડિઝાઈન)નો ખ્યાલ આવે એ માટે પુસ્તકમાંથી કેટલાંક ઉદ્ધરણો જોઈએ

**સોક્રેટિસ** : કઈ એવી સમસ્યાઓ છે જે તમને મૂંઝવે છે? ચાલો આપણે તેની પણ ચર્ચા કરીએ, કારણ કે સંવાદથી જ શાણપણ વધે છે. (પૃ.૨૭)

હિંદુત્વવાદીની 'અમારી જીવનશૈલી' અને 'એમની પ્રથાઓ' એવા વિભેદના ઉત્તરમાં

**સોક્રેટિસ** : શું હિંદુઓની સર્વસમાવેશકતાને કારણે જ ભારતીય સંસ્કૃતિ સહસ્રાબ્દીઓથી વિકસતી આવી નથી? (પૃ.૬૦)

**સોક્રેટિસઃ** પણ તમે રાષ્ટ્રભક્તિનું આવું જાહેરમાં પ્રદર્શન કેવી રીતે કરી શકો?

**ભારતીય દેશભક્ત** : કેમ વળી? અમારા રાષ્ટ્રધ્વજને લહેરાવતા

(જુઓ પાન નં. ૨૩)

# સત્યભામા

**સ**ત્યભામા એટલે સત્યભામા. આવો એકાદ લીટીનો એના વિશેનો પરિચય આપણે જાણીએ છીએ. સાથેસાથે એટલું જ કે કૃષ્ણની અષ્ટ પટરાણીઓમાંની એક. આથી જ કૃષ્ણ અષ્ટસખા પણ કહેવાયા ! પણ રામ મોરીએ એના અંગે ૨૯૬ પાનાંનું આખું પુસ્તક લખ્યું. તે પણ પ્રવાહી અને રસમય શૈલીમાં, જેમાં સુભદ્રા, રુક્મિણી, જાંબુવતીને પણ સરસ ન્યાય આપ્યો છે. રાધાથી માંડીને રુક્મિણી સુધીનાં પાત્રોની ગરિમા જાળવીને અધિકારપૂર્વકનો સ્વીકાર કરીને, આલેખાયેલાં આ પાત્રોને ન્યાય આપ્યો છે. રસક્ષતિ ભંગ થયા વગર એકી બેઠકે વાંચવી ગમે તેવી આ રમ્યકથા છે.

સત્યભામાનું વર્ણન કેટલું તો ચોટદાર કર્યું છે ! ''સત્યભામા, જીવતી-જાગતી શૃંગારની કવિતા. એના દેહમાં સૌંદર્યનું સામ્રાજ્ય હતું. માથાનો ચોટલો ગોઠણથી એક વેંત નીચે પહોંચે એવા શ્યામલ ઘાટ્ટા મેઘ સરીખા કેશ. રૂપાળી કોડી જેવી સુંદર મોટી આંખો અને લાંબી પાંપણો, તીખું અણિયાળું નાક, જેમાં હીરા જડેલી સુવર્ણ નથ શોભતી. એની આંખોમાં સ્વયંના સૌંદર્યને લઈને એક અહોભાવ મેશની જેમ અંજાયેલો રહેતો.'' (આગળ જોઈશું કે આ જ વાતને કારણે સત્યભામા માને છે કે કૃષ્ણ સૌભાગ્યશાળી કે હું મળી.)

આવી સત્યભામા દ્વારકામાં રહેવા આવી ત્યારથી એની આંખો મોરપીંછનું સરનામું શોધતી હતી. સત્યભામાના આખા ઓરડામાં મોરપીંછનો વિશેષ પ્રભાવ હતો. ભવનનાં બારી-બારણાં પર શોભતા પડદાઓમાં અને દીવાલો પર મોરપીંછનાં ચિત્રો અને રંગો છલકાતાં, છબીઓ અને ચિત્રોમાં પણ મોરપીંછ સુંદર રીતે જડી દેવાયાં હતાં. સત્યભામાના શયનખંડની પથારીના ઓછાડ તકિયાથી લઈને ભવનમાં ઉપસ્થિત બેનમૂન શિલ્પોમાં પણ મોરપીંછ અને મોર મુખ્ય હતાં. અટારી પાસે મયૂરાસન બનાવેલું, જેના પર બેસીને સત્યભામા કલાકો સુધી કૃષ્ણભવનની ટોચ પર લહેરાતા ગરૂડધ્વજને જોયા કરતી.' આ વર્ણન એટલા માટે જણાવવું અમને યોગ્ય લાગ્યું છે કે સત્યભામાના પિતા, કૃષ્ણના કટ્ટર દુશ્મન અને દીકરી કૃષ્ણમય છે. આ એમની નજરે ન ચઢ્યું હોય ! પણ નવલકથામાં આવી કેટલીક વાતોને નજરઅંદાજ કરવી જ પડે.

સત્યભામા કૃષ્ણ પ્રત્યે ઓળઘોળ છે. એ સુભદ્રા પાસેથી વાર્તા રસપૂર્વક સાંભળતી જાય છે અને કૃષ્ણ પ્રત્યે સમર્પિત થતી જાય છે. સાથે સાથે એ બધી સ્ત્રીઓ કરતાં અલગ છે. કૃષ્ણ પ્રત્યેનો ભાવ હોવા છતાં એના દ્વારા પ્રદર્શિત ના થાય. સત્યભામા એની સભાનતા પણ રાખતી હોય છે.

કૃષ્ણ જ્યારે રુક્મિણીને લઈને દ્વારકામાં પધારે છે ત્યારે સત્યભામા, જે કૃષ્ણની વાતો સાંભળી સ્વપ્નવિહારમાં વિહરતી હતી તે ધરતી પર પછડાય છે. પોતાના ઓરડાનાં બધાં જ મોરપીંછને વીણી વીણીને, આંખોમાં ઝનૂન સાથે એ ઢગલાને બાથમાં લઈ રસ્તા પર ઘા કરે છે. વિધિની વિચિત્રતા જુઓ કે એ જ વખતે કૃષ્ણ અને રુક્મિણીનો રથ ત્યાંથી પસાર થતો હતો. ઝરુખામાંથી ફેંકાયેલા એ મોરપીંછથી કૃષ્ણનો રથ ભરાઈ ગયો. રુક્મિણીનું ખરા અર્થમાં દ્વારકામાં સ્વાગત થયું એમ કૃષ્ણ કહે છે. કેવું સરસ કલ્પન અને વિસ્મય આ પ્રસંગમાં છતું થાય છે ! આખી નવલકથામાં આવા અનેક પ્રસંગો છે. સાથેસાથે અનુરૂપ વાત પણ અદ્‌ભુત રીતે સંકળાયેલી હોય છે. આપણને એમ જ લાગે કે આવાં કલ્પનોનો ઉત્સવ અને વિસ્મયોનો ઓચ્છવ ઊજવાતો હોય !

સુભદ્રાની વાતો કરવાની કલા અને તેમાં ગૂંથાયેલી કૃષ્ણની વાતોની સમજાવટ એવી હતી કે જેનાથી સત્યભામા પાણીપાણી થઈ જતી. રુક્મિણી વિવાહથી નારાજ થયેલી સુભદ્રા સત્યભામાને કહે છે કે ''મન સાચવવામાં માધવની તોલે કોઈ નથી. નારીની ઇચ્છા અનિચ્છાનું સન્માન કરવામાં શ્યામસુંદર સર્વશ્રેષ્ઠ છે. રુક્મિણી સાથેના વિવાહે આર્યાવર્તમાં સ્વયંવર પ્રથાની જેમ ગંધર્વવિવાહને પણ સન્માન આપ્યું.'' રુક્મિણીએ કૃષ્ણને કેમ સ્વીકાર્યા અને વેદવ્યાસે એને કેવી સુંદર શિખામણ આપી એ આજે પણ ખૂબ જરૂરી અને આવકાર્ય છે. વેદવ્યાસે રુક્મિણીને કહ્યું કે, ''તું જો ખરેખર આ યુગ માટે કશું કરવા માગતી હોય તો કૃષ્ણ સાથે બંધન વિનાના, મર્યાદા વિનાના અને શરતો વિનાના સંબંધમાં જોડાજે. કૃષ્ણની શક્તિ બનજે, કૃષ્ણની પ્રેરણા બનજે, કૃષ્ણનો સધિયારો બનજે, કૃષ્ણનો એ અંગત ખૂણો બનજે જ્યાં સંવાદ માટે કૃષ્ણએ શબ્દ શોધવા ન પડે.'' રુક્મિણીએ મહર્ષિને વચન આપ્યું કે 'હું કૃષ્ણત્વમાં ભળી જઈશ.' રુક્મિણીની આખી વાત વાંચતાં આ વાતનો સતત અનુભવ થાય છે કે રુક્મિણી ખરેખર કૃષ્ણમાં ઓગળી ગઈ હતી.

રાધા માટેની સત્યભામાની એક ગૂંચ, રુક્મિણી સહજ ભાવે ઉકેલે છે. એ સમજ જ રુક્મિણીને કૃષ્ણની અધિષ્ઠાત્રી બનાવે છે. ડગલે ને પગલે રુક્મિણી દરેક રાણીને જેવી કે જાંબુવતીને પણ રાજભવનની નીતિ રીતિ સમજાવતી રહે છે. સત્યભામાને તો બહુ જ સરસ અને રસાળ ભાષામાં સ્વીકારભાવ સમજાવે છે. સત્યભામા પૂછે છે કે ''રુક્મિણી, રાધા અને કૃષ્ણ સાથે કેમ નથી ?'' તેનો સુમધુર જવાબ આપતાં રુક્મિણી કહે છે, ''કાળ બદલાશે ત્યારે કદાચ તું ને હું ભૂંસાઈ જઈશું પણ એ બંને નામ જુદાં થવા માટે નથી સર્જાયાં.''

સત્યભામા તો આ સાંભળી રડમસ અવાજે બોલી, તમને આ બધું કેમ સ્વીકાર્ય છે ? રુક્મિણી જે જવાબ આપે છે તેમાં આખા જીવનનું તત્ત્વજ્ઞાન સમાઈ ગયેલું છે. એ વસ્તુનો સ્વીકાર પણ એના જીવનમાં છે. આવી બધી જ પટરાણીઓને, કૃષ્ણસહિત એ પ્રેમપૂર્વક આવકારે છે. તે કહે છે, ''સ્વીકારનું બીજું નામ શ્યામ છે. સત્યભામા, એમની પાસે જઈ બધા રંગો પોતાનું અસ્તિત્વ ભૂલીને શ્યામલ ઘટામાં ભળી જાય છે. બધું શાંત થઈ જાય છે. ન કોઈ પ્રશ્ન, ન કોઈ સંશય. ન કોઈ ફરિયાદ, ન કોઈ ઉચાટ. આપણે ભાગે વાસુદેવ. રાધાના ભાગે રાસ છે અને આપણી પાસે સહવાસ છે. સમય જતાં મને એટલું સમજાયું કે રાધાના ભાગ્યમાં કૃષ્ણ છે. અને આપણું તો સૌભાગ્ય કૃષ્ણ છે.... જો દ્વારકાધીશને પામવા છે, એમના પ્રેમાધિકારી બનવું છે તો હૃદયમાં સ્વીકારભાવને જગ્યા આપ. સ્વીકારભાવ હશે તો સુખી થઈશ.''

સત્યભામા એ તો અધિકારભાવથી કૃષ્ણ પાસે અપેક્ષા રાખતી. એનો એક સુંદર પ્રસંગ માણવા જેવો છે. કૃષ્ણ અમરાવતીથી પારિજાતનું પુષ્પ લાવેલા. એ પુષ્પ એમણે રુક્મિણીના કેશગૂંફનમાં પોતાના હાથે ગૂંથેલું. આ વાત જાણી એટલે સત્યભામાએ આગ્રહ રાખ્યો કે પારિજાતનું આખું વૃક્ષ મારે જોઈએ. કૃષ્ણ એ લાવ્યા અને પૂછ્યું કે સત્યભામા જગ્યા નક્કી કરો કે આ વૃક્ષ ક્યાં રોપવું છે? આ પ્રસંગ અનેક કૃષ્ણકથામાં છે. પણ આટલી સરસ રીતે ભાવાર્થ બતાવતી નોંધ ક્યાંય નથી લેવાઈ. હવે આગળ વધીએ. સત્યભામાએ પારિજાતને પોતાના ભવનના આંગણમાં રોપાવ્યું. કાળની કઠણાઈ કહો કે સમયનો ન્યાય. પારિજાત વધુ ને વધુ મોટું થયું. એટલું મોટું કે સત્યભામાભવનની દીવાલને ઓળંગી રુક્મિણી-ભવનના ફળિયા સુધી ફેલાયું. થડ સત્યભામાભવનના નસીબમાં પણ પ્રાતઃકાળે પારિજાતનાં ફૂલો ખરતાં તે રુક્મિણીભવનના ફળિયે.... સત્યભામા ધૂંધવાતી પણ કૃષ્ણે હાથ ઊંચા કરી લીધા કે, ''પારિજાત ક્યાં રોપવું એ નિર્ણય તમારો હતો દેવી !'' આવી અનેક વાતો આ કથામાં છે. આથી આપણે ક્યાંક એના સૂચિતાર્થો અને ભાવાર્થો સમજવા ઘટે.

સત્યભામાએ જાણ્યું કે કૃષ્ણને ચંપાનાં ફૂલ ગમે છે કારણ કે વૃંદાવનમાં ચંપાનાં ફૂલોની વચ્ચે રાધા સાથેના પ્રેમ પ્રસંગો સંકળાયેલા હતા. સત્યભામા ચંપાનો શણગાર સજીને કૃષ્ણને પ્રભાવિત કરવા માંગતી હતી. રુક્મિણી સોંસરવો પ્રશ્ન સત્યભામાને કરે છે, ''ચંપો ધારણ કરીને તેં એવું કેમ માની લીધું કે તું કૃષ્ણના ચિત્તમાંથી રાધાને ભૂંસી નાખીશ ?'' વળી ધીમે ધીમે રુક્મિણી ઉમેરે છે કે ''દ્વારકાધીશ પાસે રાધા તો છે જ, તારે રાધા બનવાની જરૂર નથી. હા, એમની પાસે સત્યભામા નથી. તો તું સત્યભામા બનીને રહીશ તો એમને વધુ પામી શકીશ !''

આમ સમજાવટથી રુક્મિણી સત્યભામાને એ કક્ષાએ લઈ જાય છે કે સત્યભામા કૃષ્ણને નિર્ણય લેવામાં મદદ કરે છે. જ્યારે નરકાસુરનો વધ કર્યો અને બધી આર્યકન્યાઓને મુક્ત કરી ત્યારે માનભંગ થયેલી આ સોળ હજાર એકસો કન્યાઓએ સમુદ્રમાં જળસમાધિ લેવાનું નક્કી કર્યું. કેદમાંથી મુક્ત થયેલી આ સ્ત્રીઓનો સ્વીકાર તેમના પતિ કરતા નથી. ત્યારે સત્યભામા કહે છે કે, ''કૃષ્ણ, પીડા અને પરીક્ષા કેમ નારીના જ ભાગ્યમાં લખાયેલી હોય છે? દરેક યુગમાં સ્ત્રીનો ત્યાગ થાય, એને પૂછ્યા વિના વિવાહ નક્કી થાય, વર્ષો સુધી શલ્યા બની એકાકી જીવન જીવવા મજબૂર કરવામાં આવે કે ભરસભામાં નિર્વસ્ત્ર કરવામાં આવે.... વિધાતાનો આ કેવો વ્યાય ?'' આ પ્રભાવક સંવાદની અસર કૃષ્ણ પર થાય છે. એ બધી સ્ત્રીઓને પોતાની પત્ની તરીકે સ્વીકારી લે છે. લોકો અભિનંદન પાઠવવા લાગ્યા કે ''તું કૃષ્ણના મનોબળની સારથિ બની ત્યારે નરકાસુરનો વધ થઈ શક્યો. તું તો યોદ્ધા કહેવાઈશ સત્યભામા.'' આ સત્યભામાનો વિકાસ છે.

આવી અનેક વાતોને પોતાની કલ્પનાશક્તિને કામે લગાડી રામ મોરીએ રમ્ય અને ગમ્ય બનાવી છે. પોતાની બૌદ્ધિક ચાતુર્યપૂર્ણ રીતે સજાવી છે. માણવા જેવી છે. વારંવાર વાંચવી ગમે તેવી છે.

'સંભવામિ ક્ષણે ક્ષણે'માં ગુણવંતભાઈ લખે છે, ''કૃષ્ણ સાથે પ્રેમાળ દાદાગીરી કરવાનો, લાડ કરવાનો અને એની સામે બકરી બેં થઈને નમી પડવાનો, રડી પડવાનો તથા છૂટી પડવાનો આપણને અધિકાર છે. આવો અધિકાર ભોગવવાની એક જ શરત છે અને તે છે અંતઃકરણની સ્વચ્છતા. અંતઃકરણની સ્વચ્છતા એટલે ખાનગી પ્રમાણિકતા.'' કૃષ્ણ છોડીને જાય છે ત્યારે સત્યભામાનો વિલાપ એ આ પ્રકારની સ્વચ્છતાનો અનુભવ કરાવે છે.

આ પૂરેપૂરી કથા રસાળ, પ્રેમાળ શૈલીમાં જરા પણ રસક્ષતિ થયા વગર, સુંદર રંગો ભરીને, સુભદ્રાના મુખે કહેવાઈ છે. વર્ણનો પણ અદ્ભુત છે. તેનો આનંદ લેવો ગમે. વાંચતાં વાંચતાં આપણી સમક્ષ એ દશ્યો ઉભાં થતાં જાય અને અનેરા આનંદની અનુભૂતિ થાય છે.

રામ મોરીએ આ પુસ્તકમાં ''મેં તો ખોબો માંગ્યો ને દઈ દીધો દરિયો'' એ ઉક્તિ મુજબ છુટ્ટે હાથે મોરપીંછ વેર્યાં છે. શણગારમાં, સુશોભનમાં, પ્રતીક તરીકે એમ મબલખ વરસાવ્યાં છે. પુસ્તકનું મુખપૃષ્ઠ મોરપીંછે મઢેલી ફ્રેમમાં સુંદર ઊપસ્યું છે. આવરણ તૈયાર કરનારા ચિત્રકાર શ્રી મહેન્દ્રભાઈને મોરપીંછ અભિનંદન. મોરપીંછથી પણ અધિક સુંદર એવી આ કથા બદલ લેખકને મોરપીંછ અભિનંદન.

**– ભદ્રા-વિક્રમ સવાઈ**




પુસ્તક પ્રાપ્તિસ્થાન : 'સત્યભામા'
લેખક : રામ મોરી, આર.આર.શેઠ એન્ડ કંપની, 'દ્વારકેશ' રૉયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

## વાંચન થાળ

- **વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ –** પ્રેરણા સદન, ૬-બી, હરિનગર સોસાયટી, જૂના ઢોરબજાર, કાંકરિયા, કર્ણાવતી (અમદાવાદ) ૩૮૦૦૨૮.

○ કાવ્ય-આસ્વાદ – મોહન મઢીકર 'આનંદ', પૃષ્ઠ-૧૫૨, મૂલ્ય રૂ.૫૫.

આ પુસ્તક વિષે શ્રી મનસુખભાઈ સલ્લા લખે છે – શ્રી મોહનભાઈ ખુદ કવિ છે. ઉત્તમ કાવ્યોનું ગાન અને ભાવન તેમના રસનો વિષય છે. તેમણે જીવનભર ગુજરાતી સાહિત્યનું અધ્યાપન કાર્ય કર્યું છે. તેમને કવિતાની ખૂબીઓનો પરિચય છે. અને કાવ્યના ભાવને ઊંડાણથી આત્મસાત્ કરી શકે છે. પ્રસ્તુત પુસ્તકમાં ૨૭ કાવ્યોનો આસ્વાદ કરાવ્યો છે. આસ્વાદ કરાવતી વખતે વિદ્યાર્થીઓને નજર સમક્ષ રાખી અર્થ વિસ્તાર પર વધુ ભાર આપ્યો છે. મોહનભાઈની ભાષા વિવેચનની નથી, વર્ગખંડની છે.

# એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા - ૩

(ગતાંકનું ચાલુ...)

- **૨૦૦૪-૧૪નાં વર્ષો : સહભાગિતા, વિરોધ તેમજ નવું રાજકારણ**

૨૦૦૪ની ચૂંટણીનાં પરિણામો તથા આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં ક્રમશઃ ચંદ્રબાબુ નાયડુ તેમજ જયલલિતાની હારથી એ બાબત સ્પષ્ટ થઈ કે કોર્પોરેટર પ્રેરિત ટેકનોક્રેટિક શાસનથી લોકોમાં અસંતોષ હતો, જેણે સામાજિક અસમાનતાને હજુ વધારી દીધી હતી. યુનાઈટેડ પ્રાગ્રેસીવ અલાયંસ (UPA)ની રચના થઈ અને મનમોહનસિંહ વડાપ્રધાન બન્યા.

ચૂંટણીનાં પરિણામોના થોડા જ સમય પછી એન.એ.પી.એમ. એ આંધ્રપ્રદેશના તિંબક્ટુમાં રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કર્યું. આ આયોજનમાં એક તરફથી વિજયની ભાવના હતી તો બીજી બાજુ એક નવો પડકાર અને તેની ચિંતા પણ હતી. જન આંદોલનોએ સાર્વજનિક વિમર્શને ઘણો ઊંડાણથી પ્રભાવિત કર્યો હતો, જેને લીધે કોંગ્રેસ પક્ષને પણ 'હ્યૂમન ફેસ સાથે રીફોર્મ્સ'ની વાત કરવા મજબૂર થવું પડેલું. પરંતુ આંદોલનકારીઓ તેમ છતાં સતર્ક હતા. કારણ કે તેઓ જાણતા હતા કે ૧૯૯૦ના દસકામાં કોંગ્રેસ જ નવઉદારવાદ (neo-liberalism)ની સૌથી મોટી પક્ષકર્તા હતી. સવાલ માત્ર સરકાર (કે પક્ષ) બદલાય તેનો ન હતો, પરંતુ આ સમગ્ર વિકાસ તેમજ નિર્ણય પ્રક્રિયાને અંગે ફરીથી વિચારવાનો તેમજ માળખાને બદલવાનો હતો.

આ અધિવેશનમાં સૌથી મહત્ત્વની ચર્ચા રાજકારણને લઈને થઈ. અત્યાર સુધી એન.એ.પી.એમ.એ 'દબાણની રાજનીતિ' અપનાવી હતી. જેમાં મુખ્ય પ્રવાહના પક્ષો પર જનહિતના મુદ્દાઓ ઉઠાવવા પર દબાણ કરવામાં આવતું હતું, નીતિઓમાં બદલાવ લાવવાની માંગણી કરવામાં આવતી હતી અને સરકારોને જવાબદાર ઠરાવવામાં આવતી હતી. પરંતુ હવે પ્રશ્ન હતો કે શું જનઆંદોલનોએ સીધા ચૂંટણીના રાજકારણમાં ઊતરવું જોઈએ? શું તેમણે કોઈ પક્ષ સાથે ગઠજોડ કરવી જોઈએ? શું તેઓ પોતાના ઉમેદવાર ઊભા કરે?

લાંબી ચર્ચાઓ પછી એ બાબત સ્પષ્ટ થઈ કે જનઆંદોલનો પોતાનામાં જ રાજકીય હોય છે – માત્ર ચૂંટણી લડીને નહીં, પરંતુ સત્તાના માળખાને પ્રભાવિત કરીને, અને નિર્ણયની પ્રક્રિયામાં આમ જનતાની ભાગીદારી સુનિશ્ચિત કરીને. આગળ જોયું તેમ કેટલાંક સંગઠનો તેમજ કાર્યકર્તાઓએ પીપલ્સ પોલિટીકલ ફ્રંટના માધ્યમથી ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ એ બાબતે સહમતિ હતી કે જનઆંદોલનોએ પોતાની સ્વતંત્રતા જાળવી રાખવી જોઈએ અને રાજકારણના ફંદામાં ફસાવું ન જોઈએ. સાથે સાથે એ વાત પણ સ્વીકારવામાં આવી કે સંગઠનોને વ્યૂહરચનાત્મક ગઠબંધનોની જરૂર છે – ખાસ કરીને સાંપ્રદાયિકતા અને કોર્પોરેટ-પ્રેરિત શાસનની વિરુદ્ધ સાથે મળીને સંઘર્ષ કરવાને માટે.

શું આ લોકોના અધિકારોની વાતો સાંભળનાર સરકાર છે ? જન-હિત જેમાં સમાયેલું છે તેવા કાયદાઓ માટેની લડત NAPM એ નક્કી કર્યું કે નવી બનેલી સરકાર અને લોક-આંદોલનો વચ્ચે એક નક્કર સંવાદ સ્થપાય, જેમાં નીતિ, બજેટ અને આર્થિક યોજનાઓ બનાવતી વખતે લોકોના અવાજને મહત્ત્વ આપવામાં આવે – એટલે કે સ્પષ્ટરૂપે એ બાબત સામે લાવવામાં આવે કે દેશની પ્રાથમિકતા કોર્પોરેટ લોબી (નું હિત) નહીં પરંતુ જન-આંદોલન નક્કી કરે. આ પૃષ્ઠભૂમિમાં એન.એ.પી.એમ.એ કેન્દ્ર સરકારે બનાવેલ નેશનલ એડવાઈસરી કાઉંસીલ (NAC) સાથે સંવાદ શરૂ કર્યા. જેમાં સોનિયા ગાંધી અધ્યક્ષ હતાં અને ઘણા નીતિ વિશેષજ્ઞો, કાર્યકર્તા તેમ જ બુદ્ધિજીવીઓને તેના સભ્યો બનાવાયા હતા.

આ સમયગાળા દરમિયાન એન.એ.પી.એમ. સહિત ઘણાં જન-આંદોલનોએ મળીને આધુનિક ભારતના ઇતિહાસમાં કેટલાક સૌથી મહત્ત્વના જન-હિત ધરાવતા કાયદાઓનું અમલીકરણ કરવામાં મોટી ભૂમિકા અદા કરી. વર્ષોની પાયાની મહેનત, નીતિ-પરિવર્તનના પ્રયત્નો તેમજ ટ્રેડ યુનિયનો, ખેડૂત સંગઠનો તેમજ નાગરિક સમાજની સાથે મળીને આ મંજિલ પર પહોંચી શકાયું હતું.

૨૦૦૫માં આવેલો માહિતી અધિકાર અધિનિયમ (RTI) એક ખૂબ જ મહત્ત્વનો કાયદો સાબિત થયો. જેને કારણે નાગરિકોને સરકારની જવાબદેહી નક્કી કરવા માટેનું સાધન મળ્યું. તેમજ ભ્રષ્ટાચાર અને નીતિગત નિષ્ફળતાઓને સામે લાવવાનો રસ્તો પણ સાંપડ્યો. ત્યારબાદ વર્ષ ૨૦૦૬માં વન અધિકાર કાયદો (FRA) આવ્યો, જેણે પહેલી વાર આદિવાસીઓ તેમજ જંગલમાં વસતા પારંપારિક સમુદાયોના જમીન અને સંસાધનો પરના અધિકારોને કાયદાકીય માન્યતા આપી. આ એક ઐતિહાસિક સુધારો હતો, જેણે ઉપેક્ષા અને વિસ્થાપનના દશકોને પલટાવ્યા – પલટાવવાની દિશામાં કદમ ભર્યાં. આ જ વર્ષમાં – એટલે કે ૨૦૦૬માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો (NREGA) લાગુ કરવામાં આવ્યો, જે શ્રમિકો તેમજ ગામના લોકોના અધિકારોની લડાઈનું પરિણામ હતું. આ કાયદાએ ગ્રામીણ ક્ષેત્રોમાં પ્રતિવર્ષ ૧૦૦ દિવસની મજૂરી મળશે તેવું સુનિશ્ચિત કર્યું. જેને કારણે ખેડૂત સંકટના સમયમાં પણ પોતાનો જીવન ગુજારો કરી શકશે. ૨૦૦૯માં મફત અને અનિવાર્ય શિક્ષણના અધિકારનો કાયદો (RTE) આવ્યો, જેમાં ૬ થી ૧૬ વર્ષનાં બાળકો માટે શિક્ષણ એ તેમનો બંધારણીય અધિકાર માનવામાં આવ્યો. આ પણ શિક્ષણના અધિકાર માટે સંઘર્ષ કરી રહેલાં આંદોલનોની એક જીત હતી.

એન.એ.પી.એમ. સહિત ઘણાં સંગઠનોની એક જૂની માંગણી હતી કે ૧૮૯૪નો વસાહતીકરણ સમયનો જમીન સંપાદન કાયદો રદ કરવો જોઈએ, જેણે વર્ષોથી જમીન સંપાદન અને વળતર ન આપવાની પ્રકિયાને કાયદેસર ઠેરવી હતી. પરિણામે ૨૦૧૩માં નવો જમીન સંપાદન, પુનર્વસન અને પુનઃસ્થાપન કાયદો લાવવામાં આવ્યો. જેમાં જમીન સંપાદન માટે સંમતિની શરત તેમજ વધુ સારા વળતરની જોગવાઈ મૂકવામાં આવી. ત્યારબાદ આવ્યો રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ (૨૦૧૩) જેને રાઈટ ટુ ફૂડ એક્ટના નામથી ઓળખવામાં આવે છે. આ કાયદાથી દેશની બે તૃત્યાંશ વસ્તીને

સબસીડીવાળું અનાજ મેળવવાનો કાયદાકીય અધિકાર પ્રાપત થયો.

અલબત્ત, આ જન-હિત ધરાવતા કાયદાઓ છતાં એન.એ.પી.એમ. UPA સરકારની નવઉદારવાદી આર્થિક નીતિઓની સતત ટીકા કરતું રહ્યું. સરકારે કોર્પોરેટ આધારિત માળખું (ઇન્ફ્રાસ્ટ્રક્ચર) અને આર્થિક સુધારાઓને પ્રાથમિકતા આપી. જેને કારણે ખેડૂત, આદિવાસી તેમજ શહેરી ગરીબોનું મોટા પ્રમાણમાં વિસ્થાપન થયું. ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર, પીસીપીઆઈઆર (Petroleum, Chemicals and Petrochemicals Investment Regions), અણુમથકો, થર્મલ પાવર પ્લાન્ટ અને સ્માર્ટ સીટી મિશન જેવા પ્રોજેક્ટોએ આમ જનતાની જિંદગીઓને ઉજાડવાનું કામ કર્યું. ૨૦૦૫માં લાવવામાં આવેલો સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (સેઝ) અધિનિયમ કોપરિટ્સને જમીન મેળવવાની છૂટ આપતો રહ્યો, જેને કારણે દેશભરમાં જમીન અંગેના વિવાદોમાં વધારો થયો. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) નો વ્યાપ વધતાં જળ, પરિવહન અને ઊર્જા જેવાં જરૂરી ક્ષેત્રોમાં સરકારી સંપત્તિઓને ખાનગી કંપનીઓના હાથમાં સોંપી દેવાઈ, જેને પરિણામે આમ જનતાને મળતી આ સેવાઓ ઉત્તરોત્તર નબળી પડતી ગઈ અને કુદરતી સંસાધનો પરનું લોકશાહિક નિયંત્રણ ઓછું થતું ગયું.

બીજી તરફ નાગરિક સમાજ પર વધુ ને વધુ તવાઈ આવતી ગઈ - UAPA જેવા આતંકવાદ વિરોધી કાયદાઓનો દુરુપયોગ, રાષ્ટ્રીય શોધ એજંસી (NIA)નું ગઠન અને FCRA કાયદામાં ફેરફાર - આ બધાએ મળીને સંગઠનો તેમજ કર્મશીલોના અવાજને કચડવાનો પ્રયત્ન કર્યો. ઓપરેશન ગ્રીન હંટ હેઠળ આદિવાસી વિસ્તારોમાં સેનાની કાર્યવાહીએ ગતિ પકડી, જ્યાં ખરેખર તો કંપનીઓ દ્વારા કરવામાં આવી રહેલ જમીન પરના કબજાની વિરુદ્ધ ચાલી રહેલ જન-આંદોલનોને કચડવામાં આવ્યાં. દરમિયાન, ૨૦૦૮નું ભારત-અમેરિકા ન્યુક્લિયર ડીલ વિદેશી મૂડી તેમજ વ્યાપાર સમજૂતીઓ બાબતે સરકારની પ્રતિબદ્ધતાને વધુ ઉજાગર કરે છે, જેને કારણે રાજકીય સંકટ પેદા થયું અને વામદળોએ યુપીએને આપેલું સમર્થન પાછું ખેંચી લેવું પડ્યું.

આ બધું એ કાયદાઓ અને સંવાદોથી એકદમ જ વિપરીત હતું, જે સામાજિક આંદોલનોની સાથે મળીને બનાવાયા હતા. એવા સમયે બેંગલોરમાં થયેલું NAPMનું પાંચમું રાષ્ટ્રીય સંમેલન આ આંતરવિરોધોની ઝલક આપી જાય છે - એક સરકાર જે બહારથી પ્રગતિશીલ દેખાતી હતી, પણ અંદરથી કૉર્પોરેટ હિતોને મજબૂતીથી સાધી પણ રહી હતી.

૨૦૦૬માં બેંગલોરમાં આયોજિત આ સંમેલન પછી NAPM એ પોતાના સંઘર્ષો હજી વધુ ગતિમાન બનાવ્યા. જમીન સંપાદન, સેઝ, પાણીનું ખાનગીકરણ, શ્રમનો અધિકાર અને રાજકીય હસ્તક્ષેપ જેવા મુદ્દાઓ પર કેન્દ્રિત થવાનું નક્કી કરાયું. ખાસ કરીને નંદિગ્રામ, સિંગુર તેમજ અન્ય સ્થળોએ પાયાની લડતોમાં આંદોલનની ભૂમિકા મહત્ત્વની રહી. શહેરોમાં ઝડપથી ઊભા થઈ રહલા સંઘર્ષને જોતાં NAPM એ 'રાષ્ટ્રીય શહેરી વિકાસ સંઘર્ષ તેમજ કાર્યવાહી સમિતિ'ની રચના કરી. જેમાં ઘર બચાઓ, ઘર બનાઓ આંદોલન, નેશનલ હોકર્સ ફેડરેશન, છત્રી તેમજ બીજાં ઘણાં આંદોલનો સાથે હતાં. આ સમિતિએ સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૦૬માં બે મહિના લાંબી શહેરોની યાત્રા કાઢી જેનું સમાપન દિલ્હીમાં થયું

(ક્રમશઃ)

**- મધુરેશકુમાર**

## ભારતના કૃષિ યુગપ્રહરી...

(પાન ૯નું ચાલુ)

એક વિજ્ઞાની તરીકે સ્વામીનાથનજીની યાત્રા ગ્રીન રિવોલ્યુશનથી એવરગ્રીન રિવોલ્યુશન તરફની હતી. ગુજરાતના કેટલાક સજીવ ખેતીના હિમાયતીઓએ ૧૯૯૯માં ચેન્નાઈ સ્થિત તેમના કેન્દ્રની મુલાકાત લીધેલી ત્યારે ગ્રામીણ મહિલાઓ ઘરબેઠા મશરૂમ ઉગાડે, ખેડૂત જંતુનાશક તરીકે લીંબોળીના તેલની ઘાણી ચલાવે, સંકલિત ખેતી પદ્ધતિ હેઠળ જળસંગ્રહ માટેના તળાવમાં માછલી ઉછેર, પશુપાલન, કંપોસ્ટ, ફળ-શાક, અનાજ-કઠોળની ખેતી થાય તે જોઈને લાગેલું કે તેમની સંસ્થા ચિરંજીવી ખેતીની દિશામાં પ્રશંસનીય કામગીરી કરી રહી છે. અલબત્ત, ત્યાં જીએમ ડાંગરના સંશોધનનું કામ પણ તે અરસામાં ચાલતું. ૨૦૦૬માં પ્રાકૃતિક ખેતીના અગ્રેસર ઋષિ ભાસ્કરભાઈ સાવેએ નેશનલ કમિશન ઓન ફાર્મર્સના વડા તરીકે તેમને પત્ર લખી હરિયાળી ક્રાંતિના નામે થયેલ ભૂલ સુધારી પ્રાકૃતિક ખેતીના રસ્તે ખેતીનો વિકાસ કઈ રીતે કરી શકાય તે માટે વિગતવાર સૂચનો કરેલાં. સ્વામીનાથનજીએ આભાર વ્યક્ત કરતાં જવાબમાં લખેલું, લાંબા ગાળાથી મેં તમારા કામની પ્રશંસા કરી છે. તમે કિંમતી સૂચનો અને ભલામણો કર્યાં છે અને તેને આખરી અહેવાલ બનાવતી વખતે ધ્યાનમાં લઈશું. પર્યાવરણીય નુકસાન વિના કાયમી રીતે ઉત્પાદક્તાને વધારવાના રસ્તાઓ વિશેનું મારું પેપર આ સાથે જાણ માટે સામેલ કર્યું છે. આ બાબતે તે મધ્યમમાર્ગી હતા. તેમણે કૃષિ રસાયણશાસ્ત્રના પિતા જસ્ટસ વોન લીબીગની જેમ પોતાની ભૂલ કબૂલ ન કરી. ન તો નોર્મન બોર્લોગની જેમ જૈવિક ખેતીનો વિરોધ કર્યો. સ્વામીનાથન સજીવ ખેતીની દિશાના પ્રયોગોને સમજતા, બિરદાવતા અને તેમાંથી શીખવા પ્રયત્ન કરતા. સ્વામીનાથન કમિશનના વડા તરીકે તેમણે સ્પષ્ટ ભલામણ કરી હતી કે ખેતીમાં થતો તમામ પ્રકારનો ખર્ચ, જમીનનું ભાડું, મેનેજમેન્ટ સમેત ઉમેરી આવતી પડતર ઉપર ૫૦% વધુ રકમ આપવાથી જ ખેડૂતની મહેનતનું સાચું વળતર મળે. **શતાબ્દી નિમિત્તે સ્વામીનાથનને સાચું તર્પણ એ થશે કે તેમની ભલામણ મુજબ ખેત પેદાશોના લઘુતમ ભાવ નક્કી થાય અને તે ખેડૂતોને મળે!**

કેમ્બ્રીજમાં ભણતાં ભણતાં મીનાજીનો પરિચય થયો, ૧૯૫૧માં તેમની સાથે લગ્ન કર્યાં. તેમની ત્રણ દીકરીઓ; પહેલાં સૌમ્યા, બાળરોગ નિષ્ણાત-જેમણે WHOમાં મુખ્ય વિજ્ઞાની તરીકે કામ કર્યું. બીજાં મધુરા, જાણીતા અર્થશાસ્ત્રી છે અને ત્રીજાં નિત્યા મહિલાઓ અને ગ્રામવિકાસ ક્ષેત્રે કાર્યરત છે.

ગાંધીજી, રમણ મહર્ષિ અને સ્વામી વિવેકાનંદે તેમના જીવન પર ઊંડી પાડી. વિનોબાજીની ટહેલના પ્રતિસાદ રૂપે પરિવારની જમીનનો ત્રીજો ભાગ ભૂદાનમાં આપેલો તેવો ઉલ્લેખ એમના જીવનચરિત્રમાં છે. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩માં ચેન્નાઈ ખાતે ૯૮ વરસે તેમનું અવસાન થયું. જાણે ભારતના કૃષિવિકાસના એક દીર્ઘકાલીન યુગની સમાપ્તિ થઈ! મૃદુભાષી, પોતાના વિરોધીઓને પણ સામેથી બોલાવી શાંતિથી કાન દેનાર અને તેમનો વિરોધ ન કરનાર આ વિજ્ઞાની અને વહીવટકર્તાને શતાબ્દી નિમિત્તે આદરાંજલિ.

જતન, વડોદરા

**- કપિલ શાહ**

# મુંબઈમાં પરા ટ્રેનની મુસાફરી એટલે મૉતની મુસાફરી ?

મુંબઈ એટલે ચોવીસેય કલાક ધમધમતું મેટ્રો શહેર. મુંબઈની પરાંની ટ્રેનો તેમજ બેસ્ટ (BEST)ની બસો એટલે મુંબઈગરાઓની જીવાદોરી. તેમની સેવા થોડી વાર માટે પણ ઠપ થાય તો મુંબઈવાસીઓનું ટાઈમટેબલ ખોરવાઈ જાય. અને પરિવારજનોની ચિંતામાં વધારો થાય. ઘણા સમયથી કહેવાય છે કે મુંબઈની આ ટ્રેનોમાં એટલી ભયંકર ગિરદી હોય છે કે ટ્રેનના ડબ્બાઓના ફૂટબોર્ડ પર ઓછામાં ઓછા ૧૦-૧૫ ઉતારુઓને ઊભા રહીને (લટકીને) મુસાફરી કરવી પડે છે. આવા મુસાફરો પૈકી ઓછામાં ઓછી ૭-૮ વ્યક્તિઓ ઝડપથી ચાલતી આ ટ્રેનના ટ્રેકની બાજુમાં આવેલા થાંભલા સાથે ભટકાઈને કાળનો કોળિયો બને છે. નાણાંકીય રાજધાની ગણાતા મુંબઈના વધતા વિકાસની સરખામણીમાં ટ્રેનોની સંખ્યા ઘણી ઓછી પડે છે. ગઈ તારીખ ૯ જૂનના રોજ આવા એક અકસ્માતમાં ફૂટબોર્ડ પર લટકતા ૪ ઉતારુઓ ટ્રેને વળાંક લેતાં ટકરાઈને નીચે પડી મૃત્યુ પામ્યા હતા. રેલવેએ એવો ખુલાસો કર્યો કે આ સમયે સામસામી બે ટ્રેનો નજીક આવવાથી ઉતારુઓના પાછળ લટકાવેલ થેલા ટકરાવાથી તેઓ પડી ગયા હતા. ઘાયલ થયેલ નવ વ્યક્તિઓ પૈકી એકનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું.

એક મૃતક સરોજ સાથે ટ્રેનમાં મુસાફરી કરનાર શીરસત, સરોજના કુટુંબ સાથે મૃતદેહ લેવા છત્રપતિ શિવાજી સ્ટેશને ગયા હતા. તેમણે મુલાકાતમાં જણાવ્યું, ‘‘હું અંદર અને સરોજ બહાર હતા, આ ઘટના પછી હવે હું ક્યારેય ટ્રેનમાં મુસાફરી કરીશ કે કેમ તે અંગે મને શંકા છે. અકસ્માત થતાંની સાથે અમે ત્રણ વખત સાંકળ ખેંચવા છતાં ટ્રેન થોભી ન હતી. મુંબઈ શહેરમાં રોજની ૨૨૮ ટ્રેનની ટ્રીપો શહેર અને પરાંઓને સાંકળે છે. તેમાં દરરોજ ૭૫ લાખ લોકો મુસાફરી કરે છે. ચાલુ ટ્રેને પડી જવાથી ૨૦૨૪માં ૫૭૦ ઉતારુઓ મૉતને ભેટ્યા હતા. આ સમયે ૧૩૨૯ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થઈ હતી. આ વર્ષના જાન્યુઆરીથી માર્ચના સમયગાળા દરમ્યાન સેન્ટ્રલ લાઈન પર ૮૮ લોકો મૉતને ભેટ્યા અને ૧૯૮ લોકો ઘાયલ થયા. પશ્ચિમ રેલવેના રૂટની ટ્રેનોમાં આ સમયગાળા દરમ્યાન ૪૪ લોકો મૉતને શરણ અને ૧૩૨ લોકો ઘાયલ થયા હતા.

મુંબઈની પરાં ટ્રેનોમાં થતા અકસ્માતો અટકાવા અને સલામતીની વ્યવસ્થા વધારવા માટે રોજના મુસાફર યતીન જાદવ નામની વ્યક્તિએ મુંબઈ હાઈકોર્ટમાં જાહેરહિત અરજી (PIL) કરેલ છે. તેના જવાબમાં રેલવેએ રજૂ કરેલ આંકડા અનુસાર છેલ્લાં વીસ વર્ષમાં મુંબઈની લોકલ ટ્રેનના અકસ્માતમાં ૫૧,૦૦૦ લોકોએ પોતાના જાન ગુમાવ્યા છે. મુંબઈ હાઈકોર્ટના જસ્ટીસ સંદીપે ૨૦ જૂનના રોજ નોંધ્યું છે કે પાટા ક્રોસ કરનારા સહિત ટ્રેન અકસ્માતમાં રોજ ૧૦ લોકો જીવન ગુમાવે છે. વૈશાલી શીરકર નામની ૫૦ વર્ષની મહિલા રોજ બદલાપુરથી થાણા ૫૦ કિ.મી.ની મુસાફરી કરે છે. તેઓ કહે છે કે લોકલ ટ્રેનમાં અકસ્માત એ રોજની સામાન્ય બાબત છે.

રેલવેના પ્રવક્તા વિનીત અભિષેકે જણાવ્યું કે છેલ્લાં ૨૦ વર્ષમાં રેલવેએ ઘણો બદલાવ કર્યો છે. ટ્રેનોની ક્ષમતામાં વધારો થયો છે તેમજ અનેક નવા પ્રોજેક્ટ્સ પણ હાથ ધરાયા છે. અપ-ડાઉન કરનારા ઉતારુઓ હાર્બર લાઈન પર વધુ ટ્રેન સેવાઓની માંગણી કરી રહ્યા છે. આંબીવલીથી થાણા સુધી રોજ ૩૦ કિ.મી.ની મુસાફરી કરનાર ઈરપ્પા કહે છે કે અનાજની ગુણમાં જેમ ખીચોખીચ દાણા ભરવામાં આવે, તેવી હાલતમાં અમે રોજ મુસાફરી કરીએ છીએ. તેઓ કહે છે, મુંબઈમાં માસિક રૂ. ૩૦,૦૦૦ કમાનાર વ્યક્તિને પરિવાર સાથે દૂર પરાંમાં જ રહેવાનું પોસાઈ શકે. પણ રોજીરોટી માટે આ ભીડભાડવાળી ટ્રેનમાં મુસાફરી કરવાની અમને ફરજ પડે છે. થાણા રેલવે પ્રવાસી સંસ્થાના મુખ્ય કાર્યકર નંદકુમાર દેશમુખ જણાવે છે કે રેલવે પાસે કોઈ દષ્ટિપૂર્વકનું આયોજન જ નથી અને તેથી આજે પણ માણસો રોજ ટપોટપ મરે છે. રેલવેએ જાણવું જોઈએ કે મુંબઈ હવે પનવેલ અને બદલાપુર સુધી વિસ્તરી ચૂક્યું છે. આ વિસ્તારના પેસેંજરોએ થાણાથી કાલવા, દીવા અને ડોંબીવલી માટે વિશેષ શટલ ટ્રેન સેવાની માંગણી કરેલી છે.

તાજેતરનાં અકસ્માત પછી રેલવે બોર્ડે જાહેરાત કરી છે કે જાન્યુઆરી ૨૦૨૬થી એ.સી. વિનાની ઓટોમેટિક દરવાજા બંધ થતી ટ્રેનો દાખલ કરવામાં આવશે. અહીં યાદ અપાવીએ કે આવી ટ્રેન જૂન ૨૦૨૧માં પ્રયોગાત્મક ધોરણે દાખલ કરવામાં આવી હતી. પરંતુ આ પ્રયોગ નિષ્ફળ રહ્યો હતો. કારણ કે આ ટ્રેનોમાં દરવાજા પર એટલી ભયંકર ગિરદી હોય છે કે દરવાજા બંધ જ ન થઈ શકે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ પણ અકસ્માત બાદ જાહેર કર્યું છે કે ભાડામાં વધારો કર્યા સિવાય એ.સી. ટ્રેનો ફાળવવામાં આવશે. દાદર સ્ટેશનથી મુસાફરી કરતાં નલિની પ્રિયાએ કહ્યું કે જ્યાં સુધી ગિરદીનો પ્રશ્ન છે, એ.સી. ટ્રેનોની સ્થિતિ કંઈ જુદી નથી, તે પણ ખીચોખીચ ભરેલી હોય છે અને આ સ્થિતિમાં દરવાજા બંધ કરવાનું શક્ય જ નથી.

આમ ટ્રેનના દરવાજે લટકતા મુસાફરોની સફર જિંદગી અને મૉત વચ્ચે લટકતી હોય છે.

(માહિતી સૌજન્ય : ધી હિન્દુ, **– અશ્વિન કારીઆ**
તા.૨૭.૬.૨૦૨૫માં પ્રગટ થયેલ સ્નેહલ મુથાનો લેખ)

# વાચકોના પત્રોમાંથી

■ **માનવ જ્યોત ટ્રસ્ટ,** 61, Unique Industrial Estate, Opp. Old Jawahar Talkies, Dr. R.P. Road, Mulund (West) Mumbai-400080. Mo.: 91375 14459

○ ગુજરાતના વૃદ્ધાશ્રમો. સંકલનકાર - શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયા, સંપાદક-શ્રી દેવચંદ સાવલિયા, પૃષ્ઠ-૮૦, રૂ.૫૦/-.

ગુજરાતના ૨૯ જિલ્લામાં આવેલા અસંખ્ય વૃદ્ધાશ્રમોનાં સરનામાં, ફોન નંબર, કેટલાં વૃદ્ધજનોને સમાવી શકે છે તેની વિગત તેમજ પ્રતિમાસ રહેવા માટે ભરવી પડતી રકમની વિગત આપવામાં આવી છે.

# વાંચન થાળ

■ **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,** રતનપોળ નાકા, ગાંધીમાર્ગ, અમદાવાદ- ૩૮૦૦૦૧. મો.: ૯૨૨૭૦ ૫૫૭૭૭

○ પેપર ક્લીપ્સ - રસીલા કડીઆ. પૃષ્ઠ ૬૪, રૂ. ૧૦૦/-.

કમસે કમ હોલોકોસ્ટ તેમજ અન્ય ટ્રેજેડી અંગેની વિગતો જાણવા આ પુસ્તક વાંચવું જરૂરી છે.

○ સમય આયોજન એટલે સ્વઆયોજન - પ્રવીણચંદ્ર ઠક્કર. પૃષ્ઠ ૩૨, રૂ. ૪૦/. લેખક લખે છે -

આપણને મળેલા કલાકોને ત્રણ પ્રકારમાં વહેંચી શકાય.

0 પ્રતિબદ્ધ કલાકો - કમિટેડ કલાકો.

0 રિલેક્સ - તાજા થવા માટેના કલાકો.

0 ઉત્પાદકીય - જીવનનું સુકાન નક્કી કરનારા કલાકો.

ઈ.સ. ૧૫૦૪માં જર્મનીમાં પિટર હેન્લેઇને આધુનિક ઘડિયાળની શોધ કરી પરિણામે સમયરૂપી સંસાધનના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન દ્વારા આપણું ધ્યેય નિર્ધારિત કર્યા પ્રમાણે સિદ્ધ કરવાનું સરળ બન્યું છે.

સમયની કેટલીક લાક્ષણિકતા છે.


0 તેનું સર્જન કરી શકાતું નથી. 0 તેમાં વધઘટ કરી શકાતી નથી. 0 બિન હસ્તાંતરણીય છે. 0 તેનો સંગ્રહ કરી શકાતો નથી. 0 તેનું રૂપાંતર કરી શકાતું નથી. 0 સમય હપ્તામાં મળે છે. 0 વર્તમાન સમય રોકડ રકમ છે.

0 ''યે મત સોચ કિ જિંદગી મેં કિતને પલ હૈ,
યે સોચ કિ હર પલ મેં કિતની જિંદગી હૈ.''

0 સંધ્યાની જેમ ક્ષણમાં ઢળી જાય છે સમય
સદ્‌ભાગી કો'કને જ ફળી જાય છે સમય.

0 તમે પસાર કરેલી 'આજ'માં જ તમારી સફળતાનો મંત્ર છુપાયેલો છે.

સ્વૈચ્છિક સંસ્થામાં સૌ કાર્યકરો, શાળા કૉલેજના શિક્ષકો, ૩૦-૩૫ વર્ષે ઉદ્યોગ-ધંધામાં લાગેલા યુવાનોએ, શિક્ષિત ગૃહિણીઓએ પણ વાંચવા જેવું પુસ્તક છે.




■ **અરુણાબેન અભિવાદન ગ્રંથ સમિતિ –** સંપર્ક - મેહુલભાઈ ભટ્ટ મો.: ૯૪૨૭૨૩૩૪૬૪

○ કેળવણીની કેડીએ - સંપાદક ટીમ : અંજના ચૌધરી, રાહુલભાઈ પટેલ, બિંદુ-પાર્થેશ, ભાવના જાડેજા, હિનાબહેન ગોઠી, નિરુબહેન મેહુલભાઈ ભટ્ટ, પૃષ્ઠ-૨૫૫, પ્રથમ આવૃત્તિ-૨૦૨૪, કિં.રૂ. અમૂલ્ય.

આ પુસ્તકની પ્રસ્તાવના પણ શ્રી મનસુખભાઈ સલ્લાએ લખી છે.

અરુણાબહેને ગ્રામદક્ષિણા મૂર્તિ આંબલામાં પાંચ દાયકા સુધી વિદ્યાર્થીઓ સાથે કામ કર્યું છે. તેમને જેટલો પ્રેમ વિદ્યાર્થીઓ તરફથી મળ્યો છે તેટલો જ પ્રેમ સહકાર્યકરો અને વડીલો તરફથી પણ મળ્યો છે. અરુણાબહેનના પિતા વેલજીભાઈ સ્વાતંત્ર્યસેનાની હતા. તેઓ જુગતરામ દાદાના જમણા હાથ સમા હતા. નારાયણ દેસાઈની ગ્રામશાળાએ વેડછીના અરુણાબહેનના ખરા બંધારણને પોષણ આપ્યું. નિર્ભયતા, સાચ માટે આગ્રહ, મૂલ્યપ્રીતિ, વ્યાપક હિત માટે સ્વહિત ગૌણ ગણવું, એ સઘળું ત્યાંના વાતાવરણમાં હતું, પછી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયના ગૃહમાતા પુષ્પાબહેને તેમને ઘડ્યાં.

પુસ્તકમાં તેમના વિદ્યાર્થીઓએ અરુણાબહેન અને રઘુભાઈને (તેમના પતિ) જેટલા ગૃહ સંચાલક તરીકે એટલા જ ઉત્તમ શિક્ષકો તરીકે યાદ કર્યા છે. પુસ્તક ચાર વિભાગમાં વહેંચાયેલું છે : (૧) વિદ્યાર્થીઓની નજરે અરુણાબહેન (૨) સહકાર્યકરોની નજરે (૩) અરુણાબહેન પરિવાર અને શુભેચ્છકોની નજરે (૪) અરુણાબહેનની નજરે.

અરુણાબહેનનો જન્મ વેડછીમાં ૧૯૩૬માં થયો હતો. પિતાજીએ સ્વરાજ્યની લડતમાં ત્રણ વખત જેલવાસ ભોગવ્યો હતો. તેઓ નારાયણ દેસાઈ અને મોહન પરીખના પહેલા વિદ્યાર્થીઓમાંના એક હતાં. તેઓ નડિયાદમાં ભણતાં હતાં ત્યારે વર્ષ ૧૯૫૪-૫૫માં અખિલ ભારતીય નઈ તાલીમસંઘના અધિવેશનમાં લોકભારતી સણોસરામાં સ્વયંસેવક તરીકે આવ્યાં હતાં. જ્યારે આંબલા આવ્યાં ત્યારે પૂ.નાનાભાઈનું સાંનિધ્ય હતું. સાથોસાથ મનુભાઈ મૂળશંકરભાઈ, બચુદાદા પાસેથી જે કંઈ શીખ્યાં તેનાથી તેમનું વ્યક્તિત્વ ઘડાયું. શરૂઆતમાં પ્રાથમિક શાળામાં અનિલભાઈના માર્ગદર્શનમાં કામ ચાલુ કર્યું. ત્યારબાદ લોકશાળાના કામમાં લાગ્યાં.

અનિલભાઈને યાદ કરતાં અરુણાબહેન લખે છે - ''ત્રીસ-પાંત્રીસ વરસના લાંબા ગાળે અનિલભાઈનો આગવો અને મહત્ત્વનો ગુણ-સાધનશુદ્ધિને યાદ કરવા જેવો છે. કુટુંબજીવન કરતાં પણ સંસ્થાગત જીવનમાં સંસ્થાના ચાલકબળ 'સાધન શુદ્ધિ'ને એમણે ટોચ પર મૂક્યું છે.''

યોગેન્દ્ર વિ. ભટ્ટે અરુણાબહેન વિષે લખ્યું - એમના વતનમાં વેડછી-પ્રવાહમાં, ગાંધીજીવન દર્શન, નઈ તાલીમ અને નવા રાષ્ટ્રનિર્માણના પ્રભાવક સંસ્કારોથી એમના વ્યક્તિત્વનો જાણે કે કાચો હીરો તો બરાબર બંધાઈ જ ગયો હતો. તે પછી ગુજરાત વિદ્યાપીઠ પ્રવાહમાં એ જ હીરા પર ઉચ્ચવિદ્યાના, વ્યાપક રાષ્ટ્રીયતાના અને નવી સમાજરચનાની અને નવ સમાજરચનાની અનેકવિધ શક્યતા સ્પષ્ટતાઓના જાણે કે નવાં પહેલ-પાસાં પંડ્યાં. બાકી રહ્યું હતું તે લોકભારતી દક્ષિણા મૂર્તિના પ્રવાહમાં જોડાવાથી આગળ વધ્યું. અહીં આ હીરા પર વિશેષ પાસાં પોલિશ થયાં.

લોકભારતી-દક્ષિણામૂર્તિમાં સફળ થયેલા શિક્ષણના પ્રયોગો માટે આપણે અનિલભાઈ ભટ્ટને યાદ કરીએ છીએ. આવી સફળતા પાછળ પાયામાં ખૂંપી જનારા અરુણાભાઈ રઘુભાઈ જેવા ઘણા કાર્યકરો છે.

'કેળવણીની કેડીએ' પુસ્તક આવાં ખૂંપી ગયેલાં દંપતીના જીવનનો આછેરો પરિચય આપે છે. આશ્રમશાળાના શિક્ષકોએ ખાસ વાંચવું જોઈએ.

## કાલ્પનિક સંવાદો રૂપે..

(પાન ૧૬નું ચાલુ)

જાહેર કાર્યક્રમો કરીને, અમારા ઐતિહાસિક નેતાઓની ઊંચી અને વિશાળ પ્રતિમાઓ બનાવીને, મહાકુંભ જેવા અમારા પ્રાચીન ઉત્સવો ઊજવીને.... (પૃ.૧૬૦)


**સોક્રેટિસ** : જો તમારા મહાન રાષ્ટ્રના (...) લાખો લોકો ગરીબીથી પીડાય છે. જો બાળકોને યોગ્ય શિક્ષણનો અભાવ હોય, જો હૉસ્પિટલો ઓછી હોય ને સગવડો અપૂરતી હોય તો નેતાઓએ શું કરવું જોઈએ? ભવ્ય પ્રતિમાઓ બનાવવી જોઈએ અને મહાકુંભનું આયોજન કરવું જોઈએ કે શિક્ષણ અને આરોગ્ય-સંભાળમાં રોકાણ કરવું જોઈએ? (પૃ. ૧૬૭)

**સોક્રેટિસ** : મને કહો, શું કોઈ શાણો માણસ માત્ર બડાશો હાંકીને તેના શાણપણને સાબિત કરે કે તેનાં કાર્યો દ્વારા તેનું પ્રદર્શન કરીને? (પૃ.૧૬૮)

જોઈ શકાશે કે, સોક્રેટિસના ઉદ્‌ગારોમાં લેખકનો પોતાનો, મોકળાશવાળો પણ વિવેચનાત્મક અભિપ્રાય પણ પ્રગટ થતો રહે છે. પરંતુ એકંદરે આ પુસ્તકના સોક્રેટિસ વિનીત છે, સમજાવટને માર્ગે સામેનાને એના મતની ફેરવિચારણા કરવા પ્રેરે એવી તર્કનિષ્ઠાવાળા છે.

વિવિધ સમસ્યાઓ અંગે ચર્ચા-ઊહાપોહ કરતા આ પુસ્તકને શુષ્કતાથી દૂર રાખવા લેખકે સોક્રેટિસનાં શૈલી-લઢણો ઉપરાંત એક બીજી કલ્પનાશીલ કાળજી પણ રાખી છે એ ધ્યાનપાત્ર છે. આ સંવાદો સ્વર્ગમાં રચાયા છે. એટલે દરેક વાર્તાલાપ શરૂ થાય એ પહેલાં-'સોક્રેટિસ સ્વર્ગના નયનરમ્ય બગીચાના વૃક્ષની છાયામાં કે આરસની બેન્ચ પર બેઠેલા છે', કે 'ટહેલી રહ્યા છે' ને 'એમનો પરિચિત ભારતીય મુસ્લિમ' કે 'તેમના ચિર પરિચિત પ્રખર હિંદુત્વવાદી મિત્ર'.. આવીને વાતે વળગે છે એવી જીવંત ભૂમિકા રચી છે એટલું જ નહીં, એક જગાએ તો, સંવાદ પૂરો થયે 'આ વાર્તાલાપ પછી બંને વિદ્વાનો હસતાહસતા સ્વર્ગની કેન્ટિનમાં ચા પીવા જાય છે' (પૃ.૧૪૩) - એવું હળવું દૃશ્ય પણ રચ્યું છે!

તર્કનો તંતુ ન છોડતાં આ સંવાદોના આરંભ-અંતના બંને છેડા લેખકે આમ લહેરાતા ને ભારમુક્ત રાખ્યા છે એ એમની શૈલી પુસ્તકના વાચનને જેટલું વિચાર-પ્રેરક એટલું જ પ્રાસાદિક ને પ્રવાહી રાખશે, એવી પતીજ પડે છે.




લેખક : પ્રવીણ જ. પટેલ
પૃષ્ઠ-૧૭૨, મૂલ્ય રૂ. ૩૫૦/-.
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : ઝેન ઓપસ, હિંગળાજ માતાના કંપાઉન્ડમાં જૂની હાઈકોટ, મેટ્રો સ્ટેશન પાસે, નવરંગપુરા પોલીસ સ્ટેશન ગલી, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૫૬૧૧૧૨

**- રમણ સોની**

(૭૫ વર્ષના શ્રી રમણભાઈ સોની વિવેચક, સંપાદક, લેખક છે. પેટલાદની આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજના નિવૃત્ત અધ્યાપક, એમ.એસ.યુનિ.માં રીડર તેમજ પ્રોફેસર તરીકે સેવાઆ આપી ચૂક્યા છે.)

## મનને જાણીએ...

(પાન ૩નું ચાલુ)

પરસ્પર એકબીજા પર અસર પડે છે. પરંતુ મુખ્ય સમજવાનું એ છે કે આપણે આ બંનેથી જુદા છીએ, આપણે ત્રીજા જ છીએ.

આપણે આ જે સમજીએ છીએ કે ચિત્ત અંદર છે, અને દુનિયા બહાર છે - તે યોગ્ય નથી. જેમ દુનિયા બહાર છે તેમ ચિત્ત પણ બહાર છે. દુનિયાની અસર મન પર અને મનની અસર દુનિયા પર થાય છે. પરંતુ આપણે તો આ બંનેથી ભિન્ન એવા ત્રીજા જ છીએ. સામાન્ય રીતે આ ત્રીજાની ઓળખ થતી નથી અને ત્યાં જ આ આખો મામલો અટકી ગયેલો જોવા મળે છે. મન અને બહારની સૃષ્ટિ આ બંને બહાર છે. હવે આમાં કોની અસર કોના પર થાય છે તે વસ્તુ ગૌણ છે. આપણે આ બંનેથી ભિન્ન છીએ, એ મહત્ત્વની વાત સમજવાની જરૂર છે.

પંચમહાભૂત, મન, બુદ્ધિ, અહંકાર મળીને અષ્ટધા પ્રકૃતિ બને છે. આ જડ પ્રકૃતિ છે. માઇન્ડ અને મેટરવાળઓનો આ જ વિષય છે. જે માઇન્ડ અને મેટર - બંનેને માને છે તે આઇડિયાલિસ્ટ છે અને જે કેવળ મેટરને જ માને છે તે મટેરિયાલિસ્ટ છે - આવું આજકાલ માનવામાં આવે છે. હવે આનો ઉત્તર આ જ છે કે મેટર પણ મેટર છે અને માઇન્ડ પણ મેટર છે. આપણે તો આ બંનેની ગણતરી એક જ પ્રકૃતિમાં કરીશું. મન-બુદ્ધિ-અહંકાર એ આપણું અંદરનું જગત છે અને આ પંચમહાભૂતાત્મક સૃષ્ટિ છે તે બહારનું જગત છે. હવે આત્માની દષ્ટિએ આ બંનેની ગણતરી બહાર જ રહેવાની.

સૃષ્ટિનું મન બન્યું છે કે મનની સૃષ્ટિ બની છે - આવી ચર્ચાઓ ચાલ્યા કરતી હોય છે. સૃષ્ટિનું મન બન્યું છે, આ વિષયમાં કોઈ ભ્રમિત માણસ સિવાય કોઈને પણ લેશ માત્ર શંકા નથી. જો મનની સૃષ્ટિ બની હોત, તો પછી કોને સૃષ્ટિકર્તા ઈશ્વરની જરૂર પડત ? આ બંનેથી ભિન્ન આત્મા તો શેષ રહે છે. સૃષ્ટિ અને મન આ બંનેને આકાર આપનાર ત્રીજી વસ્તુ આત્માનો આપણે વિચાર જ ન કરીએ તો સમાજરચનાના નિર્માણમાં પડવાના કારણે સદ્‌ગુણોનું સ્વતંત્ર મહત્ત્વ રહેતું નથી.

સૃષ્ટિથી ચિત્ત બન્યું છે કે ચિત્તથી સૃષ્ટિ બની છે - આ બંને દર્શન બહારનાં છે. આમાંથી કોઈ આઇડિયાલિસ્ટ ધ્યેયવાદી નથી. જે માને છે કે મનને અનુસાર સૃષ્ટિ હશે, તેઓ પણ આત્મા સુધી પહોંચ્યા નથી. હકીકતમાં આમાંથી કોઈ ધ્યેયવાદી નથી. આજની ભાષામાં કહેવું હોય તો બંને મટેરિયાલિસ્ટ છે. મન અને સૃષ્ટિ આ બંને પ્રકૃતિનાં જ અંગ છે.

(ક્રમશઃ)

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં૰ મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.

# દર્પણમાંનો ચહેરો

**ના**ની હતી ત્યારથી સુહાના નાના-નાની પાસે જ વધારે રહી. સુહાનાના જન્મ પછી કાદંબરીની તબિયત નરમ-ગરમ રહેતી. એને આરામ મળી રહે એમ સમજીને મા-બાપ નાનકડી સુહાનાને પોતાની સાથે લઈ ગયેલાં. પછી તો એને ત્યાં એટલું ગોઠી ગયેલું કે, પાછા આવવાનું નામ જ નહોતી લેતી. ભાર્ગવ અને કાદંબરી માંડ એને પાછી લઈ આવેલાં. ભલે નછૂટકે આવવું પડ્યું પણ સુહાના દિવસમાં દસ વાર એમને યાદ કરતી રહેતી.

પરણીને સાસરે જવાની વેળા આવી ત્યારે સૌથી વધુ દુઃખ એને આ બે વહાલસોયાં વૃદ્ધોને છોડવાનું થયેલું. હવે તો એ બે સંતાનોની મા થઈ ગઈ અને પોતાના સંસારમાં ગળાડૂબ રહેવા લાગી પણ તોયે નાનુ-નાનીની ચિંતા કરતી રહેતી. એમાં પણ જ્યારથી નાનીનું અવસાન થયું ત્યારથી એને સાવ એકલા પડી ગયેલા નાનુની બહુ ફિકર રહેતી. લગભગ રોજ ફોન કરીને એ એમના ખબર પૂછતી રહેતી. એક દિવસ એણે કાદંબરીને કહ્યું, ''મા, હવે નાનુને હાલવા-ચાલવા અને ખાવા-પીવાની બહુ તકલીફ પડે છે. તું ને પાપા તો સાવ એકલાં છો, ઘર પણ મોટું છે. નાનુને તમારી સાથે જ રાખો તો!''

''હં? હા, વાત તો સાચી, પણ મારે તારા પાપાને વાત તો કરવી પડે ને? એની મરજી પણ જાણવી પડે ને?'' કાદંબરી કંઈક થોથવાતાં બોલી.

ત્યારથી માંડીને બે દિવસ થાય ન થાય કે, સુહાનાનો ફોન આવતો, ''મા, શું થયું, પાપાને વાત કરી? મને ખાતરી છે કે, એમણે ના નહીં જ પાડી હોય.''

''પણ મેં હજી વાત જ નથી કરી. એ હમણાં ઑફિસના કામમાં બહુ બીઝી રહે છે એટલે... ''મા, આટલી અમસ્તી વાત કરવા માટે કંઈ દિવસો સુધી રાહ થોડી જોવી પડે? તું વાત કરીશ કે પછી...''

''ના, ના, આજે જરૂર કહીશ.'' કાદંબરી ગભરાઈને બોલી. પતિને વાત ન કરી શકવાનું કારણ એ દીકરીને નહોતી કહી શકતી પણ પોતાને તો કરેલી ભૂલનો ડંખ સતાવતો જ હતો. દીકરીનો ફોન મૂક્યા પછી એની નજર સામે ભૂતકાળ સજીવન થઈ ગયો.

પોતાના ઘડપણના આધાર એવા એકના એક દીકરા ભાર્ગવને પરણાવીને વહુને ઘરમાં આવકાર આપ્યો ત્યારે સાસુનો હરખ માતો નહોતો. એના મનમાં વહુ માટે શું નું શું કરવાના અરમાન હતા. આમ તો કાદંબરીને પણ સાસુ માટે કશી ફરિયાદ નહોતી પણ જ્યારે જાણ્યું કે, સાસુએ પોતાના પિયરની બધી સંપત્તિ દીકરીને નામે લખી દીધી છે ત્યારથી એનું વલણ સાવ બદલાઈ ગયું હતું. ભાર્ગવે ઘણું સમજાવવાની કોશિશ કરી, ''તું સમજતી કેમ નથી? એ માની પિયરની ચીજ-વસ્તુઓ હતી. એની મરજી હોય એને આપે. બાપુની કમાયેલી માલ-મિલકત એણે ક્યાં આપી દીધી છે?''

પણ કાદંબરી કંઈ સાંભળવા તૈયાર જ નહોતી.

''માએ જેને બધું આપી દીધું છે એ એમની સેવા કરશે. હું શા માટે કરું?'' એમ કરીને ભાર્ગવની ઘણી અનિચ્છા છતાં એણે ગમે તેમ કરીને સાસુને નણંદને ઘરે વળાવી દીધેલાં. એક દિવસ ભાર્ગવે ઑફિસેથી આવીને કહ્યું હતું, ''દીદીનો ફોન હતો કે, હમણાંથી માની તબિયત સારી નથી રહેતી. એ બહુ યાદ કરે છે. ચાલ, આપણે કાલે જઈને એને મળી આવીએ.''

કાદંબરીને લોકલાજે બીમાર સાસુને મળવા જવું પડેલું. ભાર્ગવે જોયું કે, મા સાવ કૃશ થઈ ગઈ હતી. પથારીમાં બેઠી થવા જાય ત્યાં પણ હાંફી જતી હતી.

''મા, કેમ છે તને?''

''બેટા, હવે હું કંઈ લાંબું કાઢવાની નથી, પણ મારો જીવ એ ઘરમાં અટકેલો છે જ્યાં હું પરણીને આવી હતી. વળી છતે દીકરે દીકરીના ઘરેથી મારી નનામી નીકળે તો મારો જીવ અવગતે જશે. આવ્યો છે તો મને તારી ભેગી લઈ જજે હં બેટા!''

''હા મા, જરૂર લઈ જઈશ. બે દિવસમાં તને લઈ જવાની વ્યવસ્થા કરી લઉં.'' પતિ સાથે એકાંત મળતાં કાદંબરી તાડૂકી, ''માને 'લઈ જઈશ' એમ કહેતાં પહેલાં મને પૂછ્યું? હું તમારી માની સેવા કરવાની નથી. તમારાથી થાય એ કરી લો.''

સાસુ પાસે જઈને ગંભીર મુખમુદ્રા કરીને એણે કહેલું, ''મા, તમને લઈ જવાની અમારી ઘણી ઇચ્છા છે પણ આપણા ફેમિલી ડૉક્ટરને પૂછ્યું તો એ કહે કે, આવી સ્થિતિમાં લાવવા જશો તો એમને રસ્તામાં જ કંઈ થઈ જશે. તમારી તબિયત થોડી સારી થાય એટલે તરત આવીને લઈ જઈશું.''

વિદાય આપતી વખતે મા 'જલદી આવજે હોં બેટા, મારાથી હવે વધુ રાહ નહીં જોવાય' એમ કહેવા લાગી ત્યારે ભાર્ગવની આંખો આંસુથી છલકાઈ ગઈ. ત્યાંથી આવ્યાને હજી ચાર દિવસ પણ નહોતા થયા ને માના અવસાનના સમાચાર મળ્યા. મા ગઈ ત્યારથી ભાર્ગવ પત્ની સાથે ખપ પૂરતી જ વાત કરતો. અચાનક ફોનના સ્ક્રીન પર કાદંબરીએ સુહાનાનું નામ જોયું. એને ખબર હતી કે, એનો ફોન શા માટે આવ્યો છે.

''હું કાલે સવારના ચોક્કસ તારા પાપા સાથે વાત કરીશ. આજે તો એ મોડા આવવાના છે.'' ખૂબ હિંમત ભેગી કરીને એણે નક્કી કર્યું કે, કાલે તો ભાર્ગવને પૂછી જ લેવું. આ પાર કે પેલે પાર, જે થાય તે.

સવારે ઊઠીને જોયું તો ભાર્ગવ ઘરમાં નહોતો. એણે ચા બનાવીને પીધી હશે એ કપ-રકાબી પડેલાં હતાં. છેલ્લા થોડા દિવસથી આમ જ થાય છે. એ ઊઠે એ પહેલાં ભાર્ગવ ઘરમાંથી નીકળી જાય છે. ક્યાં જાય છે, ક્યારે આવશે એ કંઈ કહેતો નથી પણ સાંજે ઑફિસેથી પાછા ફરવાના સમયે આવી જાય છે. આજે પણ સાંજે સાત વાગ્યે દરવાજાની બેલ વાગી. એણે બારણું ખોલ્યું તો સામે ભાર્ગવ અને સુહાનાના ખભાનો સહારો લઈ બાપુ ડગુમગુ આવ્યા અને સોફા પર બેસી પડ્યા.

''બેટા, ભાર્ગવ મને યમરાજને ઘરેથી પાછો લાવ્યા છે. આટલા દિવસથી હું હૉસ્પિટલના બિછાને પડ્યો હતો.'' આજુબાજુ ઊભેલા બધાની પરવાહ કર્યા વિના કાદંબરી ભાર્ગવને ભેટી પડી ત્યારે એની આંખમાંથી નીતરી રહેલાં આંસુ માફી માગી રહ્યાં હતાં. પ્રાયશ્ચિત્તથી ધોવાયેલો ચહેરો સામેના દર્પણમાં નીતર્યો લાગતો હતો.

(કાવાલપલ્લી ચંદ્રશેખર શર્માની તેલુગુ વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**